Tuesday, 09 June 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906



તમારા સૌપ્રથમ વૃત્તિ છે ક્યારેય અન્યને નુકસાન ન કરવું.

- મહાત્મા ગાંધીજી

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૧૮૧ ● સંવત-૨૦૮૨ અધિક જેઠ વદ નોમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

# દાદરા ગામમાં અજાણ્યા વ્યક્તિઓએ ઘરમાં ઘુસી યુવાનની નિર્મમ હત્યા કરતા ફિટકાર







મૃતક પ્રિતેશ પટેલની ફાઈલ તસવીર

## ટેમ્પો ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા પ્રિતેશ પટેલનું હત્યારાઓએ કોઈક તીક્ષ્ણ હથિયાર વડે હૂમલો કરી નિપજાવેલું મોતઃ સમગ્ર દાનહમાં મચેલી ભારે ચકચાર

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૮**

દાદરા નગર હવેલીના દાદરા ગામમાં દેમણી રોડ સ્કૂલ ફળિયામાં રવિવારની મોડી રાત્રિએ ચાર અજાણ્યા વ્યક્તિ ઘરમાં ઘુસી તીક્ષ્ણ હથિયાર વડે યુવાનની હત્યા કરી ફરાર થઈ ગયા હોવાની ઘટના પ્રકાશમાં આવતા સમગ્ર દાનહમાં ભારે ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે પ્રિતેશ પટેલ (ઉ.વ.૩૫) રહેવાસી સ્કૂલ ફળિયા દેમણી રોડ, જેઓ ટેમ્પો ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. રવિવારની મધ્યરાત્રિના એકથી દોઢ વાગ્યાના સુમારે ચાર અજાણ્યા વ્યક્તિ પ્રિતેશ પટેલના ઘરમાં ઘુસી ગયા હતા અને પ્રિતેશ સુતા હતા ત્યારે એમના પર તીક્ષ્ણ હથિયાર વડે અજાણ્યા લોકોએ હુમલો કરી દીધો હતો. આ ઘટના સમયે એમની ધર્મપત્નીએ બચાવવાનો પ્રયાસ કરવા જતા તેઓને પણ ગંભીર ઈજા પહોંચાડી ઘાયલ કર્યા હતા અને કંઈ સમજે તે પહેલા તો હુમલાખોરો ફરાર થઈ ગયા હતા.

આ હિચકારા જીવલેણ હુમલાની ક્રૂરતા એ સંકેત આપે છે કે હુમલાખોરો કોઈક વિશેષ ઉદ્દેશ્ય સાથે આવ્યા હતા. હુમલા બાદ પ્રિતેશનું ઘટના સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત થયું હતું.

ઘટનાની જાણ દાદરા પોલીસ મથકે કરાતા પોલીસ કર્મચારીઓની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને સમગ્ર ઘટનાનું નિરીક્ષણ કર્યુ હતું. પોલીસે મૃતદેહનો કબ્જો લઈ પોસ્ટમોર્ટમ માટે નમો હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

આ હત્યાકાંડના પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે અને સમગ્ર દાનહમાં કાયદાના રાજમાં હત્યા થતાં લોકોમાં ભારે ભયનો માહોલ ફેલાઈ જવા પામ્યો છે. મૃતકના પરિવારજનોએ એસ.પી. સમક્ષ હત્યામાં સંડોવાયેલ આરોપીઓને તાત્કાલિક ઝડપી પાડી કડક સજા કરવાની માંગ કરી છે. દાદરા પોલીસ દ્વારા વિવિધ પાસાઓને ધ્યાનમાં લઈ વધુ તપાસ હાથ ધરી છે અને અજાણ્યા આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

# દાદરા નગર હવેલીમાં લાઈટબિલમાં અચાનક ધરખમ વધારો થતાં ગ્રાહકોમાં આક્રોશ

## ટોરેન્ટ પાવરે વીજળી બિલમાં એફપીપીસીએ ચાર્જને ૪.૭૦ ટકાથી વધારી ૧૭.૨૭ ટકા કરતા ગ્રાહકો ઉપર પડેલો આર્થિક બોજ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૮**

દાદરા નગર હવેલીમાં ટોરેન્ટ પાવર દ્વારા લાઈટબીલોમાં અચાનક વધારો કરી દેતાં સામાન્ય જનતા, મજૂરવર્ગ, મધ્યમવર્ગીય પરિવાર અને નાના વેપારીઓ પરેશાન થયા છે. હાલમાં જારી કરવામાં આવેલ વીજળી બિલમાં એફપીપીસીએ ચાર્જને ૪.૭૦ ટકાથી વધારી ૧૭.૨૭ ટકા કરી દેવામાં આવ્યો છે. જેના કારણે વીજળી વપરાશકર્તાના બિલોમાં સીધો ચારગણો વધારો થયો છે. જેના કારણે લોકોમાં આર્થિક બોજ વધી ગયો છે.

એક તરફ પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજીના ભાવોમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે તેની સાથે વીજ બિલમાં પણ કરાયેલા ધરખમ વધારાના કારણે સામાન્ય માણસની કમર તૂટી રહી છે. તેવામાં આવી રીતે વધારાથી જનતા સાથે અન્યાય છે ટોરેન્ટ પાવરે આ વધારા અંગે સ્પષ્ટ કારણ જનતા સામે મુકવું જોઈએ અને વધારવામાં આવેલ વધારાના ભાવને તાત્કાલિક પરત લેવા જોઈએ.

સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે આક્ષેપ પ્રતિ આક્ષેપ કરવામાં આવી રહ્યા છે અને દમણમાં જ્યારે જેઈઆરસીની મિટિંગ થઈ હતી તે સમયે કેમ કોઈ જનતાના પ્રતિનિધિઓ દ્વારા અવાજ ઉઠાવવામાં નહીં આવ્યો? તેવા સવાલો ઉઠી રહ્યા છે.

હાલમાં તો આ વીજ બિલમાં થયેલ ભાવ વધારાને કારણે પ્રદેશવાસીઓ પરેશાન થઈ રહ્યા છે અને આ ભાવવધારો પાછો ખેંચવામાં આવે એવી માંગ કરી રહ્યા છે.

# ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ નિમિતે દાનહમાં લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરાયેલું વૃક્ષારોપણ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૮**

૫મી જૂન, ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ના ઉપલક્ષમાં લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત લાયન્સ ઈંગ્લીશ સ્કૂલ, શ્રીમતી દેવકીબા મોહનસિંહ ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ અને હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ દ્વારા સંયુક્ત રૂપે પર્યાવરણ સંરક્ષણ, જનજાગૃકતા અને સતત વિકાસને સમર્પિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો શુભારંભ અતિથિઓને છોડ આપી સ્વાગત કર્યા બાદ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત દરેકે પ્લાસ્ટિક ઉપયોગમાં કમી, જળ સંરક્ષણ અને ઈંધણ સંરક્ષણ માટે શપથ લીધા હતા. ત્યારબાદ શાળા અને કોલેજ પરિસરમાં ઉપસ્થિત અતિથિઓ અને શિક્ષકો તથા વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ અવસરે ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા માટી, જૈવિક ખાતર અને બીજની સહાયતાથી તૈયાર કરવામાં આવેલ ૪૨૦૦ સીડ્સ બોલ્સનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાના અધ્યક્ષ શ્રી ફત્તેહસિંહ ચૌહાણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, પ્રકૃતિ સંરક્ષણ ફક્ત એક અભિયાન નહીં પરંતુ જીવનનો સતત સંકલ્પ છે. ગત ૧૧ વર્ષોથી શાળા દ્વારા પ્રત્યેક શિક્ષકોના જન્મદિવસ નિમિત્તે એક છોડ ભેટ આપવાની પરંપરા નિભાવવામાં આવી રહી છે. હવે પછી દરેક શિક્ષક જન્મદિવસ પર પોતે એક છોડ લાવી એને રોપશે અને એના સંરક્ષણની જવાબદારી પણ નિભાવશે.

આ અવસરે ટ્રસ્ટના સંયુક્ત સચિવ શ્રી જયેન્દ્રસિંહ રાઠોડ, કોષાધ્યક્ષ શ્રી વિશ્વેશ દવે, કાર્યકારિણી સભ્ય શ્રી અભિષેકસિંહ ચૌહાણ, ડૉ. અનુકૂલ નિકમ, શાળા કોલેજના આચાર્ય, શિક્ષકો સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વિશ્વ પ્રસિદ્ધ કથાકાર મેહુલભાઈ જાની બાપુના સાંનિધ્યમાં

# દમણમાં પ્રથમ વખત આજથી કુંતેશ્વર મહાદેવ મંદિરમાં બાર જ્યોતિર્લિંગની કથાનું આયોજન

## આજે સોમનાથ ખાતે દમણ જિ.પં. ઉપ પ્રમુખ રીનાબેન અને પ્રદેશ ભાજપ ઓબીસી મોરચાના અધ્યક્ષ હરિશભાઈ પટેલના નિવાસ સ્થાનેથી બપોરે ૦૩:૦૦ વાગ્યે પોથીયાત્રા નિકળશે

**આંતરરાષ્ટ્રીય કથાકાર મેહુલ જાની બાપુ કથામાં ભગવાન શિવના બારેય જ્યોતિર્લિંગોનો મહિમા ઈતિહાસ અને આધ્યાત્મિક રહસ્યનું પોતાની આગવી છટામાં વર્ણન કરશે**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૮**

આવતી કાલ તા.૯મી જૂનના રોજથી ૧૫મી જૂન સુધી દમણ નજીક કુંતેશ્વર ધામમાં વિશ્વ પ્રસિદ્ધ કથાકાર શ્રી મેહુલભાઈ જાની બાપુ (ખેરગામવાળા)ના સુમધુર કંઠે શ્રી બાર જ્યોતિર્લિંગની કથા અને રૂદ્રાભિષેકનો ભવ્ય આરંભ થઈ રહ્યો છે. વિશ્વ પ્રસિદ્ધ કથાકાર પ.પૂ. મેહુલભાઈ જાની બાપુની ૩૩૩મી કથાના મંગળ મહોત્સવનો પ્રારંભ આવતી કાલ તા.૯મી જૂનના મંગળવારના રોજ બપોરે ૩:૦૦ વાગ્યે પોથીયાત્રા દમણ જિલ્લા પંચાયતના ઉપ પ્રમુખ શ્રીમતી રીનાબેન અને પ્રદેશ ભાજપ ઓ.બી.સી. મોરચાના અધ્યક્ષ શ્રી હરિશભાઈ પટેલ પરિવારના નિવાસ સ્થાન સોમનાથ રોડ ફળિયાથી ઢોલ નગારા અને બેંડવાજા સાથે કાઢવામાં આવશે. આ પોથીયાત્રામાં દમણમાં પ્રથમ વાર વિરાટ હનુમાનજીના દર્શનનો લાભ પણ ભાવિક ભક્તોને મળશે.

૯મી જૂનથી ૧૫મી જૂન સુધી અધિક જ્યેષ્ઠ પવિત્ર પુરૂષોત્તમ માસમાં યોજાનારી ૧૨ જ્યોતિર્લિંગની કથામાં આંતરરાષ્ટ્રીય કથાકાર પ.પૂ. શ્રી મેહુલભાઈ જાની બાપુ પોતાના અસ્ખલિત વાણીપ્રવાહમાં ભગવાન શિવના બારેય જ્યોતિર્લિંગોની મહિમા ઈતિહાસ અને આધ્યાત્મિક રહસ્યોનું વર્ણન કરશે. સનાતન ધર્મના મૂલ્યો, શિવભક્તિ અને આધ્યાત્મિક જીવન વિશે પણ માર્ગદર્શન આપશે.

દમણ અને કુંતેશ્વર ધામના ઈતિહાસમાં બાર જ્યોતિર્લિંગની કથા સાથેનો શિવ મહોત્સવ પ્રથમ વખત યોજાઈ રહ્યો હોવાથી ભક્તોમાં પણ આનંદ અને ઉત્સાહનું વાતાવરણ છે. કથા દરમિયાન દરરોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો તથા મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવી રહ્યું હોવાનું આયોજકો દ્વારા જણાવાયું છે.

આવતી કાલે સોમનાથ ખાતે શ્રીમતી રીનાબેન અને શ્રી હરિશભાઈ પટેલના નિવાસ સ્થાનેથી પ્રસ્થાન થનારી પોથીયાત્રામાં જોડાવા ભાવિક ભક્તોનો ઉત્સાહ ખુબ દેખાઈ રહ્યો છે અને પોથીયાત્રાનું પવિત્રતાની સાથે કુંતેશ્વર મહાદેવ મંદિર ખાતે સમાપન કરાશે.

# સરકારી કોલેજ, દમણની વિદ્યાર્થીની ખલિફા ઝેબાબાનુ પી.એચ.ડી. થયા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૮**

દમણની સરકારી કોલેજની વિદ્યાર્થીની ખલિફા ઝેબાબાનુ મહેફુઝઅલી દ્વારા રસાયણશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ડૉ. અમિતકુમાર પટેલના માર્ગદર્શન હેઠળ રસાયણશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી.નો અભ્યાસસ ફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે. તેમના સંશોધન કાર્યનું શીર્ષક ‘ઈન્વેસ્ટિગેશન ઓફ સિન્થેટિક સ્ટ્રેટેજીસ એન્ડ બાયોલોજીકલ પોટેન્શ્યલ ઓફ ન્યૂહીટરોસાયક્લિક સ્કેફોલ્ડ્સ’ છે. પી.એચ.ડી. સંશોધન દરમિયાન, તેમણે કુલ ૧૧ સંશોધન પત્રો અને ૨ પુસ્તક પ્રકરણો અત્યંત પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય જર્નલો અને પુસ્તકોમાં પ્રકાશિત કર્યા છે. આ સિદ્ધિ માટે ડૉ. ઝેબાબાનુ ખલિફાને લોકો ખુબ અભિનંદન પાઠવી રહ્યા છે.

અત્રે નોંધનીય છે કે એક મહિનાની અંદર જ દમણની સરકારી કોલેજમાં ડૉ. અમિતકુમાર પટેલના માર્ગદર્શન હેઠળ પી.એચ.ડી.નો અભ્યાસ પૂર્ણ કરનાર આ બીજી વિદ્યાર્થીની છે. હાલમાં દમણની સરકારી કોલેજમાં સ્નાતકથી લઈને પી.એચ.ડી.નો અભ્યાસ થઈ શકે તેવી તમામ સુવિધા ઉપલબ્ધ છે. જે સંઘપ્રદેશના વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ છે.



# વિશ્વ પર્યાવરણ દિવસ પર, નાઈટિંગલ ફાઉન્ડેશને ‘માતા માટે એક વૃક્ષ’ થીમ હેઠળ કરેલું વૃક્ષારોપણ

## નાઈટિંગલ ફાઉન્ડેશનના પ્રમુખ પ્રતિભાતાઈ એમ. સ્માર્ટે સભ્યોને તેમના અડોશ-પડોશ, સોસાયટી, ચાલ, કાર્યસ્થળો અથવા જ્યાં પણ યોગ્ય જગ્યા ઉપલબ્ધ હોય ત્યાં શક્ય તેટલા વધુ વૃક્ષો વાવવા કરેલી અપીલ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**દમણ, તા.૦૮:** ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ની ઉજવણી માટે, નાઈટિંગલ ફાઉન્ડેશન, દમણની કારોબારી સમિતિએ નાની દમણમાં આલ્ફા વિલા સોસાયટી ખાતે ‘માતા માટે એક વૃક્ષ’ થીમ હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સભ્યો અને સ્થાનિક નાગરિકોએ ભાગ લીધો હતો.



આ પ્રસંગે, નાઈટિંગલ ફાઉન્ડેશનના પ્રમુખ શ્રીમતી પ્રતિભાતાઈ એમ. સ્માર્ટે ઉપસ્થિત સભ્યોને તેમના પડોશ, સોસાયટી, ચાલ, કાર્યસ્થળો અથવા જ્યાં પણ યોગ્ય જગ્યા ઉપલબ્ધ હોય ત્યાં શક્ય તેટલા વધુ વૃક્ષો વાવવા અપીલ કરી હતી. તેમણે ઘરના બગીચા, રસોડાના બગીચા અને ટેરેસ બગીચા(જેમની પાસે ઉપલબ્ધ હોય) વિકસાવવા અને પ્લાસ્ટિક મુક્ત ભારત માટેના સંકલ્પને સમર્થન આપવા હાકલ કરી હતી.

પ્રમુખ શ્રીમતી પ્રતિભાતાઈ એમ. સ્માર્ટ સાથે ઉપ પ્રમુખ સોનાલી અલોની, મહામંત્રી સંધ્યા પટકી, ખજાનચી વૈશાલી પવાર, સંયુક્ત સચિવ મનસ્વી શિંદે અને કન્વીનર અર્ચના પખાલે, અન્ય કારોબારી સમિતિના સભ્યો અને પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

આ અવસરે નાઈટીંગલ ફાઉન્ડેશને પર્યાવરણ સંરક્ષણને એક જન ચળવળ બનાવવાની અને આગામી ચોમાસામાં મોટા પાયે વૃક્ષારોપણ ઝુંબેશ શરૂ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.




## સુવિચાર - સદ્‌વિચાર

એવા લોકો સાથે સંબંધ તૂટી જાય તો અફસોસ ના કરવો જે વારંવાર એકની એક ભૂલ કર્યા કરે અને પોતાની ભૂલ હોવા છતાં કબુલો નહી અને ઊલટું આપણને દોષિત ઠેરવે

## કવિતા-ભજન-પદ-ગરબા

### ખોલી શકે ન કોઈ એવાં બંધ દ્વાર છે

ખોલી શકે ન કોઈ એવાં બંધ દ્વાર છે
સંબંધ એક વહેમભર્યો અંધકાર છે.

એણે અબોલા આંખમાં આંજી દીધા ભલે
એ પાંપણોને તે છતાંય ઈન્તજાર છે

આંખો અમારા આંસુઓને રોકતે નહીં
એને ખબર જો હોત કોઈ લૂછનાર છે

સંબંધ કોણ જાણે કેમ ગાઢ થઈ ગયો
મારું અને મરણનું મિલન પહેલી વાર છે

- મેઘબિંદુ

## આજની જોક

ભૂરો જ્યોતિષને ત્યાં ગયો,
જ્યોતિષ હાથ જોઈને : એકાદ વર્ષ તકલીફો પડશે.
ભૂરો : પછી તો બધું એકદમ ઠીક થઈ જશે?
જ્યોતિષ : ના રે ના, પછી તમે એનાથી ટેવાઈ જશો.

## કબીર વાણી

**કહેતા હું કહે જાત હું, સુનતા હય સબ કોય;**
**રામ કહે ભલ હોયગી, નહિ તો ભલા ન હોય.**

**- અર્થાત-**

માટે હું જે કહું છું ને જે શિક્ષણ મુકી જાઉં છું તે તમો સર્વ પૂર્ણ ધ્યાનથી સાંભળજો; તે એજ કે ઈશ્વરનું નામ લેવાથીજ કલ્યાણ થશે, નહિ તો કદી ભલું થવાનું નથી, અર્થાત દુનિયવી વસ્તુઓથી ખરૂં સુખ મળી શકતું નથી.

## આજનો દિન વિશેષ

### પી.યુ. ચિત્રા

પલક્કીઝિલ ઉન્નીકૃષ્ણન ચિત્રા (જન્મ ૯ જૂન ૧૯૯૫) એક ભારતીય મધ્યમ-અંતરની દોડવીર છે જે ૧૫૦૦m અંતરમાં નિષ્ણાત છે. તેણીએ ૨૦૧૬ સાઉથ એશિયન ગેમ્સ અને ૨૦૧૭ એશિયન ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ અને ૨૦૧૮ એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ જીત્યો હતો. તેણીએ ૨૦૧૯ દોહા એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો

ચિત્રાનો જન્મ ૯ જૂન ૧૯૯૫ના રોજ કેરળના પલક્કડ જિલ્લાના મુંડુર ખાતે એક દંપતીને ત્યાં થયો હતો જેઓ રોજીરોટી મજૂર તરીકે કામ કરતા હતા. નાનો માસિક સહાય રૂ. ૬૦૦ [૮.૧૫ ડોલર આશરે] અને રૂ. કેરળ સ્પોર્ટ્સ કાઉન્સિલ તરફથી ૨૫ પ્રતિ દિવસ [અંદાજે ૦.૩૪ ડોલર] તેને મુંડુર હાયર સેકન્ડરી સ્કૂલમાં અભ્યાસ કરતી વખતે તેની તાલીમ ચાલુ રાખવામાં મદદ કરી. ચિત્રાએ ભારત માટે મેડલ જીત્યા હતા અને ૨૦૧૩માં બે ટાટા નેનો કાર પણ જીતી હતી જ્યારે તેણીએ ઈટાવા (ઉત્તર પ્રદેશ)માં નેશનલ સ્કૂલ એથ્લેટિક્સ મીટ અને કેરળ સ્ટેટ સ્કૂલ મીટમાં સર્વશ્રેષ્ઠ રમતવીર તરીકે ઘોષિત કરી હતી.

ચિત્રાએ રાજ્ય-કક્ષાની અને રાષ્ટ્રીય-સ્તરની શાળાકીય સ્પર્ધાઓમાં સ્થાન મેળવ્યું, અને તેણીએ ૨૦૦૯ કેરળ રાજ્ય શાળા એથ્લેટિક્સ મીટમાં ૩,૦૦૦ મીટર સ્પર્ધામાં સુવર્ણ અને ૧,૫૦૦ મીટર દોડમાં સિલ્વર જીતીને ધ્યાન ખેંચ્યું. પુણે, મહારાષ્ટ્રમાં ૨૦૧૧ની નેશનલ સ્કૂલ ગેમ્સમાં તેણીએ ૧,૫૦૦ મીટર, ૩,૦૦૦ મીટર, ૫,૦૦૦ મીટર ઈવેન્ટ્સમાં ગોલ્ડ મેડલ અને ૩ કિમી ક્રોસ કન્ટ્રી રેસમાં બ્રોન્ઝ જીત્યો હતો. ચિત્રાએ ૨૦૧૨ કેરળ સ્ટેટ સ્કૂલ ગેમ્સ, તિરુવનંતપુરમમાં પુણેના પ્રદર્શનનું લગભગ પુનરાવર્તન કર્યું અને ૧,૫૦૦ મીટર, ૩,૦૦૦ મીટર અને ૫,૦૦૦ મીટર સ્પર્ધાઓમાં પોડિયમમાં ટોચ પર રહી. ૨૦૧૩ માં, તેણીએ રાજ્ય, રાષ્ટ્રીય અને ખંડીય સ્તરે ગોલ્ડ મેડલ જીત્યા. એર્નાકુલમમાં કેરળ સ્ટેટ સ્કૂલ ગેમ્સમાં, ચિત્રાએ તેના અગાઉના વર્ષે જીતેલા તમામ ગોલ્ડ મેડલનો બચાવ કર્યો હતો. ઉત્તર પ્રદેશના ઈટાવા ખાતે નેશનલ સ્કૂલ ગેમ્સમાં, તેણીએ ફરીથી ૧,૫૦૦ મીટર, ૩,૦૦૦ મીટર, ૫,૦૦૦ મીટર સ્પર્ધાઓમાં ગોલ્ડ મેડલ જીત્યા.તે જ વર્ષે પ્રથમવાર એશિયન સ્કૂલ એથ્લેટિક મીટમાં, પલક્કડની છોકરીએ ૩,૦૦૦ મીટરની દોડમાં ગોલ્ડ જીત્યો હતો. ઝારખંડમાં રાંચી ખાતે ૨૦૧૬ નેશનલ સ્કૂલ ગેમ્સમાં, તેણીનું પ્રદર્શન ૧,૫૦૦ મીટર, ૩,૦૦૦ મીટર, ૫,૦૦૦ મીટર ઈવેન્ટ્સ અને ૩ કિમી ક્રોસ કન્ટ્રીમાં ગોલ્ડ મેડલ સાથે ૨૦૧૩ નું પુનરાવર્તન હતું. તે જ વર્ષે, ચિત્રાએ દક્ષિણ એશિયન ગેમ્સમાં ૧૫૦૦ મીટરમાં વરિષ્ઠ સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરીને તેનો પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો હતો.

## ઔષધી : તજ

મુખ્ય સ્વાસ્થ્ય લાભો બ્લડ સુગર નિયંત્રણ, તજ રક્ત ખાંડના સ્તરને નિયંત્રિત કરવામાં અને ઈન્સ્યુલિન સંવેદનશીલતા સુધારવા માટે જાણીતું છે. પાચન તે કુદરતી ભૂખ લગાડનાર અને પાચન સહાયક તરીકે કાર્ય કરે છે. તજ અને મધનું મિશ્રણ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ગુણકારી છે. તે રોગપ્રતિકારક શક્તિ વધારે છે, વજન નિયંત્રિત કરે છે, શરદી-ખાંસી મટાડે છે અને સાંધાના દુખાવામાં રાહત આપે છે. આ બંને ઔષધીય ગુણોનો ભંડાર છે. તજ અને મધના મુખ્ય ફાયદા નીચે મુજબ છે. વજન નિયંત્રણ એક ગ્લાસ નવશેકા પાણીમાં એક ચમચી મધ અને અડધી ચમચી તજનો પાવડર મિક્સ કરીને પીવાથી મેટાબોલિઝમ વધે છે અને વજન ઘટાડવામાં મદદ મળે છે.શરદી-ખાંસીમાં રાહત તે કફ દૂર કરે છે. મધ અને તજની પેસ્ટ ખાવાથી ગળાની ખારાશ અને શરદી-ખાંસીમાં આરામ મળે છે.

**સાંધાનો દુખાવો:** તેમાં રહેલા એન્ટી-ઈન્ફલેમેટરી ગુણોને લીધે, આ મિશ્રણનું હૂંફાળા પાણી સાથે સેવન કરવાથી અથવા દુખાવાના સ્થાને પેસ્ટ લગાવવાથી સાંધાના દુખાવામાં (ગઠિયા વા) રાહત મળે છે. પાચનતંત્ર મજબૂત કરે છે તે પાચનક્રિયાને સુધારે છે, એસિડિટી અને ગેસની સમસ્યામાં ફાયદો કરે છે.ત્વચા માટે ઉત્તમ મધ અને તજની પેસ્ટ ખીલ પર લગાવવાથી ખીલ મટે છે અને ત્વચા સ્વસ્થ બને છે.સેવન કરવાની સાચી રીત એક કપ નવશેકા (ગરમ) પાણીમાં ચમચી તજ પાવડર અને ૧ ચમચી શુદ્ધ મધ ઉમેરીને સવારે ખાલી પેટે પીવું. (નોંધ : કોઈપણ આયુર્વેદિક ઉપાય કરતાં પહેલાં, જો તમને કોઈ ગંભીર બીમારી હોય તો તમારા ડૉક્ટરની સલાહ લેવી હિતાવહ છે.)

### ઓગસ્ટથી થશે હાઈ-ટેક બુકિંગ

# ભારતીય રેલ્વે બદલશે ૪૦ વર્ષ જૂની રિઝર્વેશન સિસ્ટમ



## નવી રિઝર્વેશન સિસ્ટમ અદ્યતન ક્લાઉડ અને ઉચ્ચ-ક્ષમતાવાળી ટેકનોલોજી પર કામ કરે છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૦૮**

તાજેતરમાં, રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે આ મેગા પ્રોજેક્ટની સમીક્ષા કરી. તેમણે રેલ્વે અધિકારીઓને કડક સૂચનાઓ આપી છે કે જ્યારે ઓગસ્ટથી ટ્રેનો ધીમે ધીમે નવી સિસ્ટમમાં સંક્રમિત થશે, ત્યારે સામાન્ય મુસાફરોને ટિકિટ બુકિંગમાં કોઈ તકનીકી મુશ્કેલીઓનો સામનો કરવો ન પડે.

ભારતીય રેલ્વેનું વર્તમાન ટિકિટ બુકિંગ માળખું ૧૯૮૬માં વિકસાવવામાં આવ્યું હતું. છેલ્લા ૪૦ વર્ષોમાં ટેકનોલોજીમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. જ્યારે ૨૦૦૨માં પહેલી વાર ઈન્ટરનેટ ટિકિટ બુકિંગ શરૂ કરવામાં આવ્યું હતું, ત્યારે ઓનલાઈન ગ્રાહકોની સંખ્યા ખૂબ ઓછી હતી. પરંતુ આજે, પરિસ્થિતિ સંપૂર્ણપણે અલગ છે.

હાલમાં, લગભગ ૮૮% રેલ્વે ટિકિટ ઓનલાઈન બુકિંગ દ્વારા બુક કરવામાં આવે છે. તહેવારોની મોસમ દરમિયાન અથવા સવારના તત્કાલ બુકિંગ દરમિયાન, સર્વર લોડમાં અચાનક વધારો થવાથી વેબસાઈટ્સ અને એપ્સ ધીમી પડી જશે. આ આધુનિક સિસ્ટમ આ વધતી જતી ડિજિટલ માંગ અને ભારે ભારને સંભાળવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.

નવી સિસ્ટમની ત્રણ સૌથી મહત્વપૂર્ણ વિશેષતાઓ: ૧. તત્કાલ બુકિંગ દરમિયાન સર્વર ક્રેશ થવાની સમસ્યા કાયમ માટે દૂર થશે

નવી રિઝર્વેશન સિસ્ટમ અદ્યતન ક્લાઉડ અને ઉચ્ચ-ક્ષમતાવાળી ટેકનોલોજી પર કામ કરે છે. તેની ડેટા પ્રોસેસિંગ ક્ષમતા જૂની સિસ્ટમ કરતા અનેક ગણી વધારે છે. તેનો સૌથી મોટો ફાયદો એ થશે કે જ્યારે તત્કાલ ટિકિટ વિન્ડો ખુલશે અથવા ભારે તહેવારોની ભીડ દરમિયાન પણ, સર્વર ઓવરફ્લો થશે નહીં, અને બુકિંગ સરળ રહેશે. ૨. AI ૯૪ ટકા ચોકસાઈ સાથે ટિકિટ કન્ફર્મ થશે કે નહીં તેની ભવિષ્યવાણી કરશે. આ નવી સિસ્ટમની સૌથી ક્રાંતિકારી વિશેષતા તેની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત વેઈટિંગ પ્રિડિક્શન સુવિધા છે. જો તમને વેઈટિંગ લિસ્ટ ટિકિટ મળે છે, તો આ સિસ્ટમ તમને જણાવશે કે તમારી ટિકિટ કન્ફર્મ થવાની શક્યતા કેટલી છે. પહેલાં, આ સુવિધાની ચોકસાઈ ફક્ત ૫૩% હતી, પરંતુ હવે, આધુનિક છૈં ની મદદથી, તે ૯૪% સચોટ થઈ ગઈ છે. આનાથી મુસાફરો તેમની મુસાફરીનું વધુ સારી રીતે આયોજન કરી શકશે.

૩. RailOne એપની જબરદસ્ત સફળતા - આ નવી સિસ્ટમ રેલ્વેના નવા ડિજિટલ પ્લેટફોર્મ, 'RailOne' એપ સાથે સંપૂર્ણપણે સમન્વયિત થશે. જુલાઈ ૨૦૨૫માં લોન્ચ થયેલી, આ એપને એક વર્ષમાં ૩.૫ કરોડથી વધુ ડાઉનલોડ્સ મળ્યા છે. આ એપ પર દરરોજ આશરે ૯.૨૯ લાખ ટિકિટ બુક કરવામાં આવે છે. આ સિંગલ એપ દ્વારા, મુસાફરો ફક્ત રિઝર્વેશન જ નહીં પરંતુ લાઈવ ટ્રેન સ્ટેટસ, કોચ પોઝિશન અને ફરિયાદો નોંધાવવા સહિત વિવિધ સેવાઓનો પણ ઉપયોગ કરી શકે છે.

### છેડતીની જાણ થતાં જ કાળ બનીને ત્રાટક્યો પતિ

# અલથાણમાં છેડતીની અદાવતમાં યુવકની સિમેન્ટના પતરા મારી કરપીણ હત્યા



## રાજીવે ત્યાં ઉભેલા રાહુલ રાજપૂત સાથે ઉગ્ર બોલાચાલી કર્યા બાદ આસપાસ પડેલા સિમેન્ટના ભારે પતરા વડે તેના પર તૂટી પડ્યો હતો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૦૮**

સુરતમાં સતત બીજા દિવસે હત્યાની વધુ એક હૃદયદ્રાવક ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. અલથાણ વિસ્તારમાં એક યુવકની ધોળા દિવસે સિમેન્ટના પતરાના ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરી દેવામાં આવી છે. પ્રાથમિક વિગતો મુજબ, આ સમગ્ર હત્યાકાંડ પાછળ મહિલાની છેડતીની અદાવત હોવાનું સામે આવ્યું છે, જેમાં પત્નીની લાજ બચાવવાના નામે પતિએ કાયદો હાથમાં લઈ યુવક પર જીવલેણ હુમલો કર્યો હતો.

પોલીસના સત્તાવાર સૂત્રો અને સ્થાનિક અહેવાલો અનુસાર, મૃતક રાહુલ રાજપૂત નામનો યુવક તે જ વિસ્તારમાં રહેતી આરોપી રાજીવની પત્નીની અવારનવાર છેડતી કરતો હોવાનો આક્ષેપ છે. આજે પણ રાહુલે મહિલાની છેડતી કરતા પીડિત પત્નીએ તુરંત જ આ અંગે પોતાના પતિ રાજીવને ફોન પર જાણ કરી હતી. પત્નીની છેડતી થઈ હોવાની વાત સાંભળતા જ રાજીવનો પિત્તો ગયો હતો અને તે ક્રોધે ભરાઈને તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. રાજીવે ત્યાં ઉભેલા રાહુલ રાજપૂત સાથે ઉગ્ર બોલાચાલી કર્યા બાદ આસપાસ પડેલા સિમેન્ટના ભારે પતરા વડે તેના પર તૂટી પડ્યો હતો.

સિમેન્ટના પતરાના ઘા માથાના ભાગે વાગતા રાહુલને કટોકટીભરી ગંભીર ઈજાઓ પહોંચી હતી અને અતિશય લોહી વહી જવાના કારણે તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ધોળા દિવસે જાહેર રોડ પર બનેલી આ ઘટનાથી આસપાસના લોકોમાં નાસભાગ મચી ગઈ હતી.

ઘટનાની માહિતી મળતા જ અલથાણ પોલીસ અને સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમો દોડતી થઈ ગઈ હતી. ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ સર્વેલન્સના આધારે ગણતરીના કલાકોમાં જ ભાગી છૂટેલા મુખ્ય આરોપી રાજીવની ધરપકડ કરી લીધી છે. અલથાણ પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો છે. જો કે, સુરતમાં ૨૪ કલાકમાં જ બે-બે હત્યાઓ થતાં સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ છે.

### પુરષોતમ માસના પાવન પ્રસંગે ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહના આયોજન બાદ

# દીવના ઘોઘલા ખાતે મહાવિષ્ણુ યાગ યજ્ઞનું ભવ્ય આયોજન કરાયું :મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ લીધેલો લાભ



-તસવીર: ફૈઝાન ફારૂખ સિદ્દી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા. ૦૮**

પુરષોતમ માસના પાવન પ્રસંગે દીવના ઘોઘલા ખાતે ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન બાદ મહાવિષ્ણુ યાગ યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામા શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ઘોઘલા પાણીના ટાંકા પાસે તારીખ ૩૧મે થી ૬ જુન સુધી શાસ્ત્રી વિક્રમભાઈ પંડ્યા તથા તેમના પરિવાર દ્વારા વિશ્વ કલ્યાણ, લોક કલ્યાણ અને પિતૃ મોક્ષાર્થે ભવ્ય શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ધાર્મિક પ્રસંગોની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શ્રી પરીક્ષિત જન્મ, શ્રી વામન જન્મ, શ્રી રામ જન્મોત્સવ, શ્રી કૃષ્ણ જન્મ, ગોવર્ધન લીલા, કૃષ્ણ રૂક્ષ્મણી વિવાહ, સુદામા ચરિત્ર, પરીક્ષિત મોક્ષ વગેરે ભક્તો દ્વારા ખુબજ ઉત્સાહ અને ધામધૂમથી ઉજવાયા, આ શ્રીમદ ભાગવત સપ્તાહનું રસપાન સાત દિવસ દરમિયાન શાસ્ત્રી શ્રી વિક્રમભાઈ પંડ્યા દ્વારા કરાવવામાં આવ્યું હતું.

શ્રીમદ ભાગવત સપ્તાહની તારીખ ૬ જૂનના રોજ પુર્ણાહુતી કરવામાં આવી હતી. આજરોજ મહા વિષ્ણુ યાગ યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આજરોજ સવારથી જ યજ્ઞ, પૂજા, અર્ચના, આરતી વગેરે સુત્રોચાર સાથે કરવામાં આવ્યું અને સાંજે ૫ કલાકે બીડું હોમી આરતી કરી યજ્ઞની પૂર્ણાહુતી કરવામાં આવી હતી. આ મહા વિષ્ણુ યજ્ઞમાં મોટી સંખ્યામાં ભક્તોએ ભાગ લઈ ધન્યતા અનુભવી હતી.

### એક ભોજન જીવન બદલી શકે છે

# મલબાર ગ્રુપના 'હંગર ફ્રી વર્લ્ડ'એ દૈનિક ભોજન વિતરણ અભિયાનના પરિવર્તનકારી પ્રભાવને ઉજાગર કર્યો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૦૮**

વિશ્વ ભૂખમરો દિવસ નિમિત્તે, મલબાર ગ્રુપની માનવતાવાદી પહેલ 'હંગર ફ્રી વર્લ્ડ'એ પોતાના સ્ટ્રીટ મીલ ડિસ્ટ્રિબ્યુશન પ્રોગ્રામના પ્રભાવને 'રિહેબિલિટેશન ઈમ્પેક્ટ રિપોર્ટ' ઈમ્પેક્ટ સ્ટોરી કેવી રીતે એક દૈનિક ભોજન પરિવર્તિત જીવન તરફનું દ્વાર ખોલે છે' નામના અહેવાલ દ્વારા રજૂ કર્યો.

આ અહેવાલ દર્શાવે છે કે મેદાની સ્તરે સંચાલિત દૈનિક ભોજન વિતરણ અભિયાન એ રસ્તાઓ પર જીવન જીવતા સંવેદનશીલ અને નિરાધાર લોકો માટે બચાવ, તબીબી સહાય, આશ્રય, ગૌરવની પુનઃસ્થાપના અને પરિવાર સાથે પુનર્મિલન જેવી સુવિધાઓ કેવી રીતે ઉપલબ્ધ કરાવી છે.



સ્ટ્રીટ મીલ ડિસ્ટ્રિબ્યુશન પ્રોગ્રામની શરૂઆત પૌષ્ટિક ભોજનની નિયમિત ઉપલબ્ધતા દ્વારા ભૂખની સમસ્યાનો સામનો કરવા માટે કરવામાં આવી હતી. આ કાર્યક્રમ હાલમાં ભારતના ૨૦ રાજ્યો તેમજ છ GCC દેશો, અમેરિકા, યુનાઈટેડ કિંગડમ અને ઝામ્બિયા સહિત કુલ નવ દેશોમાં કાર્યરત છે. માઈક્રો લર્નિંગ સેન્ટર્સ અને સ્ટ્રીટ મીલ ડિસ્ટ્રિબ્યુશન પ્રોગ્રામ જેવી બે મુખ્ય પહેલો દ્વારા આ અભિયાન ૧,૪૩,૦૦૦ લાભાર્થીઓ સુધી પહોંચી રહ્યું છે. આ પહેલ સમુદાય કલ્યાણ અને સર્વસમાવેશક વિકાસ પ્રત્યે મલબાર ગ્રુપની વ્યાપક CSR પ્રતિબદ્ધતાનો ભાગ છે. મલબાર ગ્રુપ પોતાના નેટ ટ્રેડિંગ પ્રોફિટનો પાંચ ટકા હિસ્સો સામાજિક જવાબદારી પહેલો માટે ફાળવે છે.આ પહેલ અંગે પ્રતિભાવ આપતાં મલબાર ગ્રુપના ચેરમેન એમ.પી.અહમદે જણાવ્યું હતું કે, એક ભોજન સામાન્ય લાગી શકે છે, પરંતુ જ્યારે તે સતતતા અને માનવીય લાગણી સાથે આપવામાં આવે છે, ત્યારે તે માત્ર ખોરાક રહેતુ નથી. હંગર ફ્રી વર્લ્ડ દ્વારા અમે જોયું છે કે નિયમિત સંપર્ક કેવી રીતે વિશ્વાસ ઉભો કરે છે, અને એ વિશ્વાસ ઘણી વખત પુનર્વસન, આરોગ્યસેવાઓ સુધી પહોંચ, ભાવનાત્મક સહાય અને ગૌરવની પુનઃસ્થાપનાનો આધાર બને છે.

### અમદાવાદ સ્કૂલ વર્ધી ઍસોસિએશનનો નિર્ણય

# વાનના માસિક ભાડામાં ૨૦૦ રૂપિયા, સ્કૂલ રિક્ષામાં ૧૦૦ રૂપિયાનો વધારો

## ટ્રાન્સપોર્ટેશનના ભાડામાં થયેલો આ વધારો મધ્યમવર્ગીય પરિવારોના ઘરનું બજેટ ખોરવશે તે પણ નક્કી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૦૮

એક તરફ શાળાઓ શરૂ થતાં બાળકોમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે, તો બીજી તરફ શાળા ખૂલવાના પહેલા જ દિવસે વાલીઓ માટેચિંતાનાસમાચારસામેઆવ્યાછે.

CNG ગેસના ભાવમાં સતત થઈ રહેલા વધારાને પગલે આર્થિક બોજ વધ્યો છે. છેવટે અમદાવાદ સ્કૂલ વર્ધી ઍસોસિએશને પણ હથિયાર હેઠા મૂક્યા છે અને આજે ઍસોસિએશનની એક મહત્ત્વની બેઠક મળી હતી, જેમાં સર્વાનુમતે વાહનોના ભાડામાં વધારો કરવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.

આજરોજ, ૮ જૂનને સોમવારથી તમામ સરકારી, અર્ધ-સરકારી અને ખાનગી શાળા-કૉલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ના નવા શૈક્ષણિક સત્રની શરૂઆતની સાથે જ રાજ્યભરના વાલીઓને વધુ એક મોંઘવારીનો આકરો માર સહન કરવાનો વારો આવ્યો છે. સ્કૂલ વર્ધી ઍસોસિએશન દ્વારા લેવાયેલા આ નિર્ણય અંતર્ગત હવેથી સ્કૂલ વાનના માસિક ભાડામાં ૨૦૦ રૂપિયા અને સ્કૂલ રિક્ષાના ભાડામાં ૧૦૦ રૂપિયાનો ધરખમ વધારો કરવામાં આવ્યો છે. આમ, નવું સત્ર શરૂ થતાં જ એક તરફ યુનિફોર્મ, પુસ્તકો અને સ્કૂલ ફીનો મોટો ખર્ચ સામે ઊભો છે, ત્યાં બીજી તરફ ટ્રાન્સપોર્ટેશનના ભાડામાં થયેલો આ વધારો મધ્યમવર્ગીય પરિવારોના ઘરનું બજેટ ખોરવશે તે પણ નક્કી છે.

અમદાવાદ સ્કૂલ વર્ધી ઍસોસિએશન જણાવ્યા અનુસાર, છેલ્લા ૨ વર્ષથી ભાડામાં કોઈ વધારો કરવામાં આવ્યો ન હતો. પરંતુ હાલમાં CNG ગેસના ભાવમાં ઈજ. ૧૨નો મોટો વધારો થતાં આ નિર્ણય લેવો પડ્યો છે. જૂન ૨૦૨૪માં CNGનો ભાવ Rs.૭૬.૦૯ હતો, જે જૂન ૨૦૨૬માં વધીને ઈજ. ૮૮.૦૨ થયો છે. આ ઉપરાંત R.T.O.ખર્ચ, વીમો અને સ્પેરપાર્ટ્સની મોંઘવારીને કારણે સ્કૂલ વાનના ભાડામાં Rs.૨૦૦ અને સ્કૂલ રીક્ષાના ભાડામાં Rs. ૧૦૦નો માસિક વધારો કરવામાં આવ્યો છે.

**કિલોમીટર પ્રમાણે નવું માસિક ભાડું નીચે મુજબ રહેશે**

**સ્કૂલ રીક્ષાનું નવું ભાડું (Rs.)/ માસિક દીઠ**

૧ કિલોમીટર: Rs.૮૫૦, ૨ કિલોમીટર: Rs.૯૫૦, ૩ કિલોમીટર: Rs.૧૦૫૦, ૪ કિલોમીટર: Rs.૧૧૫૦, ૫ કિલોમીટર: Rs.૧૨૫૦, (દર કિલોમીટર દીઠ Rs.૧૦૦ રૂપિયા માસિક વધારો)

**સ્કૂલ વાનનું નવું ભાડું (Rs.)/ માસિક દીઠ**

૧ કિલોમીટર: Rs.૧૪૦૦
૨ કિલોમીટર: Rs.૧૬૦૦
૩ કિલોમીટર: Rs.૧૮૦૦
૪ કિલોમીટર: Rs.૨૦૦૦
૫ કિલોમીટર: Rs.૨૨૦૦
(દર કિલોમીટર દીઠ Rs.૨૦૦ રૂપિયા માસિક વધારો)

# હિંમતનગરના માથાસુલિયા ગામે તસ્કરો ત્રાટક્યા, ૮.૦૪ લાખની ચોરી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**હિંમતનગર, તા.૦૮**

હિંમતનગર તાલુકાના માથાસુલિયા ગામે શુક્રવારે રાત્રે ઘરના પરિવારજનો આગળ ઓસરીમાં સુતા હતા ત્યારે તસ્કર ટોળકીએ ઘરના પાછળના ભાગે રસોડાની લોખંડની જાળીના સળિયા તોડી અંદર પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી ૮ લાખની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. આ અંગે ગાંભોઈ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી. માથાસુલિયા ગામે રહેતા જગતસિંહ ભાથીસિંહ પરમાર શુક્રવારે રાત્રે પોતાના ઘરના પરિવારજનો સાથે આગળ ઓસરીમાં સૂઈ રહ્યા હતા. આ દરમિયાન તસ્કરોએ જૂના પતરાવાળા મકાનમાં પાછળના ભાગે આવેલા રસોડામાં લગાવેલા લોખંડના સળીયા વાળી જાડી તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ લોખંડની તીજોરીમાં મુકેલી એક જોડ હાઠો ચાંદીની આશરે ૫૦૦ ગ્રામ કિં.રૂ.૫૦,૦૦૦, એક જોડ ચાંદીના છડા આશરે ૨૦૦ ગ્રામ કિં.રૂ.૨૦,૦૦૦, સોનાનુ લોકીટ આશરે એક તોલાનું કિં.રૂ.૧,૧૦,૦૦૦, સોનાનો દોરા નંગ ૨ એક-એક તોલાના બંન્નેની કિં.રૂ.૨,૨૦,૦૦૦, સોનાની વીંટી નંગ-૨ આશરે છ ગ્રામની કિં.રૂ.૬૦,૦૦૦ની તેમજ નાના દીકરાના લગ્ન વખતે તેની સાસરીમાંથી તેની પત્નીને કરિયાવરમાં દાગીનામાં આશરે એક જોડ કડલા ચાંદીના આશરે ૫૦૦ ગ્રામ કિં.રૂ.૫૦,૦૦૦, એક જોડ ચાંદીના છડા આશરે ૨૦૦ ગ્રામ કિં.રૂ.૨૦,૦૦૦, સોનાનું લોકીટ આશરે એક તોલાનું કિં.રૂ.૧,૧૦,૦૦૦, સોનાની વીંટી નંગ-૨ આશરે છ ગ્રામની કિં.રૂ.૬૦,૦૦૦ તથા સોનાની બુટ્ટી નંગ-૪ આશરે આઠ ગ્રામ કિં.રૂ.૮૦,૦૦૦ તથા રોકડા રૂપિયા ૨૪ હજાર મળી કુલ રૂ.૮,૦૪,૦૦૦ મત્તાની લોખંડની તીજોળીમાંથી ચોરી થઈ હતી. આ અંગે ગાંભોઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ચોરીનો ગુનો નોધી એલસીબી સહીત વિવિધ એજન્સીઓની મદદથી તપાસ હાથ ધરી છે.

## વાપીમાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનો ઐતિહાસિક સેવાયજ્ઞ

# ''પરિવારોત્સવ-૨૦૨૬'' અંતર્ગત યોજાયેલા રક્તદાન કેમ્પમાં માત્ર ૪ કલાકમાં રેકોર્ડ બ્રેક ૪૧૬ યુનિટ રક્ત એકત્રિત




**તસવીર અહેવાલ- સંજય તાડા**
**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૦૮:** ઔદ્યોગિક નગરી વાપીમાં સામાજિક એકતા, શૈક્ષણિક પ્રોત્સાહન અને માનવ સેવાના ત્રિવેણી સંગમ સમાન એક ભવ્ય અને અભૂતપૂર્વ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ, વાપી દ્વારા આયોજિત ''પરિવારોત્સવ-૨૦૨૬'' ના વિશેષ ઉપલક્ષ્યમાં સમાજના અદ્યતન ભવન ખાતે એક વિશાળ બ્લડ ડોનેશન કેમ્પ (રક્તદાન શિબિર) તેમજ વિવિધ પ્રેરણાદાયી કાર્યક્રમો સંપન્ન થયા હતા. આ આયોજનમાં સમાજના અગ્રણીઓ, યુવાનો અને મહિલાઓએ સંગઠિત થઈને માનવતા અને સામાજિક ઉત્તરદાયિત્વનું એક શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આ રક્તદાન શિબિરની શરૂઆત થઈ ત્યારે આયોજકો દ્વારા સમગ્ર દિવસ દરમિયાન ૪૦૦ બોટલ રક્ત એકત્ર કરવાનો એક મહત્વાકાંક્ષી ટાર્ગેટ રાખવામાં આવ્યો હતો. કેમ્પનો સત્તાવાર સમય સવારે ૦૮:૦૦ વાગ્યાથી સાંજના ૦૫:૦૦ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો હતો. પરંતુ વાપીની જનતા અને ખાસ કરીને લેઉવા પટેલ સમાજના રક્તદાતાઓમાં સેવાનો એટલો અદમ્ય ઉત્સાહ જોવા મળ્યો હતો કે, નિર્ધારિત સમય પૂરો થાય તે પહેલાં, માત્ર શરૂઆતના ૪ જ કલાકમાં ૪૧૬ બોટલ બ્લડ ડોનેશન મેળવવાની ઐતિહાસિક અને રેકોર્ડબ્રેક સિદ્ધિ પ્રાપ્ત થઈ ગઈ હતી. રક્તદાતાઓનો આ પ્રચંડ ધસારો જોઈને આયોજકો પણ ગદ્ગદિત થઈ ગયા હતા. આ અભૂતપૂર્વ પ્રતિસાદને ધ્યાનમાં રાખીને, આગામી સમયમાં યોજાનારી રક્તદાન શિબિરો માટે ૫૦૦થી વધુ બોટલ એકત્ર કરવાનો નવો દ્રઢ લક્ષ્યાંક સમિતિ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો. રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ તરફથી ટ્રોલી બેગ, યમુના મશીનરી દ્વારા છત્રી તેમજ જોય પોલી ફેબ પરિવાર દ્વારા સ્ટીલની પાણીની બોટલ, એકરા પેક દ્વારા સ્પ્રે આપવામાં આવ્યા હતા.

સેવા પ્રવૃત્તિની સાથે-સાથે સમાજના શૈક્ષણિક વિકાસને વેગ આપવા માટે એક વિશેષ સન્માન સમારોહ પણ યોજાયો હતો. શૈક્ષણિક વર્ષમાં ધોરણ ૧ થી ૧૨ ની પરીક્ષાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને મંચ પર આમંત્રિત કરવામાં આવ્યા હતા. સમાજના અગ્રણી ટ્રસ્ટીઓના વરદ હસ્તે આ વિદ્યાર્થીઓને મોમેન્ટો (યાદગાર ચિન્હ) અને રોકડ પુરસ્કાર રાશિ એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, જેથી ભવિષ્યમાં તેઓ સમાજ અને દેશનું નામ રોશન કરી શકે.

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ જાણીતા મોટિવેશનલ સ્પીકર ડૉ.અંકિતા મુલાણીનું પ્રેરણાદાયી વક્તવ્ય રહ્યું હતું. તેમણે ઉપસ્થિત વિશાળ જનમેદની, ભાઈઓ, બહેનો અને ખાસ કરીને બાળકોને સંબોધિત કરતા સમાજ ઉત્થાન અને રાષ્ટ્રહિત વિશે ખૂબ જ સચોટ અને માર્મિક વાતો કરી હતી.

ડૉ.અંકિતા મુલાણીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, શિક્ષણ માત્ર ડિગ્રી મેળવવા માટે નથી, પરંતુ તે ચરિત્ર નિર્માણનું માધ્યમ છે. આપણો સમાજ ત્યારે જ મજબૂત બનશે જ્યારે આપણા બાળકો સંસ્કાર અને સંસ્કૃતિ સાથે આધુનિક જ્ઞાન મેળવશે. રક્તદાન એ માત્ર શારીરિક દાન નથી, પરંતુ તે વસુધૈવ કુટુંબકમની ભાવનાને સાર્થક કરતો પરમાર્થ છે, કારણ કે આપણું રક્ત કોઈ અજાણ્યા વ્યક્તિની જિંદગી બચાવે છે.'' તેમણે વધુમાં ઉમેર્યું કે, રાષ્ટ્રની પ્રગતિ સમાજના સંગઠન પર નિર્ભર કરે છે. જ્યારે આપણે 'હું' માંથી 'અમે' તરફ પ્રયાણ કરીએ છીએ, ત્યારે સામાજિક ક્રાંતિ સર્જાય છે. તેમના આ ઓજસ્વી અને ચિંતનાત્મક વિચારોએ સમગ્ર સભાને મંત્રમુગ્ધ કરી દીધી હતી અને શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લીધા હતા.

કાર્યક્રમની વિધિવત શરૂઆત આમંત્રિત મહેમાનો અને સમાજના શ્રેષ્ઠીઓના હસ્તે પરંપરાગત રીતે દીપ પ્રગટાવીને કરવામાં આવી હતી. આ પ્રસંગે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજના મેનેજિંગ ટ્રસ્ટી નાનુભાઈ બાંભરોલીયા, પ્રમુખ મધુભાઈ માંગુકિયા, ઉપ પ્રમુખ યોગેશભાઈ કાબરીયા, રમેશભાઈ કોટડીયા, મંત્રી સંજયભાઈ બોરડ, સહ-મંત્રી કૌશિકભાઈ ગજેરા તથા મનસુખભાઈ ચોડવડીયા, ખજાનચી ભરતભાઈ કથીરીયા અને સહ-ખજાનચી પ્રફુલભાઈ ડોબરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત કમિટી મેમ્બર્સ ડૉ.મહેન્દ્રભાઈ પટેલ, અલ્પેશભાઈ કાછડીયા, સંજયભાઈ ગોળકિયા, મગનભાઈ સાવલિયા, જયસુખભાઈ ચભાડિયા, વિઠ્ઠલભાઈ બાબરીયા, મુકેશભાઈ માંગુકિયા, રસિકભાઈ ઠુંમર, જીગ્નેશભાઈ કાછડીયા, જગદીશભાઈ અકબરી, રમેશભાઈ ફળદુ, પરેશભાઈ અંટાળા, રમેશભાઈ અકબરી, સુધીરભાઈ સાવલિયા, અતુલ ગજેરા, પ્રવીણભાઈ પેથાણી, ગોપાલભાઈ કાછડીયા, મલ્લિકાર્જુન કાછડીયા, ભરતભાઈ અને ઓડિટર પ્રિતેશભાઈ હિરપરાએ હાજરી આપી વ્યવસ્થા સંભાળી હતી.

સામાજિક અને રાજકીય ક્ષેત્રના અગ્રણીઓમાં વી.આઈ.એ. (VIA) ના પ્રમુખ સતીષભાઈ પટેલ, ચેરમેન મગનભાઈ સાવલિયા, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ અને કમલેશભાઈ પટેલ ખાસ હાજર રહ્યા હતા. આ ઉપરાંત અન્ય સમાજના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત તમામ મહાનુભાવોએ રક્તદાન કેમ્પના બેડ સુધી જઈને રક્ત આપી રહેલા યુવાનો અને બહેનોની સેવાભાવનાને બિરદાવી પ્રશંસાપત્રો પાઠવ્યા હતા. અગ્રણીઓએ એકસૂરે જણાવ્યું હતું કે, ''રક્તદાન એ જ મહાદાન'' છે અને આજના સમયમાં આવી પ્રવૃત્તિઓ સમાજને નવી અને સકારાત્મક દિશા ચિંધે છે.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ લોકો માટે સમાજના ટ્રસ્ટીઓ દ્વારા સુંદર અને સ્વાદિષ્ટ ભોજન સમારંભની વ્યવસ્થા કરવામાં આવી હતી. આયોજકો અને ટ્રસ્ટીગણે કેમ્પને આટલી ભવ્ય સફળતા અપાવવા બદલ તમામ રક્તદાતાઓ, મેડિકલ ટીમ, સ્વયંસેવકો અને સમાજના ભાઈ-બહેનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સફળ સ્ટેજ સંચાલન મંત્રી સંજયભાઈ બોરડ અને ડૉ.સંજય પટેલ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ ભવલેશભાઈ કોટડીયા દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી, તેમજ નવી વિવિધ સામાજિક સમિતિઓની વિશેષ અને ઉપયોગી માહિતી પણ ભવલેશભાઈ કોટડીયા દ્વારા સભા સમક્ષ મૂકવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ઉત્સાહી કાર્યકર્તાઓ જેવા કે ભાવેશ પટોડીયા, નિલેશ ધડુક, નિલેશ ભંડેરી, રાજેશ પોકીયા, આકાશ સોજીત્રા, ડૉ.સંજય પટેલ, સંજય કથીરિયા, વિપુલ સાવલિયા અને વિપુલ કાકડીયા તેમજ અન્ય સમાજના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ ભવ્ય આયોજને સમગ્ર વાપી પંથકમાં સેવા, સમર્પણ અને સંગઠનનો એક નવો ઉત્કૃષ્ટ દાખલો પ્રસ્થાપિત કર્યો છે.

# વાપી છીરીમાં આવેલ જ્ઞાન ગંગા ઈંગ્લીશ મીડિયમ હાઈસ્કૂલમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૮**

વાપી છીરી ખાતે આવેલ જ્ઞાન ગંગા ઇંગલિશ મિડિયમ હાઈસ્કૂલમાં શાળાના ટ્રસ્ટી સંદિપભાઈ પટેલને દિશા-નિર્દેશમાં શાળાના આચાર્ય સુનિલ નાયર અને શિક્ષકોની હાજરીમાં શાળાના ધોરણ નર્સરીથી ૧૧સુધીના વિદ્યાર્થીઓએ શાળા પરિસરમાં ૫૦થી વધુ વૃક્ષો વાવી વિશ્વ પર્યાવણ દિવસની ઉજવણી કરી હતી.

અત્રે યાદ રહે કે, પર્યાવરણની વિશેષ કાળજી લેવા માટે વર્ષ ૧૯૭૩થી દર વર્ષે ૫મી જૂને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી આંતરાષ્ટ્રીય સ્તરે કરવામાં આવે છે. જેના ઉપલક્ષમાં વાપી છીરીમાં આવેલ જ્ઞાન ગંગા હાઈસ્કૂલમાં છેલ્લા ૧૭વર્ષથી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી વિદ્યાર્થીઓ પાસે કરાવવામાં આવે છે અને તેમના ઘરે અને ઘરની આસપાસ રહેતા પાડોસીઓને પણ 'એક વૃક્ષ એક જીવન'ના સૂત્રને સાર્થક કરતું સૂત્રને સાકાર કરવા સંદેશો પહોંચાડવામાં આવી રહ્યો છે.

આ અવસરે શાળાના ટ્રસ્ટી સંદિપભાઈ પટેલે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે, આજના આધુનિક સમયમાં તેમજ વધી રહેલી વસ્તીને કારણે ઠેર ઠેર વૃક્ષો અને જંગલોને કાપી નાંખવામાં આવી રહ્યા છે. જેની સીધી અસર પર્યાવરણ પાર પડે છે. જો આપણે પૃથ્વીને બચાવવી હોય તો જેમ બને એમ વધુને વધુ વૃક્ષઓ વાવવા પડશે. શાળા દ્વારા વિદ્યાર્થીઓ પાસે દર વર્ષે પોતાની ઘરે અને ઘરની આસપાસ તથા ઘરની બાજુમાં રહેતા પાડોસીઓને પણ ૫મી જૂનના દિવસે એક વૃક્ષ રોપવા માટે વિદ્યાર્થીઓ પાસે સંકલ્પ કરાવ્યો હતો તેમજ વૃક્ષને રોપવાનું જ નથી. પરંતુ રોજબરોજ વિદ્યાર્થીઓ દ્વારા તેની માવજત પણ કરવામાં આવશેની પ્રતિજ્ઞા પણ લેવડાવામાં આવી હતી. તેમજ પર્યાવરણનું જતન કરવું એ આપણી સૌની ફરજ હોવાનું તેમજ વૃક્ષારોપણનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

આ અવસરે શાળાના શિક્ષકોએ પણ પર્યાવરણના સંવર્ધન અને સંરક્ષણ માટેના શપથ લીધા હતા. તેમજ દર વરસે ૫મી જુનના દિવસે એક નહિ પરંતુ બને એટલા વધુમાં વધુ વૃક્ષો વાવી હરિયાણા અને સ્વચ્છ ભારત બનાવવાનો સંકલ્પ કર્યો હતો. અંતમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શૈક્ષણીક અને બિન શૈક્ષણીક સ્ટાફે કરેલી મદદ બદલ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા આભાર પ્રગટ કરવાના આવ્યો હતો.

## સરકારી આયુર્વેદિક દવાખાના દ્વારા

# વલસાડના તિથલ ખાતે નિઃશુલ્ક સર્વરોગ આયુર્વેદિક નિદાન કેમ્પ યોજાયો





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૮**

વલસાડના તિથલ ખાતે આવેલા સરકારી આયુર્વેદીક દવાખાનાના મેડિકલ ઓફિસર ડૉ.ધર્મિષ્ઠા પટેલ દ્વારા સાંઈબાબા મંદિર તિથલ ખાતે નિઃશુલ્ક સર્વરોગ આયુર્વેદિક અને નિદાન-સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, ગેસ-એસિડિટી, કબજિયાત, મરડો, હરસ-મસા, સાંધાના દુખાવા-ઘસારા, દરેક પ્રકાર વા, નસનો દુઃખાવો, વાળ ખરવા, સ્ત્રીઓની સમસ્યા, માસિકની તકલીફ, શરીર ધોવાવું, શરદી, ખાંસી, દમ, તાવ, માથાનો દુખાવો વગેરે જેવા તમામ રોગોનું નિદાન કરી વિના મૂલ્યે દવા આપવામાં આવી હતી. ૬૦ લાભાર્થીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો.

૧૨ માં વિશ્વ યોગ દિવસની ૧૦૦ દિવસની ઉજવણીના ભાગરૂપે બીજા દિવસે વલસાડના તિથલ સ્થિત સરકારી આયુર્વેદ દવાખાનાના મેડીકલ ઓફિસર ડો.ધર્મિષ્ઠા પટેલ દ્વારા સાંઈબાબા મંદિર તિથલ ખાતે યોગ જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. મંદિરમાં આવેલા ભક્તજનોને યોગ વિશે માહિતી આપી યોગનું જીવનમાં શું મહત્વ છે તે સમજાવી યોગના લાભ વિશે સમજણ આપી હતી. યોગના પેમ્પલેટનું વિતરણ કરી લોકોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. બંને કાર્યક્રમને સફળ બનાવવા માટે ફાર્માસીસ્ટ દિપીકા પટેલ અને સેવક ચૈતાલી બરોડિયા સેવા આપી હતી.

## GSRTCમાં કંડકટર ભરતી સંદર્ભે

# વલસાડ રેડ ક્રોસ દ્વારા તા.૧૦ જૂનથી પ્રાથમિક સારવાર તાલીમના વર્ગો શરૂ કરાશે

**ભરતી પ્રક્રિયામાં ફર્સ્ટ એઈડ ટ્રેઈનિંગનું સર્ટિફિકેટ હોવું ખૂબ જ જરૂરી હોવાથી ઉમેદવારોના હિતમાં પહેલ કરાઈ**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૮**

ગુજરાત રાજ્યમાં હાલમાં એસટી નિગમ દ્વારા કંડક્ટરની ભરતી પ્રક્રિયા હાથ ધરાનાર છે, જે અંતર્ગત ફર્સ્ટ એઈડ ટ્રેઈનિંગનું સર્ટિફિકેટ હોવું ખૂબ જ જરૂરી છે. વલસાડ જિલ્લામાંથી ઘણા યુવાનો-યુવતીઓ કંડક્ટર તરીકે નોકરી માટે ઈચ્છુક હોય તેવી વ્યક્તિઓ માટે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વલસાડ દ્વારા તા.૧૦ જૂન બુધવારથી ટ્રેનિંગ ક્લાસ શરૂ કરવામાં આવનાર છે.

એસટી નિગમમાં કંડક્ટરની ભરતી માટે જે પણ ઈચ્છુક વ્યક્તિએ ફર્સ્ટ એઈડની તાલીમ લેવી હોય તો તેમણે રેડ ક્રોસ, વલસાડ રક્તદાન કેન્દ્ર, કચેરી રોડ, વલસાડ ખાતે ઝીલ દેસાઈનો મો.નં. ૭૯૯૦૦ ૭૩૭૬૮ પર સવારે રૂબરૂ ૧૧:૦૦ થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધીમાં સંપર્ક કરવા જણાવાયું છે. ઉમેદવારોની સંખ્યા સતત વધી રહી હોય, વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધવામાં આવશે તેમજ આ ટ્રેનિંગ તારીખ ૧૦ મી થી ૮ દિવસ સુધી બપોરે ૧ થી ૩ ની વચ્ચે આપવામાં આવશે. જો બેચ ફુલ થઈ જશે તો બીજા વધારાના બેચ તારીખ ૨૫ મી જૂન સુધી ચલાવવામાં આવશે.

નેશનલ હેડક્વાર્ટર્સના નિયમ અનુસાર, તાલીમ સુચારુ રીતે થાય અને તાલીમાર્થીઓને મૂળ પ્રમાણપત્ર મેળવવામાં કોઈ અવરોધ ન આવે તે માટે આ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ શિબિરની ફી રૂ.૧૦૦૦/- છે. સાથે બે ફોટા, ધોરણ-૧૨ પાસના સર્ટિફિકેટ/માર્કશીટની કોપી અને આધારકાર્ડ લાવવાનો રહેશે એવુ ડો.યઝદી ઈટાલીઆ, માનદ મંત્રી, રેડ ક્રોસ, વલસાડ દ્વારા અખબારી યાદીમાં જણાવાયુ છે.

F. No. 19/3/2019 PR
**ભારત સરકાર**
**નાણા મંત્રાલય**
**નાણાકીય સેવાઓ વિભાગ**
**બીજો માળ, જીવન દીપ ભવન, સંસદ માર્ગ, નવી દિલ્હી-૧૧૦૦૦૧**
**પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA), નવી દિલ્હીમાં પૂર્ણ-સમય સભ્ય (અર્થશાસ્ત્ર)ની જગ્યા માટે અરજીઓ મંગાવવામાં આવી છે.**

પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA), નવી દિલ્હીમાં પૂર્ણ-સમય સભ્ય (અર્થશાસ્ત્ર) ની જગ્યા માટે ૫ (પાંચ) વર્ષ મુદત માટે અથવા ૬૨ વર્ષની ઉંમર સુધી, જે પણ પહેલા હોય ત્યાં સુધી અરજીઓ મંગાવવામાં આવી છે. PFRDAના પૂર્ણ-સમય સભ્યનો સંયુક્ત પગાર અને ભથ્થાં દર મહિને રૂા. ૫,૦૦,૦૦૦ હશે, જેમાં રહેઠાણ, કાર અથવા અન્ય કોઈપણ ભથ્થાંનો સમાવેશ થતો નથી. પોસ્ટ અને પાત્રતાની શરતો અંગેની વિગતો મંત્રાલયની વેબસાઇટ **http://www.financialservices.gov.in** અને PFRDA વેબસાઇટ **http://www.pfrda.org.in** પર આપવામાં આવી છે. સંપૂર્ણ ભરેલી અરજીઓ સબમિટ કરવાની છેલ્લી તારીખ **૧૦.૦૭.૨૦૨૬ સાંજે ૫.૩૦ વાગ્યા** સુધી છે. ઉમેદવારની લાયકાત સ્પષ્ટ રીતે દર્શાવતી અરજીઓ લેખિતમાં નીચે આપેલા સરનામે મોકલી શકાય છે:

**શ્રી હરકેશ ચંદ્રા,**
**અંડર સેક્રેટરી, ભારત સરકાર,**
**નાણાકીય સેવાઓ વિભાગ, નાણા મંત્રાલય, ભારત સરકાર,**
**રૂમ નં. ૧, બીજો માળ, જીવન દીપ ભવન,**
**સંસદ માર્ગ, નવી દિલ્હી-૧૧૦૦૦૧**
**ટેલિફોન નં.: 011-23748760**

વર્તમાન પ્રવાહ

# તંત્રી લેખ

## દેશમાં એલપીજી, પેટ્રોલ-ડીઝલની સતત વધતી કિંમતોની અસર તમામ ક્ષેત્રો ઉપર થઈ રહી છે

**મા**ર્ચ મહિનાથી અમેરિકા, ઈઝરાયલ-ઈરાન વચ્ચે શરૂ થયેલાં યુદ્ધને લીધે સમગ્ર વિશ્વના અર્થતંત્રની સામે પ્રશ્નાર્થ મંડાયો છે, ત્યારે ભારતના આર્થિક મોરચે હજુ આશા યથાવત્ છે. ઈંધણના ભાવને કારણે મોંઘવારીની સ્થિતિ હવે બજારમાં દેખાઈ રહી છે, પરંતુ આ પડકારોની વચ્ચે ભારતનું અર્થતંત્ર મજબૂત હોવાનો અહેવાલ અને દાવો છે. જો કે, યુદ્ધ અંગે સંપૂર્ણ અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. ભવિષ્ય માટે મોટી આગાહીનો સમય નથી, પરંતુ વર્તમાન સંજોમાં ભારતીય અર્થતંત્રે સ્થિતિ જાળવી રાખી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ભારતનો જીડીપી ગ્રોથ ઘટે તેવી સંભાવના જાહેર કરી અને નાણાં વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન વાસ્તવિક જીડીપી ૬.૬ રહેવાનું અનુમાન છે. જે પહેલાં ૬.૯ ટકા રહેવાની સંભાવના વ્યક્ત થઈ હતી. મિનિસ્ટ્રી ઓફ સ્ટેટેસ્ટિક એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લીમેન્ટેશન તરફથી જાહેર થયેલા આંકડા અનુસાર ૨૦૨૫, ૨૦૨૬ દરમિયાન ભારતનો વિકાસ દર ૭.૭ ટકા થઈ ગયો છે, જેનું પૂર્વાનુમાન ૭.૧ ટકા હતું. ઓક્ટોબરથી ડિસેમ્બર-૨૦૨૫ના ત્રિમાસિક વિકાસનો દર ૮ ટકા હતો, જેની સરખામણીમાં વાર્ષિક દર ૭.૮ ટકા ઓછો છે, તેનું સ્પષ્ટ કારણ યુદ્ધની સ્થિતિ છે. ખાડી યુદ્ધને લીધે સપ્લાય ચેનની ગતિ ધીમી પડી પરિણામે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનો વિકાસ ૧૨.૮ ટકાથી ઘટીને ૭.૩ ટકા પર પહોંચી ગયો. બાંધકામ ક્ષેત્રનો વિકાસ જો કે, ૮માંથી ૮.૪ ટકા થયો. સર્વિસ સેક્ટરનો વિકાસ દર વર્ષના છેલ્લા ત્રિમાસિક ગાળામાં ૬.૮થી વધીને ૯.૯ ટકા થઈ ગયો. આ રીતે અન્ય ક્ષેત્રોના દરમાં પણ વધારો થયો છે. ઉદ્યોગ ક્ષેત્રે જો કે, ઘટાડો થયો અને હોટલ, ટ્રાન્સપોર્ટ તથા ટેલિકોમ ગ્રોથ વધ્યો. નિષ્ણાતોની દૃષ્ટિએ અર્થતંત્ર માટે આ સારી નિશાની છે. આજ સ્થિતિ જળવાઈ રહે તે દેશ માટે આવકાર્ય છે, આવશ્યક પણ છે. ગ્રોસ વેલ્યૂ એડેડ એટલે કે જીવીએનો દર ૭.૯ ટકા છે. જે આર્થિક ગતિવિધિઓની મજબૂતીનો સંકેત આપે છે, પરંતુ વૈશ્વિક સ્થિતિ હજી પ્રવાહી છે. સ્થાનિક જોખમો પણ છે, ઈંધણના ભાવમાં થઈ રહેલો વધારો સૌથી મોટું પરિબળ બની શકે તેમ છતાં ૨૦૨૫-૨૬નો વિકાસ દર ૭.૭ ટકા થયો છે તે સારી બાબત છે. અલબત્ત, સરકાર કે કોઈ એજન્સી દ્વારા જાહેર થતી વિગતો ઉપર સંશય હોય નહીં, પરંતુ આ આંકડાઓની વચ્ચે પણ વાસ્તવિક સ્થિતિ અલગ હોવાની સ્થિતિનો ઈતિહાસ સાક્ષી છે. દેશમાં એલપીજી, પેટ્રોલ-ડીઝલની કિંમતો વધી છે, તેની અસર તમામ ક્ષેત્રો ઉપર થઈ રહી છે. આજે વિકાસ દર જળવાયો છે, તે ભવિષ્યમાં પણ જળવાઈ રહે તો તે ચોક્કસ સરકારની સિદ્ધિ હશે.

### ૫ મહિનામાં ૮૭૭૦૦ નોકરીઓ ઘટી

## અમેરિકામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI)ને કારણે રેકોર્ડ છટણી, ટેક સેક્ટર સૌથી વધુ પ્રભાવિત

(સંપૂર્ણ સમાચાર સેવા) **વૉશિંગ્ટન, તા.૦૮**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની અસર હવે માત્ર કામ કરવાની રીત જ નહીં પરંતુ, નોકરીઓ પર પણ પડી રહી છે. અમેરિકામાં ૨૦૨૬ દરમિયાન જાહેર કરવામાં આવેલી છટણીઓમાં એઆઈ સૌથી મોટું કારણ બની ગયું છે.

રિપોર્ટ મુજબ, કંપનીઓ દ્વારા કર્મચારીઓની છટણી માટે એઆઈનો ઉલ્લેખ સતત ત્રીજા મહિને સૌથી વધુ કરવામાં આવ્યો છે. જાણીતી કંપનીના આંકડા મુજબ, મે ૨૦૨૬માં અમેરિકન કંપનીઓએ કુલ ૯૭,૦૦૬ નોકરીઓ ઘટાડવાની જાહેરાત કરી હતી. તેમાં લગભગ ૪૦ ટકા છટણી માટે એઆઈને જવાબદાર ગણાવવામાં આવ્યું હતું. પહેલા પાંચ મહિનામાં એઆઈ સાથે જોડાયેલી આશરે ૮૭,૭૦૦ નોકરીઓની કપાત જાહેર થઈ હતી. જે સમગ્ર ૨૦૨૫ના આંકડા કરતા વધારે છે.સૌથી મોટો ફટકો ટેકનોલોજી સેક્ટરને પડ્યો છે. મે મહિનામાં માત્ર ટેક સેક્ટરમાં જ ૩૮,૨૪૨ નોકરીઓ ઘટાડવાની જાહેરાત કરી હતી. જે છેલ્લા લગભગ બે વર્ષમાં સૌથી ઊંચો માસિક આંકડો છે. વર્ષ ૨૦૨૬ દરમિયાન અત્યાર સુધી ટેક સેક્ટરમાં ૧.૨૩ લાખથી વધુ નોકરીઓ કપાઈ ચૂકી છે. જેમાં, કંપનીઓમાં કરવામાં આવેલ પુનઃગઠન સામેલ છે. ઘણી કંપનીઓ કર્મચારીઓ ઘટાડીને એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓટોમેશન પાછળ ખર્ચ કરી રહી છે. રસપ્રદ વાત એ છે કે, છટણીઓ છતાં અમેરિકામાં કુલ રોજગાર બજાર મજબૂત છે. ઘણાં સેટર્સમાં નવી ભરતી ચાલુ છે. પરંતુ, માંગ હવે સામાન્ય ઓફિસ કામ કરતા એઆઈ, ડેટા, સોફ્ટવેર અને ટેકનિકલ સ્કીલ્સ ધરાવતા કર્મચારીઓની વધુ છે. એઆઈને કારણે નોકરીઓ સંપૂર્ણપણે ગાયબ થવાને બદલે કામનું સ્વરૂપ ઝડપથી બદલાઈ રહ્યું છે.

**સૌથી મોટો ફટકો ટેકનોલોજી સેક્ટરને પડ્યો છે. મે મહિનામાં માત્ર ટેક સેક્ટરમાં જ ૩૮,૨૪૨ નોકરીઓ ઘટાડવાની જાહેરાત કરી હતી**

## ઈન્ડિયા બ્લોકની બેઠકમાં ૫ મોટા નિર્ણયો લેવાયા : દર ૨ મહિને ભેગા થશે વિપક્ષી નેતાઓ

### ૮ ઓગસ્ટે હૈદરાબાદમાં આગામી મંથનઃ આર્થિક સ્થિતિ, વધતી મોંઘવારી અને બેરોજગારીના મુદ્દાને દેશભરમાં મોટા પાયે ઉઠાવવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૮**

દિલ્હીમાં ઈન્ડિયા બ્લોક (INDIA Block)ની એક મહત્ત્વની અને લાંબી બેઠક યોજાઈ હતી. આ મીટિંગ પછી કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખરગેએ ભાજપ સરકાર સામે આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે વિપક્ષી પક્ષો હવે વધુ એકતા અને મજબૂતીથી લડશે અને જનતાના પ્રશ્નોને સતત ઉઠાવતા રહેશે. આ ગઠબંધન પાંચ મોટા મુદ્દાઓ પર સહમત થયું છે, જેને લઈને આગામી દિવસોમાં સંસદથી લઈને રસ્તાઓ સુધી સરકારનો વિરોધ કરવામાં આવશે.




આ બેઠકમાં આશરે ૨૫ વિપક્ષી પક્ષોએ ભાગ લીધો હતો. ખરગેએ દ્દઈઈ પેપર લીકના મુદ્દાને યુવાનોના ભવિષ્ય સાથે મોટી છેતરપિંડી ગણાવી હતી. તેમણે આક્ષેપ કર્યો કે સરકાર આ પરીક્ષા સારી રીતે યોજવામાં સાવ નિષ્ફળ રહી છે, તેથી ઈન્ડિયા બ્લોકે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી કરી છે. વિપક્ષ આગામી ચોમાસુ સત્રમાં પણ આ મુદ્દો ખૂબ જોરશોરથી ઉઠાવશે. બેઠકમાં દેશની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને પાંચ મુખ્ય નિર્ણયો લેવામાં આવ્યા છેઃ

**૧. મોંઘવારી અને બેરોજગારીઃ** આર્થિક સ્થિતિ, વધતી મોંઘવારી અને બેરોજગારીના મુદ્દાને દેશભરમાં મોટા પાયે ઉઠાવવામાં આવશે અને સંયુક્ત અભિયાન ચલાવાશે.

**૨. NEET પેપર લીકઃ** પરીક્ષા પ્રણાલીની ગેરરીતિઓ સામે કેન્દ્ર સરકારને ઘેરવાનું ચાલુ રખાશે અને શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ પર અડગ રહેશે.

**૩. ચૂંટણી પ્રક્રિયા પર સવાલઃ** SIR પ્રક્રિયા અને કરોડો લોકોના મતદાન અધિકારો છીનવાઈ રહ્યા હોવાના આક્ષેપ સાથે વિપક્ષી ગઠબંધન દેશના મુખ્ય ન્યાયાધીશ (CJI)ને પત્ર લખશે.

**૪. દર બે મહિને બેઠકઃ** ઈન્ડિયા બ્લોકના પક્ષો વચ્ચે તાલમેલ જાળવવા માટે હવે દર બે મહિને મોટી બેઠક મળશે. આ અંતર્ગત આગામી બેઠક ૮ ઓગસ્ટના રોજ હૈદરાબાદમાં યોજાશે.

**૫. મોન્સૂન સત્રની વ્યૂહનીતિઃ** સંસદના આગામી સત્રમાં તમામ વિપક્ષી દળો સાથે મળીને ભાજપ સરકાર સામે એક સંયુક્ત વ્યૂહનીતિ તૈયાર કરશે.

મલ્લિકાર્જુન ખરગેએ કેન્દ્ર સરકારની વિદેશ નીતિ સામે પણ સવાલો ઉઠાવતા કહ્યું કે, ભારતની પરંપરાગત વિદેશ નીતિ નબળી પડી છે અને તેનાથી આંતરરાષ્ટ્રીય સ્તરે દેશની સ્થિતિ પર અસર થઈ છે.

વિપક્ષી નેતાઓએ દાવો કર્યો હતો કે લોકસભામાં ૧૭ એપ્રિલ, ૨૦૨૬ના રોજ બંધારણ સુધારા વિધેયકને હરાવીને વિપક્ષે પોતાની એકતા સાબિત કરી દીધી હતી અને હવે આ એકતા વધુ મજબૂત કરાશે. રાજકીય વિશ્લેષકોના મતે, ઈન્ડિયા બ્લોક હવે માત્ર સંસદ પૂરતો સીમિત ન રહેતા અત્યારથી જ વર્ષ ૨૦૨૯ની લોકસભા ચૂંટણીની તૈયારીઓમાં લાગી ગયો છે.

### ૨૦૨૬માં અમેરિકામાં કેરીની આયાતમાં વધુ ૭ ટકા વૃદ્ધિ થવાની શક્યતા છે

## અમેરિકામાં ભારતીય કેરીની ધૂમ, બજાર $1 અબજને વટાવી ગયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ન્યૂયોર્ક/સિએટલ, તા.૦૮**

અમેરિકામાં શહેરોમાં ભારતીય કેરી ધૂમ મચાવી રહી છે. અમેરિકન ગ્રાહકો ભારતીય કેરીની લોકપ્રિય જાતોનો સ્વાદ માણી રહ્યા છે અને વધુને વધુ કેરીની માંગ કરી રહ્યા છે. ફળોના રાજા ગણાતી કેરીની નિકાસ અને વપરાશને વેગ આપવા માટે સિએટલમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસે યુએસ પેસિફિક નોર્થવેસ્ટ રિઝનમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યું હતું અને તેમાં અમેરિકાની અગ્રણી રિટેલ કંપનીઓએ ભાગ લીધો હતો. અમેરિકામાં કેરીનું આયાત માર્કેટ ૨૦૨૫માં એક અબજ ડોલરના આંકને વટાવી ગયું હતું અને તેમાં ઝડપથી વધારો પણ થઈ રહ્યો છે. ભારતીય વાણિજ્ય દૂતાવાસે શુક્રવારે યોજેલા 'મેંગો મેજિકઃ પ્રમોશન એન્ડ ટેસ્ટિંગ ઈવેન્ટ ઓફ ઈન્ડિયન મેંગો'માં અમેરિકાની રિટેલ જાયન્ટ્સ કંપની કોસ્કોના વરિષ્ઠ અધિકારીઓ સહિત ૧૦૦થી વધુ અગ્રણી આયાતકારોએ ભાગ લીધો હતો. આ મહેમાનોએ ભારતીય કેરીની સાત પ્રીમિયમ જાતોનો સ્વાદ પણ માણ્યો હતો. આ કાર્યક્રમાં મહારાષ્ટ્રની આલ્ફોન્સો અને કેસર, આંધ્રપ્રદેશની બંગનાપલ્લે અને હિમાયત, ઉત્તરપ્રદેશની લંગડા અને પ્રખ્યાત દશેરી અને ગુજરાતની રાઈપ રાજાપુરી પ્રદર્શિત કરાઈ હતી. એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી સાથે ભાગીદારીમાં આયોજિત ઈન્ડિયન મેંગો પ્રમોશન ઈવેન્ટમાં એક ખાસ લંચ પણ હતું, જેમાં ભારતીય કેરીની સાત જાતોનો ઉપયોગ કરીને બનાવેલી ભારતીય વાનગીઓએ પીરસવામાં આવી હતી.

### રિટેલ જાયન્ટ્સ કોસ્કોના સ્ટોર્સમાં બે કલાકમાં જ સ્ટોક ખલાસઃ સ્ટોર્સમાં માંગ એટલી છે કે સ્ટોક ટકતો જ નથી






વોશિંગ્ટન સ્ટેટના લેફ્ટનન્ટ ગવર્નર ડેની હેકે એક વિડીયો સંદેશમાં જણાવ્યું હતું કે હું જીવીશ ત્યાં સુધી કેરીના આગમનનો પ્રથમ દિવસ ફરી ક્યારેય ચૂકીશ નહીં. હેકે વોશિંગ્ટન રાજ્યમાં ખાસ કરીને કોસ્કો જેવા અગ્રણી યુએસ રિટેલર્સમાં ભારતીય કેરીની રજૂઆતનું સ્વાગત કર્યુ હતું. કોસ્કોના તાજા ફળ વિભાગના વાઈસ પ્રેસિડેન્ટ બોબ હસ્કીએ જણાવ્યું કે કંપનીએ તાજેતરમાં જ કેસર કેરીનું વેચાણ શરૂ કર્યું છે અને તેની માંગ એટલી વધુ છે કે સ્ટોક ફરી ભરાય તે પહેલાં જ વેચાઈ જાય છે. વોશિંગ્ટન રાજ્યના સેનેટર્સ ટીના ઓરવેલ, મેનકા ઢીંગરા અને વંદના સ્લેટર તથા જાપાન અને ઉઝબેકિસ્તાનના કોન્સલ જનરલ હાજર રહ્યાં હતાં અને ભારતીય કેરીના સ્વાદનો સ્વાદ માણ્યો હતો.

ગયા વર્ષે ભારતીય દૂતાવાસે સિએટલમાં ભારતીય કેરીઓના પ્રચારની શરૂઆત કરી હતી અને કોસ્કો સહિતના ભાગીદારો સાથે મળીને અમેરિકન ગ્રાહકો સુધી ભારતીય કેરી પહોંચાડવા માટે પ્રયાસો શરૂ કર્યા હતાં અને આ પ્રયાસો હવે રંગ લાવી રહ્યાં છે. મે મહિનામાં કોસ્કોએ ભારતમાંથી કેસર કેરીનો પ્રથમ મોટો જથ્થો આયાત કર્યો હતો, જે અમેરિકાના વિવિધ શહેરોમાં આવેલા તેના સ્ટોર્સમાં પહોંચાડવામાં આવ્યો હતો. કંપનીના પ્રતિનિધિઓના જણાવ્યા અનુસાર, ભારતીય કેરીનો જથ્થો સ્ટોર્સમાં પહોંચ્યા બાદ માત્ર બે કલાકમાં જ સંપૂર્ણપણે વેચાઈ ગયો હતો, જે અમેરિકામાં ભારતીય કેરી માટેની ભારે માંગનો પુરાવો છે. અમેરિકામાં ભારતીય કેરીની નિકાસ ૧૮ વર્ષના પ્રતિબંધ બાદ ૨૦૦૭માં ફરી શરૂ થઈ હતી. ત્યારથી નિકાસમાં ઝડપથી વધારો થયો છે. ૨૦૨૩-૨૪માં અમેરિકામાં ભારતીય કેરીની નિકાસ એક કરોડ ડોલર સુધી પહોંચી ગઈ હતી, જે અગાઉના વર્ષના ૪૩.૬ લાખ ડોલરની સરખામણીએ ૧૩૦ ટકા વધુ છે. ૨૦૨૬માં અમેરિકામાં કેરીની આયાતમાં વધુ ૭ ટકા વૃદ્ધિ થવાની શક્યતા છે, ૨૦૨૫માં અમેરિકાનું કુલ કેરી આયાત બજાર એક અબજ ડોલરના આંકને વટાવી ગઈ હતી.

### ઈઝરાયેલે લેબેનોનમાં બોમ્બમારો જારી રાખતાં ઇરાન ભડક્યું

## શાંતિ કરાર પછી જ ઈરાન પરના પ્રતિબંધો હટાવીશું: ટ્રમ્પ

### સંસદના સ્પીકર મોહમ્મદ બાઘેર ઘલીબાફે જણાવ્યું હતું કે અમેરિકા અને ઈઝરાયેલના થાણા અને મિલ્કતો હવે અમારા નિશાન પર રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૦૮**

ઈરાન સાથેની શાંતિ મંત્રણા માટે પોતાનું વલણ વધુ આકરું બનાવતા અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે તેઓ કોઈપણ સંભવિત શાંતિ કરાર પહેલા ઈરાનની જપ્ત કરાયેલો સંપત્તિઓને મુક્ત નહીં કરે અથવા પ્રતિબંધો હટાવવા માટે સંમત થશે નહીં. આની સાથે તેમણે ઈરાન સંમત થાય કે ન થાય, પરંતુ તેના સંવર્ધિત યુરેનિયમના ભંડાર પર અંકુશ મેળવવાનો અને તેનો નાશ કરવાની પણ ચેતવણી આપી હતી. બીજી બાજુ ઇઝરાયેલે લેબનોનમાં બોમ્બમારો ચાલુ રાખ્યો છે. જેમાં વધુ બે લોકોનાં મોત થયા છે અને એક ડઝનથી વધુ ઘવાયા છે. ઈરાને તેનો આકરો બદલો લેવાનો હુંકાર કર્યો છે. સંસદના સ્પીકર મોહમ્મદ બાઘેર ઘલીબાફે જણાવ્યું હતું કે અમેરિકા અને ઈઝરાયેલના થાણા અને મિલ્કતો હવે અમારા નિશાન પર રહેશે. બહેરીન અને કુવૈત પર ઈરાનના બેલિસ્ટિક મિસાઈલ અને ડ્રોન હુમલા અને તે પછી અમેરિકના ઈરાનના સર્વેલાન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરના હુમલા પછી ટ્રમ્પે આ નિવેદન આપ્યું હતું. બંને દેશો વચ્ચે લશ્કરી સંઘર્ષ વચ્ચે શાંતિ મંત્રણાના પ્રયાસો પણ તેજ થયા છે. પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસીન નકવી પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરનો સંદેશ લઈને તહેરાન પહોંચ્યાં હતાં. અગાઉ પણ પાકિસ્તાનની મધ્યસ્થીમાં ઈરાન અને અમેરિકાના અધિકારીઓએ મંત્રણા કરી હતી. જોકે તેમાં કોઈ સફળતા મળી ન હતી. ટ્રમ્પે જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ મહિનાથી ચાલતા યુદ્ધને સમાપ્ત કરવા માટે કોઈ કરાર થાય છે, તો અમેરિકા ઈરાનના સંવર્ધિત યુરેનિયમને શોધીને તેનો નાશ કરવામાં ઈરાન સાથે મળીને કામ કરશે. ન્યૂઝના 'મીટ ધ પ્રેસ' કાર્યક્રમમાં આપેલા ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે જો કોઈ સમજૂતી નહીં થાય, તો અમેરિકા ઈરાનની સૈન્ય ક્ષમતાને વધુ નબળી બનાવશે, જેથી અમેરિકન દળો સુરક્ષિત રીતે તેને પરમાણુ સામગ્રી જપ્ત કરી શકે. જો અમારી વચ્ચે એવો કરાર થાય કે હવે અમે મિત્રતાપૂર્વક આગળ વધીએ છીએ, તો અમે સાથે મળીને કામ કરીશું. સાધનો અમારા હશે. અમે તે યુરેનિયમને બહાર કાઢી તેનો નાશ કરીશું. અમેરિકી પ્રેસિડન્ટે દાવો કર્યો હતો કે તેઓ ઈરાન સાથે કરાર કરવા માટે ખૂબ નજીક પહોંચી ગયા છે, પરંતુ તેઓ ઈરાન પર વધુ દબાણ કરી રહ્યા છે, જેથી તે પોતાની પરમાણુ મહત્ત્વાકાંક્ષાઓને સંપૂર્ણપણે છોડી દેવાની પ્રતિબદ્ધતા આપે. તેમણે ચેતવણી આપી હતી કે જો કરાર નહીં થાય તો અમે ઈરાન સામે ખૂબ કડક સૈન્ય કાર્યવાહી કરીશું, જેથી દરેક સ્થિતિમાં અમારી સુરક્ષા સુનિશ્ચિત રહેશે. શાંતિ કરાર પૂર્ણ ન થાય ત્યાં સુધી ઈરાન પરના પ્રતિબંધો હટાવવામાં આવશે નહીં અને તેની જપ્ત કરાયેલી સંપત્તિઓ પણ મુક્ત કરાશે નહીં.

ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઈરાને એ હકીકત સ્વીકારી લીધી છે કે તે પરમાણુ હથિયારો નહીં બનાવે. કરારના ડ્રાફ્ટમાં પણ એવી જોગવાઈ છે કે ઈરાન પરમાણુ હથિયારો વિકસાવશે નહીં, પરંતુ કરારમાં વધુ એક મહત્વપૂર્ણ જોગવાઈ ઉમેરવી જરૂરી છે. જો તેઓ પોતે પરમાણુ હથિયારો વિકસાવતા ન હોય, પરંતુ તેને ખરીદી લે અથવા કોઈ રીતે મેળવી લે તો શું? હું કરારમાં 'ખરીદવા, મેળવવા અથવા હસ્તગત કરવા' જેવા શબ્દો ઉમેરવા માંગું છું. ઈરાનને પરમાણુ હથિયારો વિકસાવવાનો, ખરીદવાનો કે કોઈ પણ રીતે મેળવવાનો અધિકાર ન હોવો જોઈએ. આ કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી અમેરિકન સૈનિકોને આ વિસ્તારમાં તૈનાત રખાશે.

### ઈરાનની ધમકીથી દુનિયાના શ્વાસ અધ્ધર

## 'હોર્મુઝ બાદ બાબ અલ મંદેબ પણ બંધ કરી દઈશુ'

### ઈરાન હવે યમનમાં સક્રિય પોતાના સમર્થિત 'હૂતી' લડવૈયાઓનો ઉપયોગ કરીને 'બાબ-અલ-મંદેબ સ્ટ્રેટ' જળમાર્ગને નિશાન બનાવી શકે છે







(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૦૮**

પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) માં ચાલી રહેલો તણાવ હવે સંપૂર્ણપણે કાબૂ બહાર જઈ ચૂક્યો છે. એપ્રિલ મહિનાના યુદ્ધવિરામ બાદ તેહરાનથી થયેલા સીધા મિસાઈલ હુમલાના જવાબમાં ઈઝરાયલે ઈરાન પર 'શક્તિશાળી વળતો પ્રહાર' (જવાબી હુમલો) કરી દીધો છે. ઈઝરાયલના આ આકરા સૈન્ય એક્શન બાદ હવે ઈરાન તરફથી વિશ્વને હચમચાવી દેનારી આંતરરાષ્ટ્રીય ધમકી ઉચ્ચારવામાં આવી છે, જેના કારણે વૈશ્વિક વેપાર અને તેલ પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ જવાનો ખતરો પેદા થયો છે.

આંતરરાષ્ટ્રીય ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, ઈરાનના વરિષ્ઠ નેતા અલી વિલાયતીએ વર્તમાન પરિસ્થિતિ અંગે કડક વલણ અપનાવતા જણાવ્યું છે કે, "હાલના સંજોગો જોઈને દુશ્મને કોઈ પણ પ્રકારની ગેરસમજમાં રહેવાની જરૂર નથી."

તેમણે ઈઝરાયલને સ્પષ્ટ સંદેશ આપતા ધમકી આપી છે કે હવે તેની પાસે માત્ર બે જ રસ્તા બચ્યા છે; કાં તો તે પોતાની બેવકૂફી (સૈન્ય હુમલા) તાત્કાલિક બંધ કરે અથવા તો એવા ગંભીર પરિણામોનો સામનો કરવા તૈયાર રહે જ્યાં વિશ્વના બે સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો પર તેને સણસણતો અને સંતુલિત જવાબ મળી શકે. વ્યૂહાત્મક અને સૈન્ય નિષ્ણાતોના મતે, અલી વિલાયતીનો ઈશારો સીધો જ વૈશ્વિક દરિયાઈ પરિવહન અને વેપારી જહાજોની અવરજવર પર દબાણ વધારવા તરફ છે.

ઈરાન હવે યમનમાં સક્રિય પોતાના સમર્થિત 'હૂતી' લડવૈયાઓનો ઉપયોગ કરીને 'બાબ-અલ-મંદેબ સ્ટ્રેટ' જળમાર્ગને નિશાન બનાવી શકે છે. આ એ જ મહત્વપૂર્ણ સમુદ્રી રસ્તો છે જે યમન, જિબૂતી અને ઈરિટ્રિયા વચ્ચે આવેલો છે અને યુરોપ, એશિયા તેમજ આરબ દેશો વચ્ચેના કરોડો અબજોના વ્યાપાર માટે કરોડરજ્જુ સમાન માનવામાં આવે છે.

જો ઈરાન અને હૂતી લડવૈયાઓ દ્વારા આ દરિયાઈ માર્ગો પર જહાજોની અવરજવર રોકવામાં આવે અથવા તેમના પર હુમલા તેજ કરાય, તો તેની સીધી અને વિનાશક અસર વૈશ્વિક વેપાર અને ક્રૂડ ઓઈલની સપ્લાય ચેઈન પર પડશે. તેલ પુરવઠો ખોરવાઈ જવાથી ભારત સહિત દુનિયાના અનેક દેશોમાં પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચશે અને મોંઘવારીનો નવો વિસ્ફોટ થવાની ચિંતા જગતના અર્થશાસ્ત્રીઓને સતાવી રહી છે.

હાલમાં સમગ્ર વિશ્વની નજર એ વાત પર ટકેલી છે કે ઈઝરાયેલના આ પલટવાર અને ઈરાનની નવી આર્થિક-સૈન્ય ધમકી બાદ સુપરપાવર અમેરિકા અને ડોનાલ્ડ ટ્રમ્પ આગામી સમયમાં શું પગલું ભરે છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

બેસ્ટ પ્રદર્શન કરનાર દેશનો બીજો ભારતીય સ્પિનર બન્યો

## ડેબ્યૂ ટેસ્ટમાં જ માનવ સુથારનો મોટો ચમત્કાર




(સંપૂર્ણ સમાચાર સેવા)

**ન્યૂ ચંદીગઢ, તા.૦૮ :** ભારતીય ક્રિકેટના ૯૪ વર્ષના ટેસ્ટ ઈતિહાસમાં એક નવો સુવર્ણ અધ્યાય લખાઈ ચૂક્યો છે. અફઘાનિસ્તાન સામે મુલ્લનપુરમાં રમાઈ રહેલી એકમાત્ર ટેસ્ટ મેચમાં પોતાની કરિયરની પ્રથમ મેચ રમી રહેલા લેફ્ટી સ્પિનર માનવ સુથારે એવો તરખાટ મચાવ્યો છે કે ક્રિકેટ જગત દંગ રહી ગયું છે. વિશ્વ ક્રિકેટમાં લાંબા સમયથી ક્વોલિટી લેફ્ટ-આર્મ સ્પિનરોની જે ખોટ વર્તાતી હતી, તેને પૂરી કરવા માટે ભારતને એક નવો હીરો મળી ગયો છે. માનવ સુથારે મેચના ત્રીજા દિવસે અદભુત બોલિંગ કરીને પોતાની પ્રથમ જ ટેસ્ટ મેચમાં ૬ વિકેટ ઝડપવાનું કારનામું કર્યું છે.

મેચના બીજા દિવસે અફઘાનિસ્તાનના બેટ્સમેનોને હંફાવ્યા બાદ સોમવારે ત્રીજા દિવસે પણ માનવ સુથારનો જાદુ યથાવત રહ્યો હતો. માનવ સુથારે કિલર બોલિંગ કરતા માત્ર ૨૨ ઓવરમાં ૧૦ મેડન રાખીને માત્ર ૩૩ રન આપ્યા અને ૬ વિકેટ ઝડપી લીધી હતી. આ શાનદાર પ્રદર્શન સાથે તે ભારતના ૯૪ વર્ષના ટેસ્ટ ઈતિહાસમાં ડેબ્યૂ મેચમાં જ ૫ કે તેથી વધુ વિકેટ લેનારા ૧૦મો ભારતીય બોલર બન્યો છે.

આ સાથે જ તે ડેબ્યુ ટેસ્ટમાં ભારત તરફથી બીજું સવર્શ્રેષ્ઠ પ્રદર્શન કરનારો સ્પિનર પણ બની ગયો છે. ભારત તરફથી ડેબ્યૂ ટેસ્ટમાં સૌથી શ્રેષ્ઠ પ્રદર્શનનો રેકોર્ડ નરેન્દ્ર હિરવાનીના નામે છે, જેણે ૧૯૮૮માં વેસ્ટ ઈન્ડિઝ સામે મેચમાં કુલ ૧૬ વિકેટ ઝડપી હતી. મુલ્લનપુરની પીચ પર બોલરો માટે કોઈ ખાસ મદદ નહોતી, તેમ છતાં માનવ સુથારે પોતાની લાઈન, લેન્થ અને કંટ્રોલથી દિગ્ગજોને પ્રભાવિત કર્યા હતા. બીજા દિવસે રવિવારે પોતાની પ્રથમ જ ઓવરમાં ઓપનર અબ્દુલ મલિકને આઉટ કર્યા બાદ તેણે રહેમાનુલ્લાહ ગુરબાઝ અને અફસર ઝાઝઈને પેવેલિયન ભેગા કર્યા હતા. હવામાં બોલને શાર્પ ટર્ન કરાવવાની તેમની ક્ષમતા અને અદભુત એક્શનના કારણે બીજા દિવસે જ સ્પષ્ટ થઈ ગયું હતું કે તે આ મેચમાં મોટો કમાલ કરશે.

બીજા દિવસના શાનદાર પ્રદર્શનથી આત્મવિશ્વાસથી માનવ સુથારે ત્રીજા દિવસે સોમવારે પણ અફઘાનિસ્તાનની બેટિંગ લાઈન-અપને વેરવિખેર કરી નાખી હતી. તેણે પહેલા શરફુદ્દીન, ત્યારબાદ ક્રિઝ પર જામી ગયેલા રહેમત શાહ અને છેલ્લે મોહમ્મદ સલીમને આઉટ કરીને પોતાની ૬ વિકેટ પૂરી કરી હતી.

## T20 કેપ્ટન બનતા જ શ્રેયસ અય્યરે બતાવ્યા કડક તેવર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૮ :** ભારતીય ક્રિકેટ ટીમમાં નેતૃત્વના એક નવા અધ્યાયની શરૂઆત થઈ ચૂકી છે. ભારતીય T20 ટીમના નવનિયુક્ત કેપ્ટન શ્રેયસ અય્યરે સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે તે ટીમનું નેતૃત્વ પોતાની આગવી શૈલીમાં કરવા માગે છે અને કોઈની છાયામાં રહીને કામ કરવા ઈચ્છતો નથી. તેણે ભારપૂર્વક કહ્યું કે, કેપ્ટનશિપની આ મોટી જવાબદારી તેના માટે ગૌરવની બાબત છે, પરંતુ તેના માટે તે પોતાના મૂળ વ્યક્તિત્વમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરશે નહીં.

મુંબઈમાં યોજાયેલા એક ખાસ કાર્યક્રમ દરમિયાન શ્રેયસ અય્યરે T20 ટીમની કમાન સંભાળવા અંગે પોતાના વિચારો મુક્તપણે વ્યક્ત કર્યા હતા. તેણે જણાવ્યું કે, ભારતીય ટીમનું નેતૃત્વ કરવાની તક મળવી એ તેના માટે સન્માન અને મોટી જવાબદારી બંને સમાન છે. પત્રકારો સાથેની વાતચીતમાં શ્રેયસ અય્યરે કહ્યું કે, "મને કેપ્ટનની જવાબદારી મળી છે અને તે મારા માટે એક શાનદાર પડકાર છે. જોકે તેના માટે મને મારા વ્યક્તિત્વમાં કોઈ બદલાવ લાવવાની જરૂર નથી. હું જેવો હતો તેવો જ રહીશ. હું કોઈ અન્ય વ્યક્તિ જેવો બનવાનો નકામો પ્રયાસ નહીં કરું અને કોઈની છાયામાં પણ રહેવા માગતો નથી."

ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં જ્યારે પણ કોઈ નવો કેપ્ટન આવે છે, ત્યારે તેની સરખામણી પૂર્વ કેપ્ટનો જેમ કે રોહિત શર્મા અને મહેન્દ્ર સિંહ ધોની સાથે કરવામાં આવતી હોય છે. આવી સ્થિતિમાં અય્યરના આ આક્રમક નિવેદનને ભારતીય ક્રિકેટમાં પોતાની એક સ્વતંત્ર અને આગવી ઓળખ સ્થાપિત કરવાના મજબૂત સંકેત તરીકે જોવામાં આવી રહ્યું છે. શ્રેયસ અય્યર માટે ભારતીય T20 ટીમમાં વાપસી કરવાનો આ માર્ગ બિલકુલ સરળ રહ્યો નહોતો. ડિસેમ્બર ૨૦૨૩માં પોતાની છેલ્લી T20 આંતરરાષ્ટ્રીય મેચ રમ્યા બાદ તે લાંબા સમય સુધી રાષ્ટ્રીય ટીમની બહાર રહ્યો હતો. ટીમને કારણે તે T20 વર્લ્ડ કપ અને એશિયા કપ જેવી મોટી ટૂર્નામેન્ટોમાં પણ સ્થાન મેળવી શક્યો નહોતો. જોકે તેણે હિંમ્મત હાર્યા વિના ઘરેલુ ક્રિકેટમાં સતત રનનો અંબાર લગાવ્યો અને આઈપીએલમાં ખૂબ જ અસરકારક પ્રદર્શન કરીને મુખ્ય પસંદગીકારો સમક્ષ પોતાની દાવેદારી મજબૂત બનાવી હતી.

કે.એલ.રાહુલના નામે નોંધાયો અનોખો રેકોર્ડ

## કે.એલ. રાહુલે પોતાની ટેસ્ટ કારકિર્દીની ૧૨મી સદી પૂરી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ચંદીગઢ, તા.૦૮ :** ક્રિકેટ જગતમાં હંડ્રેડ એન્ડ આઉટ વાક્ય ઘણું પ્રખ્યાત છે, જેનો અર્થ થાય છે કે બેટર સદી પૂરી કરીને તરત જ પોતાની વિકેટ ગુમાવી બેસે. પરંતુ હવે આ વાક્ય વૈશ્વિક સ્તરે ભારતીય સ્ટાર બેટર કે.એલ. રાહુલ સાથે જોડાઈ ગયું છે. અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચના પહેલા જ દિવસે રાહુલે એક એવો અનોખો વિશ્વ રેકોર્ડ પોતાના નામે કર્યો છે, જે ટેસ્ટ ક્રિકેટના ૧૪૯ વર્ષથી વધુના ઈતિહાસમાં કોઈ પણ બેટર ક્યારેય બનાવી શક્યો નથી.

શનિવારે ભારતીય ઈનિંગ્સ દરમિયાન ન્યૂ ચંડીગઢની પીચ પર અનુભવી જમણા હાથના ઓપનર કે.એલ. રાહુલે અફઘાન બોલર ઝિયાઉર રહેમાન શરીફીને શાનદાર ફ્લિક શોટ ફટકારીને બે રન લીધા અને પોતાની ટેસ્ટ કારકિર્દીની ૧૨મી સદી પૂરી કરી હતી. સદી પૂરી થતાં જ રાહુલે હંમેશની જેમ હેલ્મેટ ઉતારી, હવામાં હાથ ઊંચા કરીને ખુશી વ્યક્ત કરી હતી. પરંતુ આ ખુશી માત્ર એક બોલ પૂરતી જ સીમિત રહી. સદી પૂરી કર્યા પછીના જ બોલ પર ઝિયાઉર રહેમાને ઓફ-સ્ટમ્પની સહેજ બહાર લુપી હાફ-વોલી બોલ ફેંક્યો. રાહુલે તેને મિડલ કરીને શાનદાર કવર ડ્રાઈવ ફટકાર્યો, જે જોવામાં એકદમ પરફેક્ટ બાઉન્ડ્રી જેવો લાગતો હતો. જોકે, શોર્ટ કવર પર ફિલ્ડિંગ ભરી રહેલા અફઘાનિસ્તાનના રહેમાનુલ્લાહ ગુરબાઝે ચિત્તા જેવી ચપળતા બતાવી જમણી બાજુ અદભુત ડાઈવ લગાવીને કેચ પકડી લીધો હતો. આ સાથે જ રાહુલની ૧૬૫ બોલમાં બરાબર ૧૦૦ રનની ઈનિંગનો આશ્ચર્યજનક અંત આવ્યો હતો.

આ અનોખી ઈનિંગ સાથે જ કે.એલ. રાહુલે ભારત અને વિશ્વ ક્રિકેટમાં ઘણાં મોટા રેકોર્ડ પોતાના નામે કર્યા છે. ટેસ્ટ ક્રિકેટમાં ત્રણ વખત બરાબર ૧૦૦ રન પર આઉટ થનાર કે.એલ. રાહુલ પ્રથમ ભારતીય બેટર બન્યો છે. અગાઉ આ રેકોર્ડ સંયુક્ત રીતે માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર અને પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીના નામે હતો, જેઓ કરિયરમાં બે વાર બરાબર ૧૦૦ રને આઉટ થયા હતા. વિશ્વ ક્રિકેટમાં ઓસ્ટ્રેલિયાના સ્ટીવ વો અને ગ્રીમ વુડ ૩-૩ વાર તેમજ ઈંગ્લેન્ડના સર લિયોનાર્ડ હટન ૪ વાર બરાબર ૧૦૦ રને આઉટ થવાનો રેકોર્ડ ધરાવે છે. જોકે આ તમામ દિગ્ગજો અલગ-અલગ સમયે ૧૦૦ રને આઉટ થયા હતા, જ્યારે કે.એલ. રાહુલે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સતત ત્રણ ઈનિંગ્સમાં બરાબર ૧૦૦ રન બનાવીને આઉટ થવાની અનોખી હેટ્રિક નોંધી છે. આ અવિશ્વસનીય સાતત્યતાએ રાહુલને ક્રિકેટના ઈતિહાસના પાનાઓ પર અમર કરી દીધો છે.

ભારતના સ્પિનરો સામે અફઘાન બેટરો ફલોપ

# અફઘાનિસ્તાનને હરાવી ભારતે રચ્યો ઈતિહાસ, ટેસ્ટમાં સૌથી મોટી જીતનો બનાવ્યો રેકોર્ડ

**કેપ્ટન શુભમન ગિલ અને કેએલ રાહુલની શાનદાર સદી, તો ડેબ્યૂ મેચમાં સ્પિનર માનવ સુથારે ૬ વિકેટ ઝડપીને અફઘાનિસ્તાનની કમર તોડી નાખી**




(સંપૂર્ણ સમાચાર સેવા)

**ન્યૂ ચંદીગઢ, તા.૦૮**

નવા ચંદીગઢના મેદાન પર રમાયેલી એકમાત્ર ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયાએ અફઘાનિસ્તાનને ધૂળ ચટાડી દીધી છે. ૮ જૂનના રોજ પૂરી થયેલી આ મેચમાં ભારતે અફઘાનિસ્તાનને ૧ ઈનિંગ અને ૩૦૦ રનથી કચડીને ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં પોતાની સૌથી મોટી જીતનો નવો રેકોર્ડ બનાવ્યો છે. કેપ્ટન શુભમન ગિલ અને કેએલ રાહુલની ધમાકેદાર સદીઓ અને ત્યારબાદ પોતાની પહેલી જ મેચ રમી રહેલા સ્પિનર માનવ સુથારની ૬ વિકેટના તરખાટ સામે અફઘાન ટીમ સંપૂર્ણપણે ઘૂંટણિયે પડી ગઈ હતી. અગાઉ ૨૦૧૮માં ભારતે વેસ્ટ ઈન્ડીઝ સામે ૧ ઈનિંગ અને ૨૭૨ રનથી સૌથી મોટી જીત મેળવી હતી, જે રેકોર્ડ હવે તૂટી ગયો છે.

મેચમાં ટોસ જીતીને ભારતીય કેપ્ટન શુભમન ગિલે પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો, જે એકદમ સાચો સાબિત થયો. ભારતીય બેટ્સમેનોએ અફઘાન બોલરોની બરાબરની ધોલાઈ કરીને ૮ વિકેટે ૫૬૪ રનના જંગી સ્કોર પર પોતાનો દાવ ડિકલેર કર્યો હતો.

શુભમન ગિલ: ૧૫ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી શાનદાર ૧૨૬ રન (ટેસ્ટ કરિયરની ૧૧મી સદી).

કેએલ રાહુલ: ૧૧ ચોગ્ગાની મદદથી ૧૦૦ રન (ટેસ્ટ કરિયરની ૧૨મી સદી).

અન્ય યોગદાન: સાઈ સુદર્શન અને ઋષભ પંતે પણ ૮૧-૮૧ રનની ઉપયોગી ઈનિંગ્સ રમી, જ્યારે વોશિંગ્ટન સુંદરે અણનમ ૫૨ રન બનાવ્યા.

૫૬૪ રનના પહાડ જેવા સ્કોરના દબાણ સામે અફઘાનિસ્તાનની ટીમ પહેલી ઈનિંગમાં માત્ર ૧૫૨ રનમાં જ સમેટાઈ ગઈ. ડેબ્યૂ કરી રહેલા સ્પિનર માનવ સુથારે અફઘાન બેટ્સમેનોને રીતસરના નચાવ્યા અને પહેલી ઈનિંગમાં ૬ વિકેટ ઝડપી લીધી. અફઘાનિસ્તાન તરફથી માત્ર રહેમત શાહે ૬૦ રન બનાવીને થોડી લડત આપી હતી. ભારત તરફથી ફાસ્ટ બોલર પ્રસિદ્ધ કૃષ્ણાએ પણ સારી બોલિંગ કરી અને શરૂઆતની મહત્વની વિકેટો લીધી.

બીજી ઈનિંગમાં પણ શરણાગતિ (ફોલો-ઓન) :- પહેલી ઈનિંગના આધારે ૪૧૨ રનથી પાછળ રહ્યા બાદ, અફઘાનિસ્તાનને ફોલો-ઓન રમવાની ફરજ પડી હતી. બીજી ઈનિંગમાં પણ તેમની હાલત સુધરી નહીં અને આખી ટીમ માત્ર ૧૧૨ રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ.

બીજી ઈનિંગમાં સ્પિનર વોશિંગ્ટન સુંદરે ૪ અને કુલદીપ યાદવે ૩ વિકેટ લઈને અફઘાનિસ્તાનનો સફાયો કરી નાખ્યો. અફઘાન ખેલાડી શરાફુદ્દીન ઈજાના કારણે બેટિંગ કરવા આવી શક્યો ન હતો.

ભારતે અફઘાનિસ્તાનને એકમાત્ર ટેસ્ટમાં એક ઈનિંગ અને ૩૦૦ રને કારમો પરાજય આપ્યો છે. આ ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ભારતની સૌથી મોટી જીત છે.

ટીમ ઈન્ડિયા તરફથી પર્દાપણ કરનાર યુવા સ્પિનર માનવ સુથારે શાનદાર પ્રદર્શન કર્યું છે. ભારતે પ્રથમ ઈનિંગમાં ૫૬૪ રન બનાવી દાવ ડિકલેર કર્યો હતો. જેના જવાબમાં અફઘાનિસ્તાનની ટીમ પ્રથમ ઈનિંગમાં ૧૫૨ રનમાં ઓલઆઉટ થઈ જતાં ભારતે ફોલોઓન આપ્યું હતું. તો બીજી ઈનિંગમાં અફઘાનિસ્તાનની ટીમ માત્ર ૧૧૨ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ છે.

ફોલોઓન બાદ બીજી ઈનિંગમાં ઉતરેલી અફઘાનિસ્તાન ટીમના એક બાદ એક બેટરો ભારતના સ્પિનરો સામે ટકી શક્યા નહીં. અફઘાનિસ્તાન તરફથી બીજી ઈનિંગમાં માત્ર ત્રણ બેટરો બે આંકડાના સ્કોર સુધી પહોંચી શક્યા હતા. ભારત તરફથી બીજી ઈનિંગમાં વોશિંગટન સુંદરે ૩૬ રન આપી ૪, કુલદીપ યાદવે ૩૦ રન આપી ૩, માનવ સુથાર અને પ્રસિદ્ધ કૃષ્ણાએ એક-એક વિકેટ લીધી હતી.

પ્રથમ બેટિંગ કરતા ભારતે ૮ વિકેટ પર ૫૬૪ રન બનાવી ઈનિંગ ડિકલેર કરી હતી. ભારત માટે કેપ્ટન શુભમન ગિલે સૌથી મોટી ઈનિંગ રમતા ૧૫ ચોગ્ગા અને એક સિક્સની મદદથી ૧૨૬ રન બનાવ્યા હતા. આ સિવાય કેએલ રાહુલે ૧૧ ચોગ્ગાની મદદથી ૧૦૦ રન બનાવ્યા હતા. સાઈ સુદર્શન અને પંતે ૮૧-૮૧ રનનું યોગદાન આપ્યું હતું. વોશિંગટન સુંદરે પણ અણનમ ૫૨ રન બનાવ્યા હતા. આ સિવાય યશસ્વી જયસવાલે ૨૪, ધ્રુવ જુરેલે ૧૯, માનવ સુથારે ૨૮ રન અને સિરાજે ૨૨ રન ફટકાર્યા હતા.

## ૪૮૦૦ ઘૂસણખોરોને બાંગ્લાદેશ મોકલ્યા, ૮૩૬ને જલદી મોકલીશું: બંગાળ CMસુવેન્દુ અધિકારી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૦૮**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ અંગેની માહિતી શેર કરી હતી. રવિવારે તેમણે જણાવ્યું હતું કે, રાજ્યના સરહદી જિલ્લાઓમાં સ્થાપિત હોલ્ડિંગ સેન્ટરોમાંથી આશરે ૪,૮૦૦ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને બાંગ્લાદેશ મોકલવામાં આવ્યા છે અને આવા ૮૩૬ વ્યક્તિઓ હજુ ડિપોર્ટની રાહ જોઈ રહ્યા છે.

સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, બંગાળના મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગેરકાયદેસર ઈમિગ્રેશન એક મુખ્ય મુદ્દો છે અને તેમની સરકારે ભારત-બાંગ્લાદેશ સરહદને સુરક્ષિત કરવા માટે જરૂરી ૫૫૬ કિલોમીટરમાંથી લગભગ ૧૦૦ કિલોમીટર વાડ કરવા માટે સરહદ સુરક્ષા દળ (BSF) ને જમીન સોંપી છે. તેમણે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સુરક્ષા માટે જમીન ટ્રાન્સફર જરૂરી છે અને આંતરરાષ્ટ્રીય સરહદને સુરક્ષિત કરવી રાજ્ય સરકારની પ્રાથમિકતા છે.

ભાજપના ખાસ તાલીમ શિબિરની તૈયારી માટેની બેઠકને સંબોધતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, "વાડ માટે જરૂરી ૫૫૬ કિલોમીટર જમીનમાંથી અમે આશરે ૧૦૦ કિલોમીટર જમીન સરહદ સુરક્ષા દળ (BSF) ને સોંપી દીધી છે અને ઉત્તર બંગાળમાં ચિકન નેક કોરિડોરને પ્રાથમિકતા આપી છે."

ચિકન નેક સત્તાવાર રીતે સિલિગુડી કોરિડોર તરીકે ઓળખવામાં આવે છે તે ઉત્તર બંગાળમાં જમીનનો એક સાંકડો પટ્ટો છે, જે આશરે ૨૦-૨૨ કિલોમીટર પહોળો અને લગભગ ૬૦ કિલોમીટર લાંબો છે, જે બાકીના ભારતને ઉત્તરપૂર્વીય રાજ્યો સાથે જોડે છે. તે સુરક્ષા અને વ્યૂહાત્મક દ્રષ્ટિકોણથી મહત્વપૂર્ણ અને સંવેદનશીલ માનવામાં આવે છે. બધા રાજ્યોમાંથી પશ્ચિમ બંગાળ બાંગ્લાદેશ સાથે સૌથી લાંબી આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવે છે, જે કુલ ૪,૦૯૬ કિલોમીટરમાંથી ૨,૨૧૭ કિલોમીટર સુધી ફેલાયેલી છે. શુવેન્દુએ કહ્યું કે જે લોકો નાગરિકતા સુધારો અધિનિયમ (CAA) ના કાર્યક્ષેત્રમાં આવતા નથી તેમને સીધા BSFને સોંપવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે, દેશના અન્ય રાજ્યોમાં કાયદો લાગુ કરવામાં આવ્યો હોવા છતાં પશ્ચિમ બંગાળમાં અગાઉની તૃણમૂલ કોંગ્રેસ સરકારે તેનો અમલ કર્યો ન હતો, અને ઉમેર્યું હતું કે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને રાજ્યની જેલોમાં રાખવામાં આવ્યા હતા અને કરદાતાઓના ખર્ચે સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો હતો.

અધિકારીએ વધુમાં કહ્યું હતું કે, "રાજ્યના સરહદી જિલ્લાઓમાં સ્થાપિત હોલ્ડિંગ સેન્ટરોમાંથી લગભગ ૪,૮૦૦ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પાછા મોકલવામાં આવ્યા છે. તે સિવાય આવા ૮૩૬ લોકોના દેશનિકાલની પ્રક્રિયા ચાલી રહી છે. ઉત્તર ૨૪ પરગના જિલ્લાના હકીમપુર સરહદ પર લોકોની અવરજવર તરફ ઈશારો કરતા અધિકારીએ કહ્યું કે, ઘણા ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ પહેલાથી જ પોતાની મેળે ત્યાંથી નીકળી ગયા છે. અધિકારીએ આરોપ લગાવ્યો કે અગાઉની ટીએમસી સરકારે રાજ્યમાં વસ્તી ગણતરીનું કામ શરૂ કર્યું ન હતું અને કહ્યું કે ભાજપ સરકારે પ્રક્રિયા શરૂ કરી છે અને ૧ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન ઘરે-ઘરે સર્વે કરવામાં આવશે.

લેફ્ટેનન્ટ ગોસ્વામી પહાડી પરથી લપસીને ઊંડી ખાઈમાં પડી ગયા

## J&Kમાં આતંકવાદ સામેના સર્ચ ઓપરેશનમાં એક જવાન શહીદ



(સંપૂર્ણ સમાચાર સેવા)

**શ્રીનગર, તા.૦૮**

જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં આતંકવાદ વિરોધી 'ઓપરેશન શેરુવાલી' દરમિયાન ભારતીય સેનાના યુવા લેફ્ટેનન્ટ બીરેશ્વર ગોસ્વામી ફરજ બજાવતા શહીદ થયા છે. ૧૬ દિવસથી ચાલી રહેલા આ 'સર્ચ-એન્ડ-ડિસ્ટ્રોય' મિશન દરમિયાન, એક ઊભી પહાડી પરથી લપસીને ઊંડી ખાઈમાં પડી જવાથી તેમનું દુઃખદ અવસાન થયું હતું.

વ્હાઈટ નાઈટ કોર્પ્સના જીઓસીએ આ ઘટના પર શોક વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, લેફ્ટનન્ટ ગોસ્વામીએ અત્યંત મુશ્કેલ ભૂપ્રદેશ, ઊભી ખડકો અને પ્રતિકૂળ હવામાન વચ્ચે પોતાની ફરજ બજાવતા સર્વોચ્ચ બલિદાન આપ્યું છે. તેમનું સાહસ અને રાષ્ટ્ર પ્રત્યેનું નિઃસ્વાર્થ સમર્પણ હંમેશા દેશભક્ત સૈનિકો માટે પ્રેરણારૂપ રહેશે. શહીદ અધિકારીને શ્રદ્ધાંજલિ આપવા માટે તેમનો પાર્થિવ દેહ રવિવારે સવારે ૯:૪૫ વાગ્યે જમ્મુ એરફોર્સ સ્ટેશન લાવવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, મે મહિનાના અંતમાં શરૂ થયેલું આ અભિયાન રાજૌરીના ડોરીમાલ-ગંભીર મુઘલાન બેલ્ટના ગીચ જંગલોમાં હજુ પણ ચાલુ છે.

## ભારતમાં પ્રથમ LNG નિકાસ માટે અદાણી પોર્ટસ આર્જેન્ટિનાને ૧૦-વર્ષ માટે દરિયાઈ સેવાઓ આપશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**અમદાવાદ, તા.૦૮**

દક્ષિણ અમેરિકામાં તેનો પ્રવેશ દર્શાવતી અને આંતરરાષ્ટ્રીય દરિયાઈ સેવાઓનો વિસ્તાર કરતા એક મહત્વના પગલા રૂપ ભારતની સૌથી મોટી સંકલિત પરિવહન ઉપયોગિતા કંપનીઅદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ.એ આર્જેન્ટિનાના પ્રથમ લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) નિકાસ માટે ૧૦ વર્ષ દરિયાઈ સેવાઓ આપવા કરાર કર્યો છે.

સધર્ન એનર્જી S.A. (SESA) દ્વારા હાથ ધરવામાં આવેલી વૈશ્વિક સ્પર્ધાત્મક ટેન્ડર પ્રક્રિયાને અનુસરીને આર્જેન્ટિના સ્થિત મેરિડિયન ગ્રુપ સાથેના કન્સોર્ટિયમ દ્વારા અદાણી પોર્ટસ અને સેઝની સ્ટેપ-ડાઉન પેટાકંપની, ધ અદાણી હાર્બર ઈન્ટરનેશનલ FZCO ને આ કોન્ટ્રેક્ટ આપવામાં આવ્યો છે. આ કોન્ટ્રેક્ટ આંતરરાષ્ટ્રીય ઊર્જા લોજિસ્ટિક્સની મૂલ્યવાન હરોળમાં અદાણી પોર્ટસની હાજરી મજબૂત બનાવી વિશિષ્ટ દરિયાઈ સેવાઓમાં તેની વધતી જતી ક્ષમતાઓનો નિર્દેશ કરે છે.

આ કરાર હેઠળ આકન્સોર્ટિયમ એન્ડ-ટુ-એન્ડ દરિયાઈ સેવાઓ પ્રદાન કરશેજેમાં LNG કેરિયર્સ માટે ટગબોટ કામગીરી, ઓફશોર લોજિસ્ટિક્સ અને સપ્લાય સપોર્ટ તેમજ ક્રૂ ટ્રાન્સફર સેવાઓનો સમાવેશ થાય છે. આ કામગીરી માટે ચાર હાઈ-સ્પેસિફિકેશન ટગબોટ, એક એન્કર હેન્ડલિંગ ટગ સપ્લાય વેસલ અને એક ક્રૂ બોટનો ઉપયોગ કરીતેને ટેકો આપવામાં આવશે.

APSEZ ના પૂર્ણ-સમયના ડિરેક્ટર અને સી.ઈ.ઓ. શ્રી અશ્વની ગુપ્તાએ જણાવ્યું હતું કે, આ પ્રકલ્પ ભૌગોલિક વિસ્તારોમાં કંપનીની વધતી જતી ક્ષમતાને મોટા પાયે ઊર્જા માળખાગત પ્રકલ્પોને મજબૂત આધાર આપવા આપવાની બાબત ઉજાગર કરે છે. તેમણે કહ્યું હતું કે, એક ડઝનજેટલા દેશોમાં દરિયાઈ કામગીરી LNG ટર્મિનલ્સ, રાષ્ટ્રીય તેલ કંપનીઓ, રિફાઈનરીઓ અને ઓફશોર સુવિધાઓ ઉપલબ્ધ કરાવતી દરિયાઈ સંપત્તિના વધતા કાફલા સાથેઅમે જટિલ દરિયાઈ વાતાવરણમાં સક્ષમ ઓપરેશનલ કુશળતા લાવી રહ્યા છીએ. નવા ઊર્જા વેપાર કોરિડોરને સક્ષમ બનાવતી અને લાંબા ગાળાના પુરવઠાની સ્થિતિસ્થાપકતાને સંગીન બનાવતી આ ક્ષમતાઓને સ્થાનિક મજબૂત ભાગીદારી સાથે જોડીને અમે વિશ્વસનીય દરિયાઈ ઈકોસિસ્ટમનું નિર્માણ કરવામાં મદદ કરી રહ્યા છીએ.

એક મુખ્ય નવા LNG સપ્લાયર તરીકે ઉભરી રહેલા આર્જેન્ટિના સાથે આગામી ૨૦૨૭થી ભારતમાં વાર્ષિક ૧૦ મિલિયન ટન સુધીની નિકાસને ટેકો આપવા માટે કરારો થયા છે. સધર્ન એનર્જી FLNG પ્રકલ્પ વધતા આ પુરવઠાના આધારને વૈશ્વિક માંગના કેન્દ્રો સાથે જોડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરશે તેવી અપેક્ષા છે.

ગોલર LNG અને પાન અમેરિકન એનર્જી (PAE) વચ્ચેનું સંયુક્ત સાહસ એવા SESA દ્વારા સધર્ન એનર્જી FLNG પ્રકલ્પ વિકસાવવામાં આવી રહ્યો છે. આર્જેન્ટિનાના રિઓ નેગ્રો પ્રાંતમાં સાન માટિયાસ ગલ્ફમાં સ્થિત, આ પ્રકલ્પ ફલોટિંગ લિક્વિફાઈડ નેચરલ ગેસ (FLNG) જહાજ હિલી એપિસેયોમાંથીર જનરલ સાન માર્ટિન પાઈપલાઈનમાંથી કુદરતી ગેસ પ્રવાહીમાં રુપાંતર કરશે. જેની વાણિજ્યિક કામગીરી સપ્ટેમ્બર ૨૦૨૭માં શરૂ થવાની ધારણા છે.

પ્રથમ તબક્કામાંઆ પ્રકલ્પ વાર્ષિક ૨.૪૫ મિલિયન ટન LNG ઉત્પાદન કરશે તેવી અપેક્ષા છે, જે પ્રતિ વર્ષ આશરે ૨૮ કાર્ગોની સમકક્ષ આ પ્રકલ્પ આર્જેન્ટિનાને પ્રથમ કાર્યરત LNG નિકાસલક્ષી બનાવે છે.

મેરિડિયન ટ્રાન્સપોર્ટેસ મેરિટિમોસ એસ.એ. દ્વારા અમલમાં મૂકવામાં આવનારો આ કરાર અદાણી હાર્બર ઈન્ટરનેશનલ એફઝેડકો અને મેરિડિયન ગ્રુપ વચ્ચે ૫૧:૪૯ની ભાગીદારીનું સંયુક્ત સાહસ છે.

## ૩ મીટર ઊંચી સુનામીની ચેતવણી, ઈન્ડોનેશિયા-મલેશિયા સુધી એલર્ટ

# ફિલિપાઈન્સમાં ૭.૮ તીવ્રતાનો ભૂકંપ, અનેક ઈમારતો ધરાશાયી : એકનું મોત

**ફિલિપાઇન્સના ભૂકંપ સંસ્થા અનુસાર તેની ઊંડાઈ ૧૦ કિલોમીટર હતી, જ્યારે અમેરિકી ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણે ૭.૮ તીવ્રતા અને ૫૫ કિલોમીટર ઊંડાઈ નોંધાવી**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મનીલા, તા.૦૮**

ફિલિપાઈન્સમાં સોમવારે સવારે ૭.૮ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો. ત્યારબાદ ફિલિપાઈન્સ, ઈન્ડોનેશિયા અને મલેશિયાના દરિયાકાંઠાના વિસ્તારોમાં સુનામીની ચેતવણી જારી કરવામાં આવી. પ્રારંભિક અહેવાલો અનુસાર ઘણા મકાનોને નુકસાન થયું છે અને એક વ્યક્તિનું મૃત્યુ થયું છે.

ભૂકંપનું કેન્દ્ર મિન્ડાનાઓ ટાપુના જનરલ સેન્ટોસ શહેરથી લગભગ ૧૩ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમમાં હતું. ફિલિપાઈન્સના ભૂકંપ સંસ્થા અનુસાર તેની ઊંડાઈ ૧૦ કિલોમીટર હતી, જ્યારે અમેરિકી ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણે ૭.૮ તીવ્રતા અને ૫૫ કિલોમીટર ઊંડાઈ નોંધાવી.

પેસિફિક સુનામી વોર્નિંગ સેન્ટરે ચેતવણી આપી છે કે ફિલિપાઈન્સના કેટલાક દરિયાકાંઠાના વિસ્તારોમાં ૩ મીટર સુધી ઊંચા મોજા ઉછળી શકે છે. જ્યારે ઈન્ડોનેશિયા અને મલેશિયાના કેટલાક દરિયાકિનારા પર ૧ મીટર સુધી ઊંચા મોજાનો ખતરો છે. ભૂકંપ બાદ અનેક વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ.

જનરલ સેન્ટોસ શહેરમાં અનેક મકાનો અને ઈમારતોને નુકસાન થયું છે. રાહત અને બચાવ અભિયાન ચાલુ છે. પ્રશાસને દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને તાત્કાલિક ઊંચા સ્થાનો પર જવાની અપીલ કરી છે. અધિકારીઓએ ચેતવણી આપી છે કે ભૂકંપ બાદ તીવ્ર આંચકા આવી શકે છે. ફિલિપાઈન્સ વિશ્વના સૌથી વધુ ભૂકંપ પ્રભાવિત દેશોમાંનો એક છે. તે પ્રશાંત મહાસાગરના 'રિંગ ઓફ ફાયર' ક્ષેત્રમાં આવેલું છે, જ્યાં વારંવાર ભૂકંપ અને જ્વાળામુખીની ગતિવિધિઓ થતી રહે છે.

# ટ્રમ્પની ના છતાં ઈઝરાયલે ઈરાન ઉપર કર્યો હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તેહરાન, તા.૦૮**

મધ્ય પૂર્વમાં યુદ્ધ ફરી એકવાર શરૂ થઈ ગયું છે. ઈરાને રવિવારે મોડી રાત્રે ઈઝરાયલ પર હુમલા શરૂ કર્યા, જેના જવાબમાં ઈઝરાયલે સોમવારે વહેલી સવારે અનેક ઈરાની લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવીને મોટો હવાઈ હુમલો કર્યો હતો. ઈરાની સમાચાર એજન્સી IRNA અનુસાર, દેશના અનેક સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હતા. ઈઝરાયલે રાજધાની તેહરાન, ઈસ્ફહાન, તબ્રીઝ અને પશ્ચિમ ઈરાનના કેટલાક ભાગો પર મિસાઈલ હુમલો કર્યો હતો. લેબનોનની રાજધાની બેરુતમાં પણ વિસ્ફોટો સંભળાયા હતા.

નોંધનીય છે કે, ટ્રમ્પે અગાઉ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂને ઉત્તરી ઈઝરાયલ પર ઈરાની હુમલાનો બદલો ન લેવા કહ્યું હતું. એવા અહેવાલો હતા કે નેતન્યાહૂ ટ્રમ્પની વિનંતી પર સંમત થયા હતા. તેમ છતાં ઈઝરાયલે અનેક ઈરાની લક્ષ્યોને નિશાન બનાવ્યા હતા. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)એ સોમવારે સવારે એક નિવેદન જાહેર કરીને પુષ્ટી કરી કે "દુશ્મન" (ઈઝરાયલ) એ ઈરાની પ્રદેશની અંદર હુમલો કર્યો હતો. IRGC અનુસાર, હુમલામાં હવાઈ બેલિસ્ટિક મિસાઈલોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઈસ્ફહાનમાં ઓછામાં ઓછા ત્રણ મોટા વિસ્ફોટો સાંભળવામાં આવ્યા હતા. તેહરાન, તબ્રીઝ અને કરજમાંથી પણ વધુ ભારે વિસ્ફોટો સંભળાયા. જોકે, ઈઝરાયલનો દાવો છે કે ઈઝરાયલી વિમાન ઈરાની હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ્યું નથી. બોમ્બમારા ઈરાકી હવાઈ ક્ષેત્રમાં અને ભૂમધ્ય સમુદ્રમાં તૈનાત યુદ્ધ જહાજો દ્વારા કરવામાં આવ્યા હતા.

ઈરાન પરના હુમલા બાદ ઈઝરાયલે કોઈપણ સંભવિત બદલો લેવા માટે તૈયારી કરવા માટે રાષ્ટ્રીય ચેતવણી જાહેર કરી છે. ઈઝરાયલના હોમ ફ્રન્ટ કમાન્ડે સુરક્ષા કારણોસર બધી શાળાઓ બંધ રાખવાનો આદેશ આપ્યો છે. વધુમાં બધી હોસ્પિટલોને ભૂગર્ભમાં કાર્યરત રહેવાની સૂચના આપવામાં આવી છે. રવિવારે ઈરાન દ્વારા છોડવામાં આવેલી મિસાઈલો બાદ ઈઝરાયલે તેના સુરક્ષા પગલાં વધુ કડક કર્યા છે. દેશની અંદર પરિવહન હાલમાં ૭૫ ટકા ક્ષમતા પર કાર્યરત છે. જો કે, ઈઝરાયલ એરપોર્ટ ઓથોરિટીએ સ્પષ્ટતા કરી છે કે એરપોર્ટ કામગીરીમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

## ડોમિનિકન રિપબ્લિકમાં પ્લેન ક્રેશ

# ટેક-ઓફ વખતે ફંગોળાયા બાદ વિમાન અગનગોળો બન્યું





**ડોમિનિકન સિવિલ એવિએશન ઇન્સ્ટિટ્યૂટના સત્તાવાર નિવેદન મુજબ, દુર્ઘટનાનો ભોગ બનેલું વિમાન 'ગલ્ફસ્ટ્રીમ જી૨૦૦ જેટ' તરીકે ઓળખાયું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૮**

ડોમિનિકન રિપબ્લિકના પૂર્વીય ભાગમાં આવેલા લા રોમાના ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી એક અત્યંત હૃદયદ્રાવક અને સનસનાટીભરી દુર્ઘટના સામે આવી છે. અહીં રવિવારે એક પ્રાઈવેટ પ્લેન ટેક-ઓફ કરતી વખતે અચાનક રનવે પર જ ક્રેશ થઈ ગયું હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે જોતજોતામાં આખું વિમાન આગના મોટા ગોળામાં ફેરવાઈ ગયું હતું અને માત્ર ગણતરીની મિનિટોમાં જ બળીને ખાખ થઈ ગયું હતું.

નેશનલ એવિએશન ઓથોરિટીના જણાવ્યા અનુસાર, આ કરૂણ અકસ્માતમાં વિમાનના પાયલોટ અને કો-પાયલોટ બંનેના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે. આ ભયાનક પ્લેન ક્રેશનો લાઈવ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, વિમાન જ્યારે ટેક-ઓફ માટે રનવે પર ઝડપથી દોડી રહ્યું હતું, ત્યારે તેના વ્હીલ્સ (પૈડાં) રનવે સાથે અથડાતાં જ તે અચાનક અનિયંત્રિત થઈ ગયું હતું. સંતુલન ખોરવાયા પછી વિમાન હવામાં જ વંટોળની જેમ બે-ત્રણ વાર જોરથી ઉછળ્યું હતું અને ત્યારબાદ તેમાં પ્રચંડ બ્લાસ્ટ થતાં તે આગની જ્વાળાઓમાં ઘેરાઈ ગયું હતું. અન્ય એક વીડિયોમાં ક્રેશ થયેલા પ્લેનમાંથી કાળો કદાવર ધુમાડો આકાશ તરફ ઉડતો નજરે પડે છે.

ડોમિનિકન સિવિલ એવિએશન ઈન્સ્ટિટ્યૂટના સત્તાવાર નિવેદન મુજબ, દુર્ઘટનાનો ભોગ બનેલું વિમાન 'ગલ્ફસ્ટ્રીમ જી૨૦૦ જેટ' તરીકે ઓળખાયું છે. સદનસીબે આ વિમાનમાં કોઈ મુસાફરો સવાર નહોતા, જેના કારણે મોટી જાનહાનિ ટળી છે, પરંતુ બંને પાયલોટોને બચાવી શકાયા નથી.

પ્રાથમિક વિગતો મુજબ, આ વિમાન પ્યુર્ટો રિકોથી ડોમિનિકન રિપબ્લિક પહોંચ્યું હતું. અહીં એરપોર્ટ પર તેમાં ફ્યુઅલ (બળતણ) ભરવામાં આવ્યું હતું અને ત્યારબાદ તે અમેરિકાના ઓસ્ટિન જવા માટે રવાના થઈ રહ્યું હતું, ત્યારે જ આ કાળચક્ર ફરી વળ્યું હતું.

એવિએશન વિભાગના અહેવાલો અનુસાર, લા રોમાના એરપોર્ટથી આશરે ૧૬ નોટિકલ માઈલ દક્ષિણ-પશ્ચિમમાં વિમાને કટોકટીની સ્થિતિ જોઈને 'ઈમરજન્સી એલર્ટ' પણ જાહેર કર્યું હતું, પરંતુ પાયલોટ પ્લેન પર કાબૂ મેળવે તે પહેલા જ તે રનવે પર ખાબક્યું હતું. એરપોર્ટ ઓથોરિટી અને બચાવ ટુકડીઓએ તરત જ આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. હાલમાં આ ટેકનિકલ ખામી કયા કારણે સર્જાઈ અને પ્લેન શા માટે અસંતુલિત થયું, તેની ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપી દેવામાં આવ્યા છે.




## ફિલ્મ ૧૮ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ વિશ્વભરમાં રિલીઝ થશે

# એવેન્જર્સઃ ડૂમ્સ ડેથી માર્વેલની દુનિયાને મળશે એક રીબૂટ

**બલ્ડિંગ આર્ટિસ્ટિક યુનિવર્સીસ વિધાઉટ બોર્ડર્સ નામની આ ચર્ચામાં સિનેમાનાં વર્તમાન પરિપ્રેક્ષ્ય પર પણ ચર્ચા થઈ**




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

વેલ સિનેમેટિક યુનિવર્સમાં અત્યાર સુધીમાં ૬ અલગ અલગ ફેઝમાં ફિલ્મો આવી ચુકી છે અને ૨૦૧૯માં જ્યારે એવેન્જર્સ એન્ડ ગેમ આવી ત્યારે એવી ચર્ચા હતી કે હવે માર્વેલની એવેન્જર્સની દુનિયાનો અંત આવી જશે. પરંતુ ત્યાર પછી અલગ અલગ પાત્રોની વાર્તા અને તેમના બેકગ્રાઉન્ડમાં ઉંડી ઉતરતી લગભગ ૧૫ જેટલી ફિલ્મો આવી ચુકી છે અને ૨૦૨૮-૨૦૨૯ સુધી લગભગ ૮ ફિલ્મની તૈયારી થઈ રહી છે. હવે માર્વેલ સિનેમેટિક યુનિવર્સ એક નવા યુગમાં પ્રવેશવા જઈ રહ્યું છે. જેમાં પાત્રોની ભાવના અને વિષયના દૃષ્ટિકોણથી આ એક પ્રકારનું રીબૂટ હશે એવી ચર્ચા છે.

મંગળવારે લંડન ખાતે યોજાયેલી એક ચર્ચા દરમિયાન ડિરેક્ટર ભાઈઓ એન્થની રુસો અને જો રુસોએ જણાવ્યું કે, તેમની આગામી ફિલ્મ એવેન્જર્સઃ ડૂમ્સડે માર્વેલ ફ્રેન્ચાઈઝી માટે એક નવી શરૂઆત સમાન છે, જેમાં રોબર્ટ ડાઉની જુનિયર નેગેટીવ પાત્ર ડૉ.ડૂમ તરીકે પરત ફરશે. તેમણે જ ૨૦૦૮માં આવેલી પહેલી આયર્નમેન ફિલ્મથી આ દુનિયાની શરૂઆત કરી હતી.

લંડનમાં ફેસ્ટિવલના શોરડિચ એડિશનની એક ચર્ચામાં જો રુસોએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, "અમે બંને આ વિચાર પર ચર્ચા કરી રહ્યા હતા કે અમે ફરી 'ફેઝ ઝીરો' પર આવી ગયા છીએ. આ બધું ફરીથી નવેસરથી શરૂ થઈ રહ્યું છે. અમે ઈચ્છીએ છીએ કે દરેકને એવું લાગે કે આ ફિલ્મ ભૂતકાળની કોઈ બાબત પર આધારિત નથી."

એવેન્જર્સઃ ઈન્ફિનિટી વૉર અને એવેન્જર્સઃ એન્ડગેમ જેવી બ્લોકબસ્ટર ફિલ્મોનું ડિરેક્શન કરનાર રુસો ભાઈઓએ સ્વીકાર્યું કે, ફ્રેન્ચાઈઝી સાથે સતત સાત વર્ષ કામ કર્યા બાદ તેઓ થાકી ગયા હતા અને એન્ડગેમ પછી તેમને લાગ્યું હતું કે તેમની સફર પૂરી થઈ ગઈ છે. પરંતુ લેખક સ્ટીફન મેકફીલીના એક નવા વિચારે તેમનો અભિગમ બદલી નાખ્યો. એન્થની રુસોએ જણાવ્યું કે, આ વિચારે તેમની અંદર ફરી ઉત્સાહ જગાવ્યો. જોકે તેમણે કથાની વિગતો જાહેર કરી નહોતી, તેમણે કહ્યું, "એ વિચારે અચાનક અમારી સામે નવી શક્યતાઓના દરવાજા ખોલી દીધા. અમને અનેક નવી દિશાઓ દેખાવા લાગી." બલ્ડિંગ આર્ટિસ્ટિક યુનિવર્સીસ વિધાઉટ બોર્ડર્સ નામની આ ચર્ચામાં સિનેમાનાં વર્તમાન પરિપ્રેક્ષ્ય પર પણ ચર્ચા થઈ. એજીબીઓનાં સહ-સ્થાપકો એન્થની અને જો રુસો સાથે ડોનાલ્ડ મસ્ટર્ડ, જે અગાઉ એપિક ગેમ્સનાં ચીફ ક્રિએટિવ ઓફિસર રહી ચૂક્યા છે, તે પણ હાજર હતા. તેમણે યુવા ફિલ્મમેકર્સ કરી બાર્કર અને કેન પાર્સન્સ ના પ્રોજેક્ટ્સ ઓબ્સેશન અને બૅકરૂમ્સના વખાણ કર્યા હતા.

એન્થની રુસોએ ઓબ્સેશનને "અંધકારમય રીતે અત્યંત રમૂજી" ગણાવી અને જણાવ્યું કે, એક મિલિયન ડોલરથી પણ ઓછા બજેટમાં બનેલી આ ફિલ્મ રોકાણ સામે સૌથી વધુ નફો આપનારી ફિલ્મ બની શકે છે. તેમણે ઉમેર્યું, "જેન ઝી હવે માત્ર મેઈનસ્ટ્રીમ દર્શકો જ નથી બની રહી, પરંતુ આજના સમયના મુખ્ય વાર્તાકારો પણ બની રહી છે." જો રુસોએ સોશિયલ મીડિયામાં વધતા વિવાદ અને વિખવાદ અંગે પણ ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું, "આપણને બધાને એકસાથે જોડીને રાખતી એકમાત્ર વસ્તુ વાર્તાઓ છે. જેટલી વધુ વિવિધ વાર્તાઓ આપણે કહેશું, જેટલા વધુ લોકો માટે વાર્તા કહેવાની પ્રક્રિયા એક લોકશાહી બનશે, એટલું સારું છે."

ડીમ્સ ડેની સ્ટારકાસ્ટમાં રોબર્ટ ડાઉની જુનિયર, ક્રિસ ઈવાન્સ અને ક્રિસ હેમ્સવર્થનો સમાવેશ થાય છે. ફિલ્મ ૧૮ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ વિશ્વભરમાં રિલીઝ થવાની છે.

# બાળકો પ્રકૃત્તિમાં જઈને જ પ્રકૃતિ પ્રેમ શીખી શકશે : દિયા મિર્ઝા

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

એક્ટર અને યુએન એન્વાયર્નમેન્ટ ગૂડવિલ એમ્બેસેડર દિયા મિર્ઝાએ એક્ટર અને લેખિકા સોહા અલી ખાન સાથે એક એન્વાયર્નમેન્ટ ડે નિમિત્તે એક ખાસ પોડકાસ્ટ કરી હતી. તેમાં બાળકોના ઉછેર વ્યક્તિગત મુલ્યો અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીઓ વિશે પણ વાતો કરી હતી.

દિયા અને સોહાએ ચર્ચા કરી હતી કે કઈ રીતે માતા બન્યાં પછી તેમનો કુદરત સાથેનો નાતો ઘડાયો અને તેમના મુલ્યો તેમના બાળકો સુધી પહોંચશે. દિયાએ કહ્યું, "મને લાગે છે તમે જ્યારે માતા બનો છો ત્યારે તમારામાં ઘણું મોટું પરિવર્તન આવે છે. તમે દરેક ક્ષણ માટે બહુ જીવંત અને જાગૃત થઈ જાઓ છો. આવ્યાન જન્મ્યો એના બહુ પહેલાંથી હું પર્યાવરણ માટે બહુ જાગૃત હતી, પરંતુ એ આવ્યો પછી એ ભાવના વધુ બહાર આવવા લાગી. મને નથી લાગતું કે આપણે જ્યાં સુધી બાળકને પ્રકૃત્તિમાં લઈ જઈશું ત્યાં સુધી તે કુદરતને પ્રેમ કરવાનું, સન્માન કરવાનું અને તેની કાળજી લેવાનું શીખી શકશે. આવ્યાન પક્ષીઓના ગીતો વચ્ચે, પતંગિયા અને માખીઓ જોતાં જાગે છે, આપણામાંથી કેટલાંક મોટા લોકોએ જોયાં હશે એનાં કરતાં પણ વધુ જંગલ અને અભ્યારણો એણે ચાર વર્ષની ઉંમરે જોઈ લીધા છે. અમે નિયમિત રીતે સાથે મળીને જંગલો અને હરિયાળા પ્રદેશોની મુલાકાત લેતા રહીએ છીએ, એ અનુભવોમાંથી તેણે કુદરતી દુનિયા સાથે ખરો નાતો બાંધી લીધો છે. ઘરમાં પણ અમે દાંતમાં બ્રશ કરતાં કે હાથ ધોતાં પાણીનો નળ બંધ કરવા જેવી બાબતોની આદત પાડીએ છીએ અને ધ્યાન રાખીએ છીએ. દરેક વખતે ભોજન પછી આવ્યાન, જેણે પણ એ ભોજન બનાવ્યું છે, જે ખેડુતોએ તે અનાજ વાવ્યું અને ધરતીનો આભાર માને છે. તેનાથી એ સમજી શકે છે કે એનું ભોજન, પાણી અને સાધનો ક્યાંથી આવે છે. અમે તેને એવા શહેરી વાતાવરણમાં ઉછેરી રહ્યા છીએ જ્યાં ભૌતિક વસ્તુઓને ખૂબ મહત્વ આપવામાં આવે છે.

## સીઝન ૨ પ્રથમ સીઝનની ઘટનાઓ પછીની કથા આગળ વધારે છે

# લોકપ્રિય સિરીઝ ગ્રામ ચિકિત્સાલયની સીઝન-૨ ૨૩ જૂનથી જોવા મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

પ્રાઈમ વીડિયોની કોમેડી-ડ્રામા સિરીઝ ગ્રામ ચિકિત્સાલયની બીજી સીઝનની સત્તાવાર રિલીઝ ડેટ જાહેર થઈ ગઈ છે. નવી સીઝન ૨૩ જૂન, ૨૦૨૬ના રોજ વિશ્વભરમાં હિન્દીમાં પ્રીમિયર થશે. ધ વાયરલ ફીવર દ્વારા નિર્મિત આ સિરીઝનું ડિરેક્શન લલિતમ તિવારીએ કર્યું છે અને વૈભવ સુમન તથા શ્રેયા શ્રીવાસ્તવે લખી છે. કલ્પિત ગામ ભાથકંડી પર આધારિત આ શો ડૉ. પ્રભાતની સફરને દર્શાવે છે, જે ગ્રામ્ય ભારતમાં આરોગ્યસેવાની સુવિધાઓ સુધારવાના પડકારોનો સામનો કરે છે. સીઝન ૨ પ્રથમ સીઝનની ઘટનાઓ પછીની કથા આગળ વધારે છે અને ગામના સંઘર્ષ કરી રહેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને પુનર્જીવિત કરવા માટે ડૉ. પ્રભાતના પ્રયાસોને દર્શાવે છે. જેમ જેમ તે ગામલોકોનો વિશ્વાસ જીતવામાં સફળ થાય છે, તેમ નવા અવરોધો સામે આવે છે, જે તેને આદર્શવાદ અને વાસ્તવિકતા વચ્ચેનાં અંતરને સમજવા મજબૂર કરે છે.આ સીઝનમાં અમોલ પારાશર, આકાશ મખીજા, આનંદેશ્વર દ્વિવેદી, વિનય પાઠક, આકાંક્ષા રંજન કપૂર અને ગરિમા વિક્રાંત સિંહ ફરીથી પોતાનાં રોલમાં જોવા મળશે. અભિનેતા દિનેશ લાલ યાદવ પણ આ નવી સીઝનમાં જોડાયા છે. શોના ડિરેક્ટર લલિતમ તિવારીએ એક નિવેદનમાં જણાવ્યું કે નવી સીઝન પ્રથમ ભાગમાં ઉઠાવવામાં આવેલા વિષયોને વધુ વિસ્તૃત રીતે કહેશે. તેમણે કહ્યું, "ગ્રામ ચિકિત્સાલય સીઝન ૨ અમારા માટે માત્ર એક ગ્રામ્ય કોમેડી-ડ્રામા કરતાં ઘણી વધુ છે. પ્રથમ સીઝનથી જ અમારો હેતુ ગ્રામ્ય જીવનને તેની તમામ વાસ્તવિકતાઓ સાથે પ્રામાણિક રીતે રજૂ કરવાનો રહ્યો છે. નવી સીઝન આ દ્રષ્ટિને આગળ વધારે છે. તેમાં આરોગ્યસેવા પહોંચાડવાના પડકારો, ગામડાની અનોખી વિશેષતાઓ, સમુદાય વચ્ચેના ગાઢ સંબંધો અને ગ્રામ્ય જીવનની સહનશક્તિનું ચિત્રણ કરવામાં આવ્યું છે, જેને સુક્ષ્મ અને સંબંધિત પાત્રો દ્વારા જીવંત બનાવવામાં આવ્યું છે."




# આપણે કુદરતના માલિક નથી, કુદરત આપણી જાતને સુધારવાની ચેતવણી આપે છેઃપંકજ ત્રિપાઠી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

પંકજ ત્રિપાઠી અંગત જીવનમાં સંપુર્ણ સાદગી અને ફિલ્મોમાં દમદાર અભિનય માટે જાણીતા કલાકાર છે. તે એક એવા કલાકાર છે, જે કોઈ જાતના શોર મચાવ્યા વિના અને પ્રમોશન વિના મૌન રહીને જ કેટલાંક એવા પગલાં લીધાં છે, જેનાથી તેઓ પોતાની કક્ષાએ પર્યાવરણના મુદ્દાઓનું શક્ય એટલું નિરાકરણ લાવી શકે અને કાર્બન ફૂટ પ્રિન્ટ ઘટાડી શકે. હવે તેઓ કુદરત પ્રત્યેની પોતાની તકેદારીથી અન્યોને પ્રેરણા આપી રહ્યા છે.

વિશ્વ પર્યાવરણ દિવસ પહેલાં તેમણે જણાવ્યું કે તેમણે કઈ રીતે આવા પગલાં લેવાની શરુઆત કરી. પંકજ ત્રિપાઠી જણાવે છે, "જ્યારે અણે ૨૦૨૨માં શેરદીલનું શૂટિંગ કરતા હતા, ત્યારે અમે જંગલમાં ઘણુ શૂટ કર્યુ. ત્યારે મને માણસ અને પ્રાણીઓ વચ્ચેનો સંઘર્ષ સમજાયો. પરંતુ મને અહેસાસ પણ થયો અને મેં તેના પર કામ કરવાનું શરૂ કર્યુ. હું ગામડામાં ઉચર્યો છું અને મને જ્યારે પર્યાવરણની સમસ્યાઓ સમજાઈ તો મેં મારી કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવાના શક્ય એટલાં પ્રયત્નો શરૂ કરી દીધા."

પંકજ ત્રિપાઠીએ શૂટિંગ વખતે જ કેટલાંક પગલાં લઈ લીધા. તેમણે જણાવ્યું, "મારા સમગ્ર શૂટ દરમિયાન મેં મારી પોતાની વેનિટીમાં મારું પોતાનું ભોજન બનાવ્યું – દાળ, ચોખા ને શાકભાજી નાખીને ખીચડી બનાવતો અને મિર્ઝાપુર ફિલ્મ શૂટ વખતે તો મારી સાથેના બીજા એક્ટર્સને પણ જમાડતો. હું સ્ટીલનું ટિફિન અને બોટલ વાપરતો અને પાણી માટીના મટકામાં રાખતો, જેથી હું બને એટલો પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળી શકું. હું શૂટ ન કરતો હોય તે સિવાય મેં બ્રાન્ડેડ કપડાનો ઉપયોગ ઘટાડી દીધો છે, હું ખાદી, હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટનાં કપડાં પહેરવાનું પસંદ કરું છું."તેઓ સહમત થાય છે કે તે એકલા કોઈ પરિવર્તન નહીં લાવી શકે, પરંતુ "કમ સે કમ મારી ટીમ અને મારી આસપાસના લોકોને તો પ્રેરણા મળશે. જો આપણે બધાં વ્યક્તિગત રીતે પ્રયત્ન શરૂ કરી દઈશું તો ચોક્કસ પરિવર્તન આવશે અને આપણી યુવા પેઢી પાસે મારી ઘણી ઉંચી અપેક્ષાઓ છે."

પર્યાવરણની ગંભીરતા મુદ્દે તેઓ કહે છે, "શહેરો અને મેટ્રો સિટીમાં રહીએ ત્યારે કુદરત સાથેનો નાતો તુટી જાય છે પરંતુ ફરી તાજગી મેળવવા અને કુદરત સાથે સંબંધ જોડવા આપણે કુદરત પાસે પાછા જઈએ છીએ. હકિકત એ છે કે આપણે કુદરતનો હિસ્સો છીએ, પરંતુ આપણે એવું માનવા લાગ્યા છીએ કે આપણે કુદરતના માલિક છીએ, જે સાચું નથી અને પ્રકૃત્તિ આપણને ઝાટકા આપીને ચેતવણી આપ્યા કરે છે કે સુધરી જાઓ. આપણે એ સમજવું પડશે, આપણે કોઈ પણ વસ્તુથી સૌથી વધુ કુદરત અને ઓક્સિજન પર વધુ આધારીત છીએ." પોતાના બાળપણની યાદો તાજી કરતા પંકજ ત્રિપાઠી જણાવે છે, "મારા જીવનની શરૂઆતના ૨૦ વર્ષ ગામડાંમાં (બિહારનું ગોપાલગંજ) વિત્યા છે, જ્યાં અમારા ઘરમાં વિજળી પણ નહોતી. અમારા ખેતરમાં અમારી આસપાસ ૫૦૦ વૃક્ષો હશે. પ્રકૃત્તિ અમારા જીનનો એક હિસ્સો હતી કારણ કે અમારા જીવનમાં ગેજેટ્સ નહોતાં. મારી પત્ની છોડ અને ફુલો સાથે એટલી જોડાયેલી છે કે જાણે એ એમની સાથે વાતો કરતી હોય. કુદરત સાથે અમારો નાતો આવો રહ્યો છે."

પંકજ ત્રિપાઠી આજે પણ વૃક્ષો વાવ્યા કરે છે અને તેમના ફૅન્સ પણ તેમના જન્મ દિવસે વૃક્ષો વાવે છે. પંકજ ત્રિપાઠી માનજાત અને પ્રકૃત્તિના સહઅસ્તિત્વ વિશે વાત કરે છે. તેમણે કહ્યું, "હું સમજું છું કે વિકાસ અને પ્રકૃત્તિનું જતન બે વિરોધાભાસી બાબતો છે.

# ચીખલીમાં યુનીટી ગ્રુપ દ્વારા નાઈટ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈઃ કોસંબા ઈલેવન ચેમ્પિયન બન્યું




-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૦૮**

ચીખલી યુનિટી ગ્રુપ દ્વારા છેલ્લા સાત વર્ષથી ચીખલી નેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે નાઈટ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે.આ ટુર્નામેન્ટમાં કુલ ૧૬-ટીમોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ સેમિફાઈનલ ભીમપોર ઈલેવન અને નારગોલ ઈલેવન વચ્ચે જ્યારે બીજી સેમિફાઈનલ તિથલ ઈલેવન અને કોસંબા ઈલેવન વચ્ચે રમાઈ હતી.

જ્યારે ફાઈનલ મેચ નારગોલ ઈલેવન અને કોસંબા ઈલેવન વચ્ચે રમાતા નારગોલ ઈલેવને પ્રથમ બેટિંગ કરતાં ૮ ઓવરમાં ૮ વિકેટના નુકસાન સાથે ૬૬ રન બનાવ્યા હતા. જવાબમાં કોસંબા ઈલેવને ૭ ઓવરમાં ૬ વિકેટ ગુમાવી લક્ષ્યાંક હાંસલ કરતા કોસંબા ઈલેવનનો વિજય થયો હતો. ફાઈનલ મેચમાં મેન ઓફ ધ મેચ તરીકે કોસંબા ઈલેવનના અભિનવ ટંડેલ જાહેર કરાયો હતો. જ્યારે સમગ્ર ટુર્નામેન્ટમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ દિવ્યેશ ટંડેલને મેન ઓફ ધ સિરીઝ તેમજ બેસ્ટ બેટ્સમેન તરીકે જાહેર કરાયા હતા. જ્યારે બેસ્ટ બોલર તરીકે નારગોલ ઈલેવનના ભાવેશ બારીયાને સન્માનિત કરવામાં આવ્યા હતા. વિજેતા કોસંબા ઈલેવનને રૂા.૩૩,૩૩૩ની રોકડ રકમ, ટ્રોફી તેમજ રનર્સ-અપ નારગોલ ઈલેવનને રૂા.૨૨,૨૨૨ની રોકડ રકમ સાથે ટ્રોફી આપવામાં આવી હતી.

ટુર્નામેન્ટમાં મુખ્ય મહેમાન તરીકે બીલીમોરા નગરપાલિકાના કારોબારી ચેરમેન પ્રજ્ઞેશ પટેલ તેમજ ચીખલી ટ્રાવેલ્સ સ્પોટના તાહિર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે યુનિટી ગ્રુપ ચીખલીના શૈલેષ પટેલ (એસ.યુ.પટેલ), સમીર પટેલ, સલીમ પટેલ, મહંમદ સિદાત, મયંક પટેલ અને તુષાર પટેલ (અપ્પી) સહિતની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# વલસાડ જિલ્લામાં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભઃ ધરમપુરમાં અતુલ કંપની સાથે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના એમઓયુ કરાયા

## જિલ્લાના તમામ તાલુકાઓમાં સ્વચ્છતા બાઈક રેલી, પદયાત્રા, સ્વચ્છતા શપથ તેમજ સામૂહિક સફાઈ કરવામાં આવી






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૮**

''સ્વચ્છ ગામ થકી સ્વચ્છ જિલ્લા, સ્વચ્છ રાજ્ય અને સ્વચ્છ દેશ'' ના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત રાજ્ય હંમેશા અગ્રેસર રહ્યું છે. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ રાજ્યમાં વિકાસના નવા આયામો સિધ્ધ થયા છે. નાગરિકોના સર્વાંગી સ્વાસ્થ્ય, સુખાકારી અને ''આદર્શ ગ્રામ પંચાયત''ની વિભાવનાને ચરિતાર્થ કરવા માટે લોક-ભાગીદારી થકી સ્વચ્છતા અભિયાન વધુ સક્રિય, વ્યાપક અને પરિણામલક્ષી બને તે માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે.

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત તથા Atul Foundation (CSR) સાથે MOU અંગેની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કક્ષાના ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેટર, SWM કન્સલ્ટન્ટ, જિલ્લા ટેકનિકલ નિષ્ણાત, અતુલ ફાઉન્ડેશનની ટીમ, ધરમપુરના ATDO, તાલુકા પંચાયત પ્રમુખ શકુંતલાબેન સતિશભાઈ, તાલુકા પંચાયત સભ્ય અશોકભાઈ દિવા, SBM સ્ટાફ, તલાટીઓ તથા સરપંચ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન જિલ્લા ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેટરે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ (SWM) અંગે વિસ્તૃત માહિતી આપી હતી. SWM કન્સલ્ટન્ટે અતુલ ફાઉન્ડેશન સાથે ૪૨ ગામોના થનાર MOU અંગેની વિગતો, તેના હેતુઓ તથા અમલીકરણ પ્રક્રિયા વિશે માર્ગદર્શન અને માહિતી આપી હતી. બેઠકમાં ઉપસ્થિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ વિષયને લગતી ચર્ચા કરી હતી.

કપરાડા તાલુકાના કરજુન અને સુથારપાડા ગામમાં સ્વછતા અભિયાનમાં સ્વચ્છતા બાઈક રેલી, પદયાત્રા, સ્વચ્છતા શપથ તેમજ સામૂહિક સફાઈ કરવામાં આવી હતી, જેમાં ગામના સરપંચ, તલાટી, તાલુકા પંચાયતના પ્રમુખ ભરતભાઈ ગાવઠા અને તાલુકા પંચાયત સભ્ય જીગીશાબેન વાઘમારે તેમજ ગ્રામજનોએ હાજર રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. ઉમરગામ તાલુકાના ઝરોલી ગામમાં યોજાયેલા સ્વછતા અભિયાનમાં ગામના સરપંચ, તલાટી, તેમજ ગ્રામજનો હાજર રહી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પારડી તાલુકાના મોટા વાઘછીપા ગામમાં સ્વછતા અભિયાનમાં તાલુકા સભ્ય દક્ષાબેન દક્ષેષભાઈ પટેલ, ગામના સરપંચ, તલાટી તેમજ ગ્રામજનો હાજર રહ્યા હતા. વલસાડ તાલુકાના વાઘલધરા ગામમાં યોજાયેલા સ્વછતા અભિયાનમાં તાલુકા સભ્ય માનસીબેન જયભાઈ પટેલ, તાલુકા સભ્ય નલીલાબેન ઠાકોરભાઈ પટેલ, જિલ્લા પંચાયત સભ્ય પ્રીતીબેન દેસાઈ તેમજ ગામના સરપંચ, તલાટી તેમજ ગ્રામજનો હાજર રહી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નાનાપોંઢા તાલુકાના ચિવલ ગામમાં આયોજિત સ્વછતા અભિયાનમાં તાલુકા સભ્ય અશોકભાઈ છોટુભાઈ પટેલ તેમજ ગામના સરપંચ, તલાટી તેમજ ગ્રામજનો હાજર રહી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# વલસાડ તાલુકા નીરા તાડ ગોળ મંડળીની ૭૨મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

## મગોદ ફાર્મ ખાતે પ્રાકૃતિક ખેતીના પ્રસાર માટે સરકારના સહયોગથી કૃષિ કોલેજ શરૂ કરવા મંડળી સક્રિય છેઃ બાબુભાઈ પટેલ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૮**

વલસાડ ખાતે ડો. કેશવભાઈ પટેલ વલસાડ તાલુકા નીરા તાડ ગોળ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડની ૭૨મી વાર્ષિક સાધારણ સભા મંડળીના પ્રમુખ અને સહકારી આગેવાન શ્રી બાબુભાઈ સોમાભાઈ પટેલના અધ્યક્ષ પદે યોજાઈ હતી. જેમાં મંડળીના વર્ષ ૨૦૨૫-૨૬ના વાર્ષિક હિસાબ તથા અહેવાલને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. વલસાડ તાલુકા નીરાતાડગોળ સહકારી મંડળીના હિસાબ અને અહેવાલ રજૂ કરતા મંડળીના પ્રમુખ શ્રી બાબુભાઈ પટેલે જણાવ્યું હતું કે, ૨૦૨૫-૨૬ ના વર્ષ દરમિયાન મંડળીના મગોદ ખાતે આવેલ ૧૩૨ એકરના ફાર્મમાં આવેલ ૧૫૦૦ જેટલા ખજુરીના ઝાડોનું છેદન કરી ૬૫,૫૪૨ લીટર ઉત્પાદન કરી રૂપિયા ૩૭.૦૯ લાખની આવક પ્રાપ્ત કરી હતી. જેમાંથી અહેવાલના વર્ષ દરમિયાન મંડળીના ૩૯ જેટલા કર્મચારીઓને રૂપિયા ૨૨.૦૯ લાખ રૂપિયાની રકમ ચૂકવવામાં આવી છે તેમણે કહ્યું કે,મંડળીના ૧૩૩ સભાસદો છે. અને મંજુર થયેલ શેર ભંડોળ ૫૦૦૦૦નું છે. જ્યારે કામકાજનું ભંડોળ ૨ કરોડ થી વધુનું છે.

મંડળીના સ્થાપક પ્રમુખ અને માજી મહેસુલ મંત્રી ડો.કેશવભાઈ પટેલે વલસાડ ખાતે તે સમયના તેમના સાથી કાર્યકરો અને ખેડૂતોના હિતચિંતક હોવાના નાતે આગવી કોઠા સૂઝથી મંડળી માટે મોટી જમીનની ખરીદી કરેલી અને આ વિસ્તારના ખેડૂતો વૈજ્ઞાનિક ઢબે ખેતી કરતા થાય અને તેમનું ખેત ઉત્પાદન વધે અને આર્થિક સ્થિતિમાં સુધારો આવે તેવા પ્રયાસો કર્યા હતા.ખેડૂત અને ખેતીએ આ સૃષ્ટિના અન્નદાતા છે.

ખેડૂતના દીકરા શિક્ષણના અભાવે પાછળ ન રહી જાય તે માટે સમય પ્રમાણે પરિવર્તન લાવી આગળ વધી અને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરી જીવન સમૃદ્ધ બનાવેએ આપણા વડવાઓને દ્રષ્ટિ હતી. તેને આત્મસાત કરવાનો સમય આવી ગયો છે.તેમણે કહ્યુ કે મંડળીના મગોદ ખાતે આવેલ ફાર્મ ખાતે ગુજરાત સરકારના સહયોગથી પ્રાકૃતિક ખેતીના શિક્ષણના પ્રસાર માટે કૃષિ કોલેજ શરૂ કરવા માટે મંડળી આગળ વધી રહી છે.

નીરા મંડળીના પ્રમુખ શ્રી બાબુભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, હવામાનમાં થતા અનિશ્ચિત ફેરફારોને કારણે નીરાની સિઝન ઉપર ખૂબ જ માઠી અસર જોવા મળી છે. વાતાવરણમાં બદલાવને લઈને માત્ર નીરા પ્રવૃત્તિ જ નહીં પરંતુ ખેત ઉત્પાદનને પણ મોટો નુકસાન થતું જોવા મળે છે. તેમણે કહ્યું કે સંસ્થા ભવિષ્યમાં નીરાને પેકિંગમાં પણ ઉપલબ્ધ કરી વેચાણ કરવાનું વિચારી રહી છે.

આજની વાર્ષિક સભામાં ગુજરાત રાજ્ય નીરા ફેડરેશનના પ્રમુખ શ્રી ગીરીશભાઈ દેસાઈએ ગુજરાતના નિરાઉદ્યોગની સ્થિતિ વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને વલસાડ નીરા મંડળીને તેમના સભાસદો માટે ઉપલબ્ધ સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરી મદદરૂપ થવા અપીલ કરી હતી. નીરા મંડળીના સભાસદ શ્રી પ્રકાશભાઈ પટેલે વલસાડ નીરા મંડળીને તેમના આવકના સાધનો વધારવા અને તેમાંથી મંડળીના સભાસદોને મહત્તમ આર્થિક લાભ મળે તે દિશામાં કાર્યવાહી કરવા સૂચન કર્યુ હતું.

વલસાડના તિથલ રોડ ખાતે આવેલ શ્રમજીવી વિદ્યા મંદિરના હોલમાં યોજાયેલી વાર્ષિક સભામાં મંડળીના ઉપપ્રમુખ શ્રી દિનેશભાઈ પટેલ,વ્યવસ્થાપક સમિતિના સભ્યો ડો.અશોકભાઈ પટેલ, શ્રી તુષારભાઈ પટેલ, શ્રી મહેશભાઈ પટેલ, શ્રી મિતેશભાઈ પટેલ, શ્રીમતી ટીનાબેન પટેલ, શ્રમજીવી સંસ્કાર મંડળ ટ્રસ્ટના પ્રમુખ ડો.વિનોદભાઈ પટેલ, ગણદેવી નીરા મંડળી ના પ્રમુખ શ્રી છગનભાઈ પટેલ વગેરે હાજર રહ્યા હતા. સભામાં ચર્ચામાં ડો.વિનોદભાઈ પટેલ અને શ્રી ઉત્તમભાઈ પટેલે ભાગ લીધો હતો.

અહેવાલનું વાંચન મંડળીના મંત્રી શ્રી રીતેશભાઈ ટંડેલે કર્યુ હતું. આભાર વિધિ કમિટી સભ્ય ડો.અશોકભાઈ પટેલે કરી હતી. જયારે સભાનું સંચાલન શ્રી નરેશભાઈ પટેલે કર્યુ હતું.

# ચીખલીના રાનકુવા હાઈસ્કૂલમાં સન્ડે ઓન સાયકલ ઝુંબેશનો પ્રારંભ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૦૮**

ફિટ ઈન્ડિયા મિશન હેઠળ સાત જૂન રવિવારે બી. એલ.પટેલ સર્વ વિદ્યામંદિર રાનકુવા દ્વારા સાયકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને ઈન્ડિયન સાઈકલિસ્ટ ઈન્ટરનેશનલના સહયોગથી ઓન સાઈકલ ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. વેકેશનના છેલ્લા દિવસે વિશ્વ સાયકલ દિવસની યાદમાં શાળામાં ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા બાળકો સૌથી વધુ સાયકલનો ઉપયોગ કરે છે.

વર્તમાન પરિસ્થિતિમાં ઈંધણની કટોકટીના સમયે ગ્રામ્ય વિસ્તારમાં હજુ પણ સાયકલ દ્વારા શાળાએ આવવાનું વલણ વિદ્યાર્થીઓમાં છે. વિદ્યાર્થીઓને સાયકલ લઈને આવવામાં કોઈ નાનપ અનુભવાતી નથી પણ ગામમાંથી એક સાથે શાળાએ સાઈકલ પર આવવાનો એક અનેરો આનંદ હોય છે. જે આજરોજ વિદ્યાર્થીઓએ શાળા ખાતેથી સાયકલ સવારીમાં ભાગ લઈને આ ઝુંબેશમાં જોડાયા સાથે શાળાના શિક્ષકો શ્રી પ્રકાશભાઈ સત્યમભાઈ દ્વારા આગેવાની લઈ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના મંત્રી શ્રી જશુભાઈ નાયક નવસારી જિલ્લામાં સાયકલ વીર તરીકે પ્રખ્યાત છે. પોતાની જિંદગીના ૭૦ કરતા વધુ વર્ષ દરમિયાન સાયકલ સવારી થકી




-તસવીરઃ દિપક સોલંકી

યુવાનોના પ્રેરણા સ્ત્રોત બન્યા છે શાળા માટે પણ શ્રી જશુભાઈનો સાયકલ પ્રત્યેનો પ્રેમ અને કટિબદ્ધતાની ગાથાઓ હંમેશા વિદ્યાર્થીઓના માનસપટ પર રહે છે. અંતરિયાળ વિસ્તારમાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓએ પોતે પોતાના ગામની અંદર જૂથ બનાવી સનડે ઓન સાઈકલામાં ભાગીદાર બન્યા હતા.

શાળાના આચાર્ય શ્રી સંજયસિંહ પરમાર દ્વારા આ ઝુંબેશ અવસરે વિદ્યાર્થીઓ ઈંધણની કટોકટીમાં સાયકલ ચલાવી રાષ્ટ્ર માટે કટિબંધ બનવાની દિશામાં એક કદમ આગળ વધવા માટે પ્રેરિત કર્યા અને વિશ્વના નેતાઓની સાઈકલ સવારીઓની વાત જણાવી પ્રેરણા આપી.

સમગ્ર ઝુંબેશમાં એનસીસી નેવી એનએસએસ જુનિયર રેડ ક્રોસના વિદ્યાર્થીઓ ભાગીદાર બન્યા આગામી દિવસોમાં આ ઝુંબેશ વધુ સઘન બનાવવાના શપથ લેવામાં આવ્યા હતા. જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી જયેશભાઈ ચૌધરી મંડળના પ્રમુખ શ્રી પિનકભાઈ શાહ, મંત્રી શ્રી જશુભાઈ નાયક આ પ્રવૃત્તિની સરાહના કરી હતી.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરોઃ**

**સંજય તાડા - 99244 66899**
**સુરેશ ઉમતિયા - 98259 89444**

# વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પર્યાવરણ દિનના ઉપલક્ષમાં ૧૩૫૦ રોપાઓનું વિનામુલ્યે વિતરણ કરાયું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૮**

આ ગરમીની સિઝનને ધ્યાનમાં રાખી વાતાવરણમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટે નહીં અને આ ગરમીની સિઝનમાં લોકાને રાહત મળી રહે એ માટે સતત છેલ્લા ૬ વર્ષથી અવિરત લોકાના હિતમાં હંમેશા સમાજ સેવાના કાર્ય કરવામાં કાર્યરત રહેતું ટ્રસ્ટ એટલે વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ આ ટ્રસ્ટ ગ્રુપના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કિરણભાઈ રાવલ તરફથી અત્યાર સુધી વાપી જ નહીં પરંતુ વલસાડ જિલ્લા તેમજ આહવા ડાંગ જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં લગભગ ૬૫૦૦ જેટલા નાના રોપાઆનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. આ વખતે પણ ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસને ધ્યાનમાં રાખી ટ્રસ્ટી શ્રી કિરણભાઈ રાવલ અને ટ્રસ્ટ ગ્રુપ ના સભ્યો દ્વારા વાપી મહાનગર પાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ તેમજ દરેક કાઉન્સિલરોને તેમજ મહાનગર પાલિકાના સ્ટાફ મેમ્બરોમાં નાના રોપાઆનું વિતરણ કર્યુ હતું.

ત્યાર બાદ વાપીના સમાજ સેવક શ્રી કિરણભાઈ રાવલ અને ટ્રસ્ટ ગ્રુપના અન્ય સભ્યોએ વાપી તેમજ આજુબાજમાં આવેલા હાઈવે વિસ્તાર તેમજ રોફેલ કોલેજ વિસ્તાર, રજજુ શ્રોફ મેમોરિયલ હોલ તેમજ વાપી કબ્રસ્તાન રોડ, ખોજા સોસાયટી તેમજ દમણગંગા નદીની આસપાસના વિસ્તારો વૃક્ષારોપણ પણ કર્યુ હતું. આમ છેલ્લા ૫ દિવસથી ચાલી રહેલા આ વૃક્ષારોપણના કાર્યક્રમમાં લગભગ ૨૬૦ જેટલા નાના રોપાઓનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને વાપી ગુંજન અંબામાતા મંદિર ખાતે લગભગ ૧૩૫૦ જેટલા નાના રોપાનું જાહેર જનતામાં વિના મૂલ્યે વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ ટ્રસ્ટ ગ્રુપના ટ્રસ્ટી શ્રી કિરણભાઈ રાવલ દ્વારા લોકાને વધુમાં વધુ પોતાની આસપાસ વૃક્ષો રોપવા અને પર્યાવરણની યોગ્ય માવજત કરવા પણ અપીલ કરવામાં આવી હતી.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM KHAIRUNISA SALEEM MOMIN TO **KHARUNISHA SALEEM MOMIN** AS PER DOCUMENT

**જાહેર હરાજી**

મોજે આલીપોર, નાયકીવાડ આંગણવાડી જર્જરિત હાલતમાં હોય આંગણવાડી તોડીને તેનો કાટમાળ લઈ જવા માટેની **જાહેર હરાજી તા.૧૨/૦૬/૨૦૨૬** ના રોજ ૧૧:૩૦ કલાકે ગ્રામ પંચાયત આલીપોર ખાતે રાખવામાં આવેલ છે. રસ ધરાવનાર વ્યક્તિઓને હરાજીમાં હાજર રહેવા અપીલ છે.

**નોંધઃ-**

- હરાજીના ૧ કલાક પહેલા ડિપોઝીટની રકમ જમા કરાવ્યેથી ભાગ લઈ શકાશે.
- હરાજી સમય પહેલા આંગણવાડીનું નિરીક્ષણ કરી આવવું
- હરાજી જે વ્યક્તિના ફાળે જાય તે વ્યક્તિએ તાત્કાલિક સ્થળ પર ૨૫% ડિપોઝીટની રકમ જમા કરાવવાની રહેશે.
- હરાજીમાં કોઈપણ પ્રકારનો વિવાદ ઉપસ્થિત થાય તો હરાજી મોકૂફ રાખવાની સત્તા ગ્રામ પંચાયતની રહેશે.
- હરાજી પ્રક્રિયામાં પંચાયત બોડીનો નિર્ણય આખરી રહેશે.

**સરપંચ**
**ગ્રામ પંચાયત આલીપોર**
**તા. ચીખલી, જી. વલસાડ**

**તલાટી કમ મંત્રી**
**ગ્રામ પંચાયત આલીપોર**
**તા. ચીખલી, જી. વલસાડ**

**U.T. Administration**
**Dadra & Nagar Haveli and Daman & Diu**
**Office of the Mamlatdar and Executive Magistrate**
**Silvassa**

**No. MAM/SIL/RTS/RBD-DNH/Birth/32/2026/798 Dated: 11/02/2026**

**APPLICANT-** **Zipar Sona Chaudhri, Presently residing at- Rautpada, Umarkui, DNH**
**Mo. 8140754622**
**V/S**
**OPPONENTS-** **The Registrar of Births & Deaths, Umarkui.**

**NOTICE**

The public to take note that the above, named applicant Zipar Sona Chaudhri, who was born on 20/03/1975 at Rautpada, Umarkui, DNH, But due to inadvertence the above said birth was not registered in the records of Registran of Births & Deaths, Umarkui. Hence, the applicant has moved on application to pass an order to register birth of Zipar Sona Chaudhri. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**RTS-III**

**Government Engineering College, Varkund, Nani Daman – 396 210.**

Admission Notice of **Diploma to Degree Engineering** at Government Engineering College, under U.T. Administration of Dadra & Nagar Haveli and Daman & Diu for the academic year 2026-27.

ID No7.1-TRG-GEC/ADMISSION/DIPLOMA TO DEGREE/ 2026-27/185 Dated: 06/06/2026

Starting date: 08/06/2026
Ending date: 10/07/2026

--sd--
Dr. Avinash R. Chaudhari
Principal,
GEC, Daman.

www.ddd.gov.in
www.dhtednhdd.in
www.govtenggcollegedaman.org.in

**No. IP/DMN/2/5/2026-27/225, Dated: 08/06/2026**

**U.T. Administration of Dadra & Nagar Haveli and Daman & Diu**

**Office of The Education Section, DISTRICT PANCHAYAT - DIU**

**Advertisement for PM POSHAN Coordinator For Diu District on Short Term Contract Basis**

Walk-in Interview for Filling up the post on Short Term Contract on **02/07/2026** from **11:00 AM.**

**For more Details please scan https://diu.gov.in/**

**No.4-11-95/EDN/DP/DIU/PM POSHAN/Staff/2026-27/74 Date:- 02/06/2026**

**No. IP/DMN/2/5/2026-27/227, Dated: 08/06/2026**

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

# વલસાડ જિલ્લામાં ૧૮૩૫ ટીમ દ્વારા આજથી ૧૪ દિવસ સુધી "રક્તપિત્ત દર્દી શોધ અભિયાન"નો પ્રારંભ





**આશા બહેનો અને ફિલ્ડ વોલન્ટિયર્સ ઘર-ઘર જઈ તપાસ કરી શંકાસ્પદ દર્દીઓની શોધ કરી રહ્યા છે**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૦૮**

ગુજરાતના નિયત કરેલા કુલ ૧૨ જિલ્લા અને બે કોર્પોરેશનના તમામ તાલુકાઓમાં તા.૦૮/૦૬/૨૬ થી રક્તપિત દર્દી શોધ અભિયાનનો પ્રારંભ કરાયો છે, જે તા.૩૦/૦૬/૨૦૨૬ સુધી ચાલશે. આ દિવસો દરમ્યાન રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત રક્તપિત્ત દર્દી શોધ અભિયાન (LCDC) હાથ થનાર છે તેમાં વલસાડ જિલ્લાનો પણ સમાવેશ કરાયો છે.

૧૪ દિવસનાં આ અભિયાન દરમ્યાન આશાની ટીમ ઘર-ઘર જઈને ઘરના દરેક સભ્યોની રક્તપિત્ત રોગ માટે તપાસ કરશે. સૌના સહકારથી જ સૌ રક્તપિત્ત રોગને ચોક્કસપણે શીતળા અને પોલીયો રોગની જેમ નાબૂદ કરી શકાશે. આરોગ્ય કર્મચારીને સહકાર આપી આ અભિયાનની સફળતાના ભાગીદાર બનશો. ગત વર્ષે ૨૦૨૫-૨૬ LCDC દરમ્યાન કુલ ૨૦૦ નવા દર્દી શોધવામાં સફળતા મળી હતી. હાલ વલસાડ જિલ્લામાં રક્તપિત્ત રોગનું પ્રમાણદર દર ૧૦ હજાર વસ્તી દીઠ ૧.૦૧ નોંધાયેલું છે. વધુ માહિતી માટે જિલ્લા રક્તપિત્ત કચેરી, સિવિલ હોસ્પિટલ કેમ્પસ. વલસાડનો ફોન નં.-૦૨૬૩૨-૨૪૩૭૧૦ પર સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

રક્તપિત્ત રોગના ચિન્હો અને લક્ષણો જોઈએ તો, (૧) શરીર પર આછા, ઝાંખા, રતાશ પડતા બહેરાશવાળા ડાઘા અને (૨) જ્ઞાનતંતુઓ જાડા થાય તેમજ તેમાં દુ:ખાવો પણ થઈ શકે. રક્તપિત્ત જીવાણુઓથી થતો રોગ છે અને આધુનિક સારવાર એમ.ડી.ટી.થી સંપૂર્ણ મટી શકે છે. વહેલું નિદાન, નિયમિત, સમયસરની પુરતા સમયની સારવારથી રક્તપિત્ત સંપૂર્ણ મટી શકે છે. અને વિકૃતિ અટકાવી શકાય છે. ઉપરોક્ત ચિન્હો-લક્ષણો જણાય તો આપના ઘરે આવનાર આરોગ્ય કર્મચારી (સ્ત્રી-પુરૂષ) પાસે અવશ્ય ચામડીની તપાસ કરાવો. રક્તપિત્તનું નિદાન તથા સારવાર દરેક સરકારી દવાખાના/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો/સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે દરરોજ વિના મૂલ્યે કરવામાં આવે છે.

### કપરાડા કુંભઘાટ ઉપર વધુ એક વિચિત્ર અકસ્માત સર્જાયો

# ટેમ્પો, ટ્રક અને કારે બાઈકને ટક્કર મારતા ત્રણને ફેક્ચર




**કપરાડા સાવર ફળીયામાં રહેતા લાહનુભાઈના પરિવારને અકસ્માત નડ્યો**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૮**

કુંભઘાટ વર્ષોથી અકસ્માત ઝોન બનતો રહ્યો છે. છાશવારે જીવલેણ અકસ્માતો નિરંતર થતા રહ્યા છે તેવો વધુ એક અકસ્માત સર્જાયો છે. કુંભઘાટ ઉતરતા ટ્રક, આઈશર ટેમ્પો અને કારે બાઈકને ટક્કર મારી દેતા એક જ પરિવારના ત્રણ સભ્યોને ફેક્ચર થતા તાત્કાલિક સારવાર માટે ખસેડ્યા હતા.

કપરાડા કુંભઘાટ ઉપર સર્જાયેલ અકસ્માત કાળજી કંપાવી દે તેવો હતો. કપરાડાના સાવર ફળીયામાં રહેતા લાહનુભાઈ લીટીયાભાઈ અને તેમના બનેવી બાબુભાઈ અને મુકેશભાઈ ગાયકવાડની સ્પ્લેન્ડર મોટર સાયકલ નં.જીજે ૧૫ કેકે ૯૮૩૦ ઉપર બેસી માંડવા તરફ જવા નિકળ્યા હતા તે દરમિયાન આઈશર અને કાર ચાલકોએ કાબુ ગુમાવતા બે બાઈક ઉપર સવાર પરિવારના ત્રણેય સભ્યોની બાઈકને ટક્કર મારી દેતા અકસ્માત સર્જાયો હતો. ઘાયલો ચીસાચીસ કરતા હતા. રાત્રિના સાડા આઠ વાગ્યાના સુમારે થયેલ અકસ્માત સમયે અન્ય વાહનો કે લોકોની અવરજવર નહીવત હતી. અંતે કેટલાક વાહન ચાલકોને ઘાયલોને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા હતા.

# વાપી ડુંગરામાં યુવકને સરાજાહેર લાકડીના ફટકા મારી તાલીબાની સજા ફટકારવાનો બનેલો બનાવ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૮**

વાપીના ડુંગરા વિસ્તારમાં ગતરોજ નિંદનીય ચકચારી ઘટના ઘટી હતી. છોકરી છેડતી પ્રકરણના મામલામાં કેટલાક લોકોએ યુવાનને સરાજાહેર લાકડી દંડાથી પીટાઈ કરીને જાહેરમાં માર માર્યો હતો.

બનાવને નજરે જોનાર હેતબાઈ ગયા હતા. કોઈએ વીડિયો બનાવી વાયરલ કરતા મામલો વધુ ઊંચકાયો હતો. પોલીસ અને કાયદાનું જાહેરમાં ઉલ્લંઘન થયેલા બનાવને લોકોએ પણ વખોડી કાઢયો હતો. યુવાને ભૂલ કરી હોય તો પોલીસને સોંપી દેવો જોઈએ તેવું લોકો જણાવી રહ્યા હતા. પરંતુ બેરેહેમીથી માર મારવા વાળા તત્વો સામે પણ કાર્યવાહી થવી જરૂરી જણાઈ રહી છે. છોકરી છેડતીના સામાન્ય બનાવમાંને વરવું સ્વરૂપ આપવું એ જાહેરહિતમાં કાયદો વ્યવસ્થા માટે યોગ્ય નથી.

# એશિયન ગેમ્સ સુવર્ણ પદક વિજેતા રાહુલ જાખંડનો વાપી રાજસ્થાન ભવનમાં ભવ્ય સન્માન કાર્યક્રમ યોજાયો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૮**

એશીયન ગેમસમાં વાપીના પ્રતિભા સંપન્ન ખેલાડી રાહુલ જાખંડે સુવર્ણ પદક વિજેતા થતાં રાજસ્થાન ભવન વાપીમાં ભવ્ય સન્માન કાર્યક્રમ યોજાયો હતો.

રાજસ્થાન ભવનમાં યોજાયેલ કાર્યક્રમમાં રાહુલ જાખંડના પરિવારજનોએ સાફો અને પુષ્પહાર પહેરાવી મંડળના ટ્રસ્ટી પી.ડી.બોહરા, સંદીપ બર્શ અને ફુલચાંદ ચૌધરી સહિત જાટ સમાજના પ્રમુખ શ્રી ઓમ ચૌધરી જેવા મહાનુભાવક ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની અધ્યક્ષતા કરતા ટ્રસ્ટી બી.કે.દાયમાએ જણાવ્યું હતું કે, રાહુલની ઉપલબ્ધીથી પુરા રાજસ્થાન સમાજ ગૌરવવિદ થયો છે. જેણે કર્મભૂમિ ગુજરાત અને દેશનું નામ રોશન કર્યુ છે. તેમણે પુરા રાજસ્થાન સમાજ દ્વારા પૂર્ણ સહાયતાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું.

રાહુલ જેવા યુવા ખેલાડી આવનારા સમયમાં કોમન વેલ્થ અને ઓલમ્પિકમાં દેશનું નામ રોશન કરશે. રાજસ્થાન સીકર જિલ્લાના પિતા ધર્મપાલ ૨૦ વર્ષથી વાપીમાં સ્થાયી છે. ટાઈલ્સ ફીટીંગનું કામકાજ કરે છે વાપી વિદ્યાધામ સ્કૂલનો વિદ્યાર્થી રાહુલે સફળતાનો શ્રેય ગુજરાત સરકાર દ્વારા ચલાવતા મહાકુંભને આપ્યો હતો. જેમાં ભાગ લઈ સફળતા મેળવી છે. અધિકારીઓએ સ્પોર્ટ એકેદમી બનાસકાંઠામાં મોકલી આપેલ કોચીંગ પછી નડીયાદ કેન્દ્રમાં ટ્રેનિંગ પુરી કરી હતી. હોંગકોંગમાં સંપન્ન એશીયન ગેમ્સ રાહુલે અંડર-૨૦ એથલેટિક્સ ચેમ્પિયન શીપ ૨૦૨૬માં ૭૧૮૫ અંક મેળવીને રેકર્ડ બનાવ્યો હતો.

### નવું શૈક્ષણિક સત્ર શરૂ, પણ પાઠ્યપુસ્તકો ગાયબ!

# ચીખલી સહિત નવસારી જિલ્લામાં ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ જૂના પુસ્તકોના સહારે અભ્યાસ કરવા મજબૂર




-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી(વંકાલ), તા.૦૮**

રાજ્યભરમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ગયો હોવા છતાં નવસારી જિલ્લામાં ધોરણ ૯થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓને હજુ સુધી નવા પાઠ્યપુસ્તકો મળ્યા નથી. શાળાઓ શરૂ થઈ ગઈ છે, વર્ગખંડોમાં નિયમિત શિક્ષણકાર્ય પણ ચાલી રહ્યું છે, પરંતુ જરૂરી પુસ્તકોના અભાવે વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંને મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.

મળતી માહિતી મુજબ ચીખલી સહિત જિલ્લામાં અનેક સરકારી તેમજ અનુદાનિત શાળાઓમાં નવા અભ્યાસક્રમ મુજબના પુસ્તકોનો જથ્થો હજુ પહોંચ્યો નથી. પરિણામે શિક્ષકોને જૂના પુસ્તકો, ફોટોકોપી અને અન્ય વૈકલ્પિક સામગ્રીના આધારે વિદ્યાર્થીઓને ભણાવવાની ફરજ પડી રહી છે. નવા સત્રના પ્રારંભથી જ શિક્ષણની ગુણવત્તા પર પ્રશ્નો ઊભા થયા છે.

**સત્ર શરૂઃ પુસ્તકો હજુ રસ્તામાં??**

નવા શૈક્ષણિક સત્રની શરૂઆત સાથે વિદ્યાર્થીઓને પ્રથમ દિવસે જ પાઠ્યપુસ્તકો મળવા જોઈએ. પરંતુ ચીખલી સહિત નવસારી જિલ્લામાં ધોરણ ૯થી ૧૨ના હજારો વિદ્યાર્થીઓ હજુ પુસ્તકોની રાહ જોઈ રહ્યા છે. શાળાઓમાં નિયમિત શિક્ષણકાર્ય શરૂ થઈ ગયું છે. છતાં વિદ્યાર્થીઓને જુના પુસ્તકો, નોટ્સ અને ફોટો કોપીના આધારે અભ્યાસ કરવો પડી રહ્યો છે શિક્ષણ વિભાગના આયોજન સામે આ સ્થિતિ ગંભીર પ્રશ્નો ઊભા કરી રહી છે

**ડિજિટલ યુગની વાતો, મૂળભૂત પુસ્તકો પણ નહીં!**

સરકાર એક તરફ સ્માર્ટ ક્લાસરૂમ ડિજિટલ શિક્ષણ અને નવી શિક્ષણ નીતિની વાતો કરે છે, જ્યારે બીજી તરફ નવા સત્રના આરંભે વિદ્યાર્થીઓને જરૂરી પાઠ્યપુસ્તકો પણ સમયસર ઉપલબ્ધ કરાવી શકતી નથી. ખાસ કરીને ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે દરેક દિવસ મહત્વનો હોવા છતાં પુસ્તકોના અભાવે અભ્યાસ પ્રભાવિત થઈ રહ્યો છે. શિક્ષણ વ્યવસ્થાના આ વિરોધાભાસે વાલીઓ અને શિક્ષણ જગતમાં અસંતોષ ફેલાવ્યો છે.

**જિલ્લાના આચાર્યોની/શિક્ષકોની કર્મયોગી ભૂમિકા**

વર્તમાન પરિસ્થિતિમાં ધોરણ ૯થી ૧૨ સરકારી અને ગ્રાન્ટેડ શાળાના પુસ્તકો ઉપલબ્ધ નથી. ત્યારે શાળાના આચાર્યને શિક્ષકો દ્વારા સ્માર્ટ બોર્ડ તેમજ રિયુઝ બુકની મદદથી શૈક્ષણિક કાર્ય પાટા પર ચડે તે માટે તનતોડ પ્રયત્ન કરી રહ્યા છે.

વાલીઓમાં પણ આ મુદ્દે નારાજગી જોવા મળી રહી છે. તેમના મતે દર વર્ષે શાળાઓ સમયસર શરૂ થાય છે, પરંતુ પાઠ્યપુસ્તકોની ઉપલબ્ધિ અંગે આયોજનમાં ખામી જોવા મળે છે. વિદ્યાર્થીઓને અભ્યાસના પ્રારંભિક દિવસોમાં જ જરૂરી શૈક્ષણિક સાધનો ન મળતા તેમના અભ્યાસ પર સીધી અસર પડી રહી છે.

ખાસ કરીને બોર્ડની પરીક્ષા તરફ આગળ વધતા ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે આ સ્થિતિ વધુ ચિંતાજનક બની છે. અભ્યાસક્રમનું આયોજન, સ્વઅભ્યાસ અને પરીક્ષાની તૈયારી માટે પુસ્તકો અનિવાર્ય હોવા છતાં હજુ સુધી પૂરતો જથ્થો ઉપલબ્ધ ન થવાથી વિદ્યાર્થીઓમાં અનિશ્ચિતતા જોવા મળી રહી છે.

શિક્ષણ વિભાગ દ્વારા પુસ્તકો ટૂંક સમયમાં ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપવામાં આવી રહી છે, પરંતુ સત્ર શરૂ થયાના દિવસો વીતી ગયા છતાં પુસ્તકો ન પહોંચતાં તંત્રની તૈયારી અને આયોજન સામે સવાલો ઊભા થયા છે. શિક્ષણના પાયાને મજબૂત બનાવવાની વાતો વચ્ચે વિદ્યાર્થીઓને મૂળભૂત પાઠ્યપુસ્તકો માટે રાહ જોવી પડે તે સ્થિતિ સમગ્ર વ્યવસ્થાની ગંભીર ખામી ઉજાગર કરે છે.

# ઉમરગામ તાલુકામાં અબજોનું ટર્નઓવર છતાં સુવિધા શૂન્ય

**ઔદ્યોગિક પ્રગતિની ચમક પાછળ છૂપાયેલું શ્રમિકોનું શોષણ અને પર્યાવરણનું નિકંદન એજ સત્ય છે પરંતુ પરવા કોઈને નથી**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સરીગામ, તા.૦૮**

દક્ષિણ ગુજરાતના અગ્રણી ઔદ્યોગિક હબ તરીકે ઉભરી આવેલું ઉમરગામ આજે આર્થિક દૃષ્ટિએ નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. અહીં કાર્યરત અનેક નામાંકિત કંપનીઓનું વાર્ષિક ટર્નઓવર રૂા.૧૦૦ કરોડથી લઈને રૂા.૧,૦૦૦ કરોડથી પણ વધુ નોંધાઈ રહ્યું છે. જોકે, આ ભવ્ય આર્થિક વિકાસની સિક્કાની બીજી બાજુ અત્યંત ચિંતાજનક છે. ઉદ્યોગોના નફામાં થઈ રહેલા કરોડોના વધારા સામે અહીં પરસેવો પાડતા શ્રમિકો અને વર્ષોથી રહેતા સ્થાનિક રહેવાસીઓ આજે પણ ગટર, રસ્તા અને શુદ્ધ પીવાના પાણી જેવી પાયાની સુવિધાઓ માટે વલખાં મારી રહ્યા છે.

ઔદ્યોગિક વસાહતોમાં રાત-દિવસ કામ કરતા હજારો શ્રમિકો માટે હજુ સુધી કોઈ સસ્તી સ્થાનિક બસ સેવા ઉપલબ્ધ કરાવાઈ નથી. આ સિવાય મોટાભાગના વિસ્તારોમાં સસ્તી કેન્ટીન, જાહેર શૌચાલય અને શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થાનો મોટો અભાવ જોવા મળે છે. એટલું જ નહીં, શ્રમિકો અને ફેક્ટરી માલિકો વચ્ચે થતાં વિવાદો કે ફરિયાદોના નિકાલ માટેની કાનૂની અને વહીવટી પ્રક્રિયા પણ એટલી ધીમી છે કે ગરીબ કામદારોને ન્યાય મેળવવા માટે વર્ષો સુધી ધક્કા ખાવા પડે છે.

ઉદ્યોગોના વ્યાપની સાથે રોજગારીની શોધમાં બહારથી આવતા લોકોના કારણે ઉમરગામની વસ્તીમાં અભૂતપૂર્વ વધારો થયો છે. આ વસ્તી વિસ્ફોટ સામે સ્થાનિક પંચાયત અને વહીવટી તંત્રની જાહેર સેવાઓ સાવ વામણી સાબિત થઈ રહી છે. ગીચતા વધવાને લીધે ડ્રેનેજ લાઈનો, કચરાના નિકાલની વ્યવસ્થા અને સ્થાનિક આંતરિક રસ્તાઓ બિસ્માર બન્યા છે. સ્થાનિક નાગરિકો માટે સ્વચ્છ પીવાના પાણીની તંગી હવે રોજિંદી સમસ્યા બની ગઈ છે. અહીં એક સવાલ પણ સામે આવી રહ્યો છે કે જે શ્રમિકોના દમ પર ઉદ્યોગો અબજો રૂપિયાનું ટર્નઓવર મેળવે છે, શું તેમને ગરિમાપૂર્ણ જીવન અને શુદ્ધ પાણી-હવા આપવાની જવાબદારી નિભાવતા નથી.

ઔદ્યોગિક પ્લાન્ટ્સના વિસ્તરણ અને જમીન વિકાસના નામે ઉમરગામ પંથકમાંથી લાખો લીલાછમ વૃક્ષોનું નિકંદન કાઢી નાખવામાં આવ્યું છે, જેના કારણે ગ્રીન કવર સાવ નહિવત થઈ ગયું છે. બીજી તરફ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ની નબળી કામગીરીને કારણે ફેક્ટરીઓ દ્વારા ફેલાવવામાં આવતું હવા અને પાણીનું પ્રદૂષણ ચિંતાજનક સપાટી વટાવી ચૂક્યું છે. પ્રદૂષિત વાતાવરણને કારણે સ્થાનિક રહેવાસીઓમાં શ્વાસની તકલીફ, ચામડીના રોગો અને ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓનું પ્રમાણ સતત વધી રહ્યું છે.

સ્થાનિક લોકોના આક્ષેપ મુજબ, સત્તાધીશોની ઔદ્યોગિક એકમો સાથેની સાંઠગાંઠ અને વ્યાપક ભ્રષ્ટાચારને કારણે કોઈ કડક પગલાં લેવામાં આવતા નથી. પ્રદૂષણ ફેલાવતા કે નિયમોનું ઉલ્લંઘન કરતા એકમો સામે માત્ર કાગળ પરની કાર્યવાહી થાય છે. વહીવટી તંત્રની આ નિષ્ક્રિયતાના કારણે લોકોમાં ભારે અસંતોષ વ્યાપી ગયો છે.

ઉમરગામના જાગૃત નાગરિકો અને સંગઠનોની માંગ છે કે, જો આ પરિસ્થિતિને વહેલી તકે નહીં સુધારવામાં આવે તો સામાજિક કટોકટી ઊભી થશે. જેથી સર્વાંગી વિકાસ માટે ન તમામ મોટી કંપનીઓ પોતાના સીએસઆર (Corporate Social Responsibility) ફંડનો ઉપયોગ સ્થાનિક શાળાઓ, પીવાના પાણીના પ્રોજેક્ટ અને હોસ્પિટલો પાછળ કરવા જોઈએ. વધુમાં પર્યાવરણને નુકસાન કરતા એકમો સામે કડક કાનૂની કાર્યવાહી કરવી જોઈએ. વિશ્લેષકોનું ચોક્કસપણે માનવું છે કે વિકાસ ત્યારે જ સાચા અર્થમાં સાર્થક ગણાશે જ્યારે ફેક્ટરીના પ્રગતિ આલેખની સાથે-સાથે તેના પાયામાં રહેલા શ્રમિકો અને સ્થાનિક પ્રજાના જીવનધોરણમાં પણ સમાન સુધારો આવશે.

# વાપી સોનારસ બિલ્ડીંગ સામે પાઈપ નાખવા ખોદેલ ખાડો બે મહિનાથી માથાનો દુ:ખાવો બન્યો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૮**

વાપી મનપા દ્વારા ઠેર ઠેર વિકાસ કામો ચાલી રહ્યા છે તે પૈકીમાં સોનારસ બિલ્ડીંગ અને સરકીટ હાઉસ સામે પાઈપ નાખવાનું કામ છેલ્લા બે મહિનાથી ચાલી રહ્યું છે. તોતિંગ ખાડા ખોદીને કાચબા ગતિએ ચાલતુ આ કામ અવરજવર કરતા વાહન ચાલકો માટે માથાનો દુખાવો બની ગયેલ છે.

છેલ્લા બે મહિનાથી અવરજવર અને ટ્રાફિક પ્રભાવિત વિસ્તાર વચ્ચોવચ પાઈપ નાખવાની કામગીરી માટે તોતિંગ ખાડા ખોદાયા છે. પણ કામગીરી આગળ ધપતી જ નથી. અણઘડ કોન્ટ્રાક્ટર દ્વારા ચાલી રહેલી કામગીરીની સ્થળ ઉપર મનપાના જવાબદાર અધિકારી પણ દેખાતા નથી. બે મહિનાથી રામ ભરોસે ચાલી રહેલી પાઈપ નાખવાની કામગીરી તરફ દુર્લક્ષ સેવાઈ રહ્યું છે. સામાન્ય માનવીને પડી રહેલી તકલીફો નજરઅંદાજ થઈ રહી છે. હવે તો લોકો કંટાળી ગયા છે કે આ કામગીરી ક્યારે પુરી થશે?

# ભિલાડમાં નિરંકારી ભક્તો દ્વારા યોજાયેલ રક્તદાન કેમ્પમાં ૧૬૬ યુનિટ રક્ત એકત્ર થયું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૮**

નિરંકારી સતગુરુ માતા સુદીક્ષાજી મહારાજના દિવ્ય ઉપદેશોથી પ્રેરિત થઈને ભિલાડમાં ૧૬૬ નિરંકારી ભક્તોએ રક્તદાન કર્યુ હતું. નિરંકારી મિશનની સામાજિક શાખા સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશનના નેજા હેઠળ ૭ જૂન, રવિવારના રોજ ભિલાડ સ્થિત સંત નિરંકારી સત્સંગ ભવન પર આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ અને હોસ્પિટલ તથા વલસાડ રક્તદાન કેન્દ્ર દ્વારા ૧૬૬ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, સંત નિરંકારી મિશન દ્વારા સુરત ઝોનમાં સતત રક્તદાન શિબિરોનું આયોજન કરીને શહેરમાં રક્તની અછતને દૂર કરવા સાર્થક પ્રયાસો કરી રહ્યું છે. આ રક્તદાન શિબિરનું ઉદ્ઘાટન દક્ષિણ ગુજરાતના પ્રભારી શ્રી ઓમકાર સિંહની દ્વારા કરવામાં આવ્યું હતું. તેમને કહ્યું કે રક્તદાન એક મહત્વપૂર્ણ અને જીવનદાયી કાર્ય છે. જે ઘણા લોકોનાં જીવ બચાવવામાં મદદ કરે છે. સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશન આવા શિબિરોનાં માધ્યમથી સમાજમાં સકારાત્મક પ્રભાવ પાડે છે અને લોકોને રક્તદાન જેવા મહત્વપૂર્ણ કાર્યમાં ભાગ લેવા માટે પ્રેરિત કરે છે.

આ અવસરે વાપી સેક્ટર સંયોજક, ઉમરગાંવ સેક્ટર સંયોજક, સોશિયલ વેલ્ફેર કોઓર્ડિનેટર તથા અન્ય બ્રાંચોના મુખી પણ ઉપસ્થિત રહ્યા હતા. સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશનના સ્વયંસેવકો અને સેવાદળના ભાઈ-બહેનો અને સેવાદળ અધિકારીઓના સહયોગથી આ રક્તદાન શિબિરનું સફળ આયોજન સંપન્ન થયું હતું.